દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 189 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ શ્રાવણ વદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 August 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
સોમવાર, ૧૧ ઓગસ્ટ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારત સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્રઃ મોદીએ ટ્રમ્પને સંભળાવ્યું

## ‘રિફૉર્મ, પરફૉર્મ અને ટ્રાન્સફૉર્મ’ દ્વારા નંબર થ્રી ઈકૉનૉમી બનવા ભણી ભારત આગળ વધી રહ્યું છે એમ પણ કહ્યું

બેંગલૂરુઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે દાવો કર્યો હતો કે ભારતનું અર્થતંત્ર વિશ્વમાં ત્રીજા સ્થાને આવવા ઝડપથી આગળ વધી રહ્યું છે અને ‘રિફૉર્મ, પરફૉર્મ અને ટ્રાન્સફૉર્મ’ દ્વારા આ ગતિશીલતા પ્રાપ્ત કરાઇ છે.

મોદીએ જણાવ્યું હતું કે ભારતનું અર્થતંત્ર ૧૧ વર્ષ પહેલાં ૧૦મા સ્થાને હતું, પરંતુ હવે તે ટોચના પાંચમા સ્થાન ધરાવે છે. દેશનું અર્થતંત્ર હવે ત્રીજા ક્રમે પહોંચવા માટે ઝડપથી આગળ વધી રહ્યું છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે થોડા દિવસ પહેલાં ભારતના અર્થતંત્રને ‘ખાડે ગયેલું’ ગણાવ્યું હતું અને તેના સંદર્ભમાં વડા પ્રધાનનું આ નિવેદન મહત્ત્વનું છે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે દેશમાં ૨૦૧૪ સુધીમાં મેટ્રો રેલ સેવા માત્ર પાંચ શહેરમાં હતી, પરંતુ આજે મેટ્રો નેટવર્ક ૨૪ શહેરમાં ૧,૦૦૦ કિલોમીટરમાં પથરાયેલું છે. તેને લીધે ભારતનું મેટ્રો નેટવર્ક વિશ્વમાં ત્રીજા ક્રમે પહોંચી ગયું છે.

વડા પ્રધાને રેખાંકિત કર્યું હતું કે બેંગ્લૂરુની તુલના વિશ્વનાં મોટાં શહેરો સાથે થાય છે. ભારતે વૈશ્વિક સ્તરે હરીફાઈ કરવાની છે એટલું જ નહીં, પરંતુ આગેવાની લેવાની છે. મોદીએ કહ્યું હતું કે આપણાં શહેરો સ્માર્ટ, ઝડપી અને કાર્યક્ષમ બનશે તો જ આપણે પ્રગતિ કરીશું. આ સંદર્ભમાં મારી સરકારનો ભાર આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરા કરવાનો છે. (એજન્સી)■

## મેક ઈન ઈન્ડિયા ઑપરેશન સિંદૂરની સફળતાનું કારણ

બેંગ્લૂરુઃ થોડા કલાકોમાં પાકિસ્તાનને ઘૂંટણિયે લાવનાર ઑપરેશન સિંદૂરની સફળતા પાછળ ભારતીય તંજ્ઞત્રાન અને મેક ઈન ઈન્ડિયાની પહેલ કારણભૂત છે, એમ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું.

મોદીએ કહ્યું હતું કે ભારતે ઑપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનની અંદર રહેલા આતંકવાદી અડ્ડાનો નાશ કરવાની ક્ષમતા દાખવતાં ભારતનો પહેલી વાર નવો ચહેરો જોવા મળ્યો હતો. મોદીએ મેટ્રોના ત્રીજા તબક્કાના શિલાન્યાસ સમારોહમાં બોલતા કહ્યું હતું કે ભારતે પાકિસ્તાનની અંદર રહેલા આતંકવાદી અડ્ડાનો નાશ કરવાની અને કલાકોની અંદર પાકિસ્તાનને ઘૂંટણિયે લાવવાની ક્ષમતા દાખવીને ઑપરેશન સિંદૂર દરમિયાન ભારતનો પહેલી વાર નવો ચહેરો જોવા મળ્યો હતો. ઑપરેશન સિંદૂરની સફળતા પાછળ મેક ઈન ઈન્ડિયામાં કરાયેલી પહેલ કારણભૂત છે,

મોદીએ વધુમાં કહ્યું હતું કે ઑપરેશન સિંદૂરમાં બેંગ્લૂરુ અને તેના યુવાનોએ મોટી ભૂમિકા ભજવી હતી. બેંગ્લૂરુ તેમના સંસ્થાપક કેમ્પે ગૌડાના વારસામાં જીવ્યું છે અને તેમના વારસાને જાળવી રાખશે, એમ પણ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

## ‘જગતના જમાદાર’ને ભારતનો વિકાસ નથી ગમતોઃ રાજનાથ સિંહ

### ‘ભારતની આગેકૂચ પોતાને ‘દરેકના બૉસ’ સમજનારને ખૂંચે છે’

રાયસેનઃ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે રવિવારે જણાવ્યું હતું કે ભારતનું અર્થતંત્ર વિશ્વનું સૌથી વધુ ‘આકર્ષક (ડૅશિંગ) અને ગતિશીલ (ડાઇનૅમિક)’ છે, પરંતુ તે એવા લોકોને નથી ગમતું કે જેઓ પોતાને ‘દરેકના બૉસ’ સમજે છે.

રાજનાથ સિંહે આ નિવેદન કરીને ભારત પર પચાસ ટકા ટૅરિફ લાદનારા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની આડકતરી રીતે ટીકા કરી હતી.મધ્ય પ્રદેશના રાયસેન જિલ્લામાં ભારત અર્થ મૂવર્સ લિમિટેડના રેલ કૉચ મેન્યુફેક્ચરિંગ યુનિટના ભૂમિપૂજન બાદ સંરક્ષણ પ્રધાને હાજર રહેલા લોકોને સંબોધતા જણાવ્યું હતું કે ભારત હાલમાં બહુ ઝડપથી વિકાસ કરી રહ્યો છે અને વિશ્વની કોઇ પણ તાકાત તેને વૈશ્વિક મહાસત્તા બનતા રોકી નહિ શકે. તેમણે જણાવ્યું હતું કે અમુક લોકોને ભારતનો ઝડપથી થતો વિકાસ નથી ગમતો અને તેને ‘પચાવી’ નથી શકતા. આ લોકો પોતાને ‘જગતના જમાદાર’ સમજે છે અને સવાલ કરે છે કે ભારત આટલી બધી ઝડપે કઇ રીતે આગળ વધી રહ્યો છે? રાજનાથ સિંહે જણાવ્યું હતું કે અમુક લોકો ભારત દ્વારા નિકાસ કરાતી ચીજો વિશ્વના અન્ય દેશોમાં ખરીદવામાં ન આવે તે માટે (તેના પર ઊંચો ટૅરિફ દર લાદીને) તેને મોંઘી બનાવી રહ્યા છે. સંરક્ષણ પ્રધાને જણાવ્યું હતું કે ભારતનું અર્થતંત્ર ૨૦૧૪મા વિશ્વમાં ૧૧મા ક્રમે હતું,

(જુઓ પાનું ૨) ▸▸



**ટ્રાફિક જૅમઃ**
કર્ણાટકના બેંગલૂરુમાં રવિવારે થયેલા ટ્રાફિક જૅમમાં ધીરે ધીરે આગળ વધી રહેલા વાહનો. (પીટીઆઇ)

## કાશ્મીરના કિશ્તવાડમાં સૈન્ય અને આતંકવાદીઓ વચ્ચે જોરદાર અથડામણ

શ્રીનગરઃ સલામતી દળો છેલ્લા ઘણાં દિવસોથી જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ સામે સતત કાર્યવાહી કરી રહી છે. શનિવારે મોડી રાતે કિશ્તવાડ જિલ્લામાં સેના અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ શરૂ થઇ હતી. એક અહેવાલ મુજબ ખીણના દુલ વિસ્તારમાં ગોળીબાર ચાલુ છે. આજે રવિવારે સવારે સેનાની વાઇટ નાઈટ કોર્પ્સે જણાવ્યું કે, સેનાના જવાનો ગુપ્ત માહિતી આધારે ઓપરેશન શરૂ કર્યું હતું આ દરમિયાન છુપાયેલા આતંકવાદીઓ સાથે અથડામણ થઇ હતી. ગોળીબાર ચાલુ છે. નોંધનીય છે કે કુલગામ જિલ્લામાં આતંકવાદીઓની હાજરી અંગે ચોક્કસ ગુપ્ત માહિતી મળ્યા બાદ પહેલી ઓગસ્ટના રોજ સૈન્યે ‘ઓપરેશન અખાલ’ શરૂ કર્યું હતું. ■

## મત ચોરીઃ કૉંગ્રેસે શરૂ કરી છે ઝુંબેશ

નવી દિલ્હીઃ રાહુલ ગાંધીના ચૂંટણીમાં હેરાફેરીના દાવાઓ પર વધી રહેલા વિવાદ વચ્ચે કૉંગ્રેસે એક વેબ પેજ શરૂ કર્યું છે જ્યાં લોકો કથિત મત ચોરી સાથે ચૂંટણી પંચ પાસેથી જવાબદારીની માગણી કરવા અને ડિજિટલ મતદાર યાદી માટે ભૂતપૂર્વ પાર્ટી અધ્યક્ષની માગને સમર્થન આપવા માટે પોતાની નોંધણી કરાવી શકે છે.

કોઇ પણ વ્યક્તિ પોર્ટલ લિંક પર ક્લિક કરીને ‘મત ચોરીનો પુરાવો, ચૂંટણી પંચની જવાબદારીની માગ અને મત ચોરીનો રિપોર્ટ’ ડાઉનલોડ કરી શકે છે. પોર્ટલ પર ગાંધીનો એક વીડિયો પણ છે જેમાં તેમણે ભાજપ અને ચૂંટણી પંચની મિલીભગતથી ચૂંટણીમાં ’મોટા પાયે ગુનાઈત છેતરપિંડી’ના વિસ્ફોટક દાવાઓનું પુનરાવર્તન કર્યું છે. તેમણે કર્ણાટકના એક મતવિસ્તારમાં થયેલા વિશ્લેષણનો ઉલ્લેખ કરતાં કહ્યું કે તે ‘બંધારણ વિરુદ્ધ ગુનો’ છે. આ પોર્ટલ પર એક સંદેશ પણ છે જેમાં કહેવામાં આવ્યું છે કે મત આપણા લોકતંત્રનો પાયો છે, પરંતુ તેના પર ભાજપ દ્વારા યોજનાપૂર્વક હુમલો કરવામાં આવી રહ્યો છે. જેમાં ચૂંટણી પંચ પણ સામેલ છે. જ્યારે કોઇ વ્યક્તિ પોર્ટલ પર નોંધણી કરાવે છે ત્યારે તેના નામે એક પ્રમાણપત્ર જારી કરવામાં આવે છે. જેમાં લખેલું હોય છે કે તે ‘’મત ચોરી’ના વિરોધમાં છે. પ્રમાણપત્રમાં લખ્યું છે કે હું ચૂંટણી પંચને ડિજિટલ મતદાર યાદીની રાહુલ ગાંધીની માગને સમર્થન આપું છું.■



**જળસ્તરમાં વધારોઃ**
પટણાના કાલી ઘાટ ખાતે ગંગા નદીનું વધેલું જળસ્તર. અહીં ભારે વરસાદને લીધે અનેક નદીમાં જળસ્તર જોખમી સ્તરે પહોંચ્યું હતું. (પીટીઆઇ)

## વંદે ભારતઃ ૨૦૦ ટ્રેનનો લક્ષ્યાંક, સંખ્યા ૧૫૦ને પાર

નવી દિલ્હીઃ ભારતીય રેલવેના નેટવર્કમાં નિરંતર વધારો થઈ રહ્યો છે, જ્યારે તેમાં આધુનિકતા અને ઝડપનો પણ ઉમેરો કરવામાં આવી રહ્યો છે. આ દિશામાં ભારતીય રેલવેએ આધુનિક વંદે ભારત ટ્રેનનો ઉમેરો કર્યો હતો, જેની સંખ્યા વધીને હવે ૧૫૦ થઈ છે. આ બાબત અંગે રાજ્યસભામાં રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું હતું કે સરકારનો લક્ષ્યાંક સંપૂર્ણ રીતે આધુનિક બનાવવા અને પ્રવાસીઓને ઉચ્ચ સ્તરીય પ્રવાસની સુવિધા પૂરી પાડવાનો છે, જેમાં ખાસ કરીને મેક ઈન્ડિયાનો પ્રયોગ પણ સફળ રહ્યો છે.

આ અગાઉ દેશમાં છઠ્ઠી ઓગસ્ટ સુધીમાં ૧૪૪ વંદે ભારત ટ્રેન દોડાવવામાં આવતી હતી, પરંતુ દસમી ઓગસ્ટ એટલે આજથી નવી ત્રણ જોડી (છ નવી ટ્રેન) મળીને કુલ વંદે ભારતની સંખ્યા ૧૫૦ થઈ છે. વંદે ભારત ટ્રેનની ખાસિયતમાં ખાસ કરીને સેમી હાઈ સ્પીડ ટ્રેન છે, જે ભારતીય રેલવેએ ડિઝાઈન તૈયાર કરી છે. મેક ઈન ઈન્ડિયાની સફળતા સાથે ભારતીય રેલવેની આધુનિકતાને લઈ સ્પીડની દૃષ્ટિએ પણ એવિયેશન ઈન્ડસ્ટ્રીને ટક્કર આપવા માટે સજ્જ બની રહ્યું હોવાનું રેલવેના અધિકારીએ જણાવ્યું હતું.

આ ટ્રેન ખાસ કરીને પ્રવાસીઓને આરામદાયક મુસાફરી અને સુરક્ષાની દૃષ્ટિએ તૈયાર કરવામાં આવી છે. આ ટ્રેનમાં એક્સલરેશન ક્ષમતા હોય કે કવચ સિસ્ટમ જેવી આધુનિક ટેક્નિકથી સજ્જ છે. ટ્રેન કવચ સિસ્ટમથી સજ્જ છે, જેમાં ઓટોમેટિક ડોર અને રિક્લાઈનિંગ સીટની વ્યવસ્થા છે. ઉપરાંત, ટ્રેનમાં મિનિ પેન્ટ્રી, બોટલ કૂલર, ડીપ ફ્રીજર અને ગરમ પાણીની પણ સુવિધા મળી રહે છે. એક્ઝક્યુટિવ ક્લાસમાં રોલિંગ સીટ, મોબાઈલ ચાર્જિંગ સોકેટ તથા દિવ્યાંગ પ્રવાસીઓ માટે સ્પેશિયલ શૌચાલય તથા સમગ્ર ટ્રેન સીસીટીવી કેમેરાથી સજ્જ હોય છે.

વંદે ભારત ટ્રેનની વધતી લોકપ્રિયતાની વાત કરીએ તો ૨૦૨૪-૨૫માં ટ્રેનમાં ત્રણ કરોડ પ્રવાસીએ મુસાફરી કરી હતી, જેમાંથી એપ્રિલથી જૂન ૨૦૨૫ વચ્ચે ૯૩ લાખ પ્રવાસીએ ટ્રેનમાં મુસાફરી કરી. અત્યાર સુધીમાં સાડા છ કરોડથી વધુ લોકોએ મુસાફરી કરી છે. વંદે ભારત ટ્રેનને લોન્ચ કરવામાં આવ્યા પછી તેમાં ક્રાંતિકારી નિર્ણયો લેવામાં આવ્યા છે.

આજે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બેંગલુરુથી કર્ણાટકના બેલગાવી વચ્ચે નવી વંદે ભારત ટ્રેનનું ઉદ્ઘાટન કર્યું હતું. ટ્રેનમાં મુસાફરી કરવાની સાથે બાળકો સાથે વાતચીત પણ કરી હતી. એના સિવાય વડા પ્રધાને અન્ય બે રુટ્સ અમૃતસરથી માતા વૈષ્ણોદેવી કટરા અને નાગપુરથી પુણેનો સમાવેશ થાય છે. કર્ણાટકમાં વંદે ભારત ટ્રેનની સંખ્યા હવે અગિયાર થશે.

અત્યાર સુધીમાં દેશના ૨૪ રાજ્યમાં વંદે ભારત ટ્રેન દોડાવાય છે, જ્યારે ત્રણ વર્ષમાં ૨૦૦ વંદે ભારત ટ્રેન દોડાવવાની યોજના હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

## ન્યાય સત્તાની ગલી સુધી સીમિત ન રહેવો જોઇએ : મુખ્ય ન્યાયાધીશ

ઇટાનગરઃ ન્યાયતંત્ર, વિધાનસભા અને કારોબારી ફક્ત લોકોની સેવા કરવા અને ઝડપી અને નજીવા ખર્ચે ન્યાય મળે તે સુનિશ્ચિત કરવા માટે છે, એમ ભારતના મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઇએ રવિવારે જણાવ્યું હતું. ગવઇએ ઇટાનગરમાં નવનિર્મિત ગુવાહાટી હાઇકોર્ટના કાયમી બેન્ચ ભવનનું ઉદ્ઘાટન કર્યા બાદ જણાવ્યું કે હું હંમેશાથી વિકેન્દ્રીકરણનો પ્રબળ સમર્થક રહ્યો છું. ન્યાય લોકોના ઘરઆંગણે પહોંચવો જોઇએ. તેમણે કહ્યું કે ન તો અદાલતો, ન ન્યાયતંત્ર, ન તો વિધાનસભા રાજવી પરિવારો, ન્યાયાધીશો કે કારોબારી સભ્યો માટે છે. અમે બધા લોકોને ન્યાય આપવા માટે હાજર છીએ. આ તકે ગવઇએ ન્યાયને વધુ સુલભ બનાવવા માટે કામ કરવા બદલ ગુવાહાટી હાઇકોર્ટના એક પછી એક મુખ્ય ન્યાયાધીશોની પ્રશંસા કરી હતી.

અરુણાચલ પ્રદેશની વિવિધતામાં એકતાની પ્રશંસા કરતા મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે રાજ્યમાં ૨૬ મુખ્ય જનજાતિઓ અને ૧૦૦થી વધુ પેટા-જનજાતિઓ છે. સરકારે દરેક જનજાતિની પરંપરાઓ અને સંસ્કૃતિને ટકાવી રાખવા અને પ્રોત્સાહિત કરવા માટે પ્રયાસો કર્યા છે. તેમણે કહ્યું કે દેશે પ્રગતિ કરવી જોઇએ, પરંતુ આપણી સંસ્કૃતિ અને પરંપરાઓના ભોગે નહીં. બંધારણ હેઠળ તેનું સંરક્ષણ અને સંવર્ધન એ આપણી મૂળભૂત ફરજોમાંની એક છે. ૧૩૫.૩૫ કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત આ અત્યાધુનિક પરિસરનું નિર્માણ જાહેર બાંધકામ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં પાંચ કોર્ટ રૂમ અને આધુનિક સુવિધાઓ છે. વર્ષ ૨૦૧૮માં મુખ્ય પ્રધાન પેમા ખાંડુ દ્વારા શિલાન્યાસ કરવામાં આવ્યા બાદ તેનું બાંધકામ ફેબ્રુઆરી ૨૦૨૧માં શરૂ કરવામાં આવ્યું હતું. ■

## ઉત્તરકાશી સાથે સંપર્ક પુનઃસ્થાપિત કરવા બેલી બ્રિજનું બાંધકામ પૂર્ણતાના આરે

ઉત્તરકાશીઃ ઉત્તરકાશીના પૂરગ્રસ્ત વિસ્તારોમાં ક્નેક્ટિવિટી પુનઃસ્થાપિત કરવા અને અસરગ્રસ્ત લોકોને ખાદ્ય પુરવઠો પહોંચાડવાના હેતુથી ગંગોત્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર એક મહત્ત્વપૂર્ણ બેલી બ્રિજનું બાંધકામ પૂર્ણ થવાના આરે છે. આ બ્રિજનું બાંધકામ રવિવારે તેના અંતિમ તબક્કામાં હતું.

રવિવારની બપોર સુધીમાં તે પૂર્ણ થવાની અધિકારીઓને અપેક્ષા હતી. બેલી બ્રિજ એ એક પ્રકારનો મોડ્યુલર બ્રિજ છે. જે પહેલાથી બનાવેલા ભાગો સાથે ઝડપથી જોડીને બનાવવામાં આવે છે. અધિકારીઓએ મંગળવારના રોજ ખીર ગંગામાં થયેલા વિનાશક ભૂસ્ખલનમાં ફસાયેલા લોકો સુધી રાહત સામગ્રી પહોંચાડવા માટેના પ્રયાસો ઝડપી બનાવ્યા છે.

આ ભૂસ્ખલનમાં ઘરો અને હોટલો નાશ પામ્યા હતા. તેમજ ભારે નુકસાન થયું હતું. જિલ્લા વહીવટીતંત્રે આ આપત્તિમાં ચાર લોકોનાં મોતની, બે મૃતદેહ મળી આવ્યા હોવાની અને આપત્તિ પછીથી ૪૯ લોકો ગુમ થયા હોવાની પુષ્ટિ કરી છે.ફસાયેલા લોકોને બચાવવા અને ગુમ થયેલા લોકોની શોધખોળ માટે બચાવ કામગીરી છઠ્ઠા દિવસે ખરાબ હવામાનને કારણે રવિવારે સવારે ૧૦ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી.

ગૃહ સચિવ શૈલેષ બગૌલીએ અધિકારીઓને ધરાલીમાં દરરોજ ૨૦૦૦ લિટર ડીઝલ પહોંચાડવા અને અસરગ્રસ્ત લોકોને એલપીજી સિલિન્ડર ઉપલબ્ધ કરાવવાનો આદેશ આપ્યો છે. ■

અંક પ્રગટ થઈ ચૂક્યો છે
જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ
પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું
‘મુંબઈ સમાચાર’નું પ્રગતિ-પ્રેરક પંચાંગ
વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર કિંમતઃ ₹ ૧૦૦/-
પ્રારંભ ઈ.સ.૧૮૧૪ વર્ષ ૨૧૨
પંચાંગકર્તાઃ સોનલ શાહ
■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮
■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭

માહિતી માટે સંપર્ક કરો
મુંબઈ સમાચાર ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩
રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.
ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬
ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પુતિન-ટ્રમ્પ વચ્ચે સમાધાનથી ભારતને પણ રાહત થાય

**અંતે** અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનની મુલાકાતનો તખ્તો તૈયાર થઈ ગયો. યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધને ખતમ કરવા માટેની ચર્ચા કરવા ટ્રમ્પ અને પુતિન અમેરિકાના અલાસ્કામાં ૧૫ ઓગસ્ટે મળવાના છે. અલાસ્કાના સૌથી મોટા શહેર અથવા અન્ય કોઈ સ્થળે બંને મળશે. બંનેની મુલાકાત ક્યાં થશે એ જાહેર કરાયું નથી પણ મુલાકાતનો એજન્ડા યુક્રેન યુદ્ધની સમાપ્તિ હશે એ નક્કી છે. આ ચર્ચામાં યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કી હાજર રહેશે કે નહીં એ પણ નક્કી નથી પણ મોટા ભાગે ઝેલેન્સ્કીને પણ નોંતરવામાં આવશે એવું લાગે છે.

ટ્રમ્પ અને પુતિનની સીધી મંત્રણાના કારણે લાંબા સમયથી ચાલી રહેલા યુક્રેન યુદ્ધની સમાપ્તિનો આશાવાદ તો ઉભો થયો જ છે પણ રશિયા અને અમેરિકા વચ્ચે સમાધાન થાય તો દુનિયામાં પણ શાંતિ થાય. ટ્રમ્પ રશિયા સાથેના સંબંધોના બહાને દુનિયાની મેથી મારતા બંધ થાય એ મોટો ફાયદો હશે. રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધે દુનિયાનાં સમીકરણ બગાડી નાખ્યાં છે. આ સમીકરણો પણ સરખાં થવા માંડશે ને દુનિયામાં સ્થિરતા આવશે.

મીડિયાના એક વર્ગે એવું ટાઢા પહોરનું ગપ્પું ચલાવ્યું છે કે, ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (આઈસીસી)ના કારણે પુતિને અલાસ્કાની પસંદગી કરી છે. આઈસીસીએ યુક્રેન પર આક્રમણ માટે પુતિનને વોર ક્રિમિનલ જાહેર કર્યા છે તેથી પુતિન અમેરિકામાં જાય તો તેમની ધરપકડ થઈ શકે છે. અલાસ્કા રશિયાથી નજીક હોવાથી રશિયન આર્મી ગમે ત્યારે અલાસ્કા પહોંચી જઈ શકે છે અને પુતિનની ધરપકડ ના થવા દે એટલે અલાસ્કાની પસંદગી કરાઈ છે.

અલાસ્કાનો રશિયા સાથેનો સંબંધ બે સદીઓથી વધુ જૂનો છે અને એક સમયે અલાસ્કા રશિયાનો જ ભાગ હતું એ સાચું છે. રશિયન સામ્રાજ્યે ૧૮મી સદીમાં અલાસ્કા કેટલાક ભાગોમાં શોધખોળ શરૂ કરીને વસાહત સ્થાપી હતી અને ફરના બિઝનેસનું સેન્ટર બનાવીને બિઝનેસ સેન્ટર બનાવ્યાં હતાં. જો કે ૩૦ માર્ચ, ૧૮૬૭ના રોજ યુનાઇટેડ સ્ટેટ્સ અને રશિયાએ સંધિ કરીને અલાસ્કા અમેરિકાને આપી દીધું હતું. તેના બદલામાં અમેરિકાએ રશિયાને ૭૨ લાખ ડોલર ચૂકવ્યા હતા.

આ ઐતિહાસિક તથ્ય છે કે જેને કોઈ નકારી ના શકે પણ પુતિન ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસથી ડરીને અલાસ્કામાં મળવા તૈયાર થયા છે એ વાત વાહિયાત છે. તેનું કારણ એ કે, અમેરિકા તો આઈસીજેનું સભ્ય જ નથી તેથી પુતિનની ધરપકડ કરવામાં તેને રસ જ નથી. આઈસીસી રોમ કરાર હેઠળ કામ કરે છે પણ ઘણા દેશો આઈસીસીના સભ્ય નથી તેથી તેની સત્તા બહુ મર્યાદિત છે. ભારત આઈસીસીનું સભ્ય નહીં હોવાથી ભારતમાં આઈસીસીની સત્તા નથી ચાલતી. અમેરિકા, રશિયા અને ચીન જેવા દેશો પણ આઈસીસીના સભ્ય નથી તેથી ત્યાં પણ આઈસીસીની સત્તા ચાલતી નથી. યુકે સહિતના યુરોપના દેશો આઈસીસીના સભ્ય છે તેથી ત્યાં તેની સત્તા ચાલે પણ અમેરિકામાં તેના વોરંટની બજવણી કરવાનો સવાલ જ પેદા થતો નથી.

જો કે આમ પણ આઈસીસી કાગળ પરનો વાઘ છે. નામથી ભલે મોટું ને તાકાતવર સંગઠન લાગે પણ આઈસીસીની કોઈ હૈસિયત જ નથી. દુનિયાના દેશોએ ભેગા મળીને બનાવેલી ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (આઈસીસી)નું હેડક્વાર્ટર કોર્ટને દુનિયાના ૧૨૪ દેશો દ્વારા માન્યતા અપાઈ છે. રોમ સંધિ હેઠળ બધા દેશ તેના આધિપત્યને સ્વીકારે છે. આઈસીસીના સભ્ય દેશ દ્વારા આઈસીસીના વોરંટનો અમલ ના કરાય તો આઈસીસી સાથે સંકળાયેલા દેશો તેના પર આર્થિક પ્રતિબંધો લાદી શકે છે પણ એવા પ્રતિબંધોની કોઈ અસર હવે થતી નથી.

નેધરલેન્ડસના હેગમાં છે અને ત્યાંથી તેનું કામકાજ ચાલે છે પણ કોઈ તેને ગણકારતું નથી. ૧૯૯૮માં બનેલી આઈસીસી માનવતા વિરુદ્ધના અત્યાચારો, જીનોસાઈડ એટલે કે કોઈ સમાજનું નિકંદન કાઢી નાંખવા કરાતા હત્યાકાંડ, યુધ્ધ સમયના અપરાધો, આક્રમણ વગેરે અપરાધો કેસ કરે છે અને ધરપકડ વોરંટ બહાર પાડે છે. કોઈ પણ દેશના વડાઓ કે ઉચ્ચ અધિકારીઓ સામે કેસ ચલાવાતી દુનિયાની એક માત્ર કોર્ટ છે પણ હજુ સુધી કોઈ દેશના વડાને સજા કરી નથી. આ કોર્ટ મોટી કંપનીઓ તથા સંગઠનો સામે પણ કેસ ચલાવી શકે છે પણ કોઈ તેને ગણકારતું નથી. આઈસીસીએ યુક્રેનમાં યુદ્ધ અપરાધો માટે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સામે બે વર્ષ પહેલાં ધરપકડ વોરંટ બહાર પાડેલું પણ પુતિન મજાથી ફરે છે ને અલાસ્કામાં પણ મોજથી આવશે. અમેરિકા પણ પુતિનને વાટાઘાટો માટે બોલાવીને ધરપકડ કરે એટલું મૂરખ નથી. ટ્રમ્પ બેવકૂફ છે પણ પુતિનની ધરપકડનાં શું પરિણામ આવે તેની સમજ ના હોય એટલા બેવકૂફ નથી તેથી આઈસીસીના કારણે અલાસ્કાની પસંદગી થઈ એ વાત બકવાસ છે.

ટ્રમ્પ અને પુતિનની વાટાઘાટો સફળ થાય અને અમેરિકા-રશિયા હાથ મિલાવે એ ભારતના પણ ફાયદામાં છે. ટ્રમ્પે અમેરિકામાં જતા ભારતના માલસામાન પર ૨૫ ટકા ટેરિફ લાદ્યો છે ને ભારત રશિયા સાથે ક્રૂડ ઓઈલ સહિતની ચીજોનો વ્યાપાર કરે છે એ બહાને વધારાનો ૨૫ ટકા ટૅરિફ ઠોકી દીધો છે. તેના કારણે ભારતની નિકાસને મોટો ફટકો પડવાનો જ છે. ૨૫ ટકા ટૅરિફનો અમલ શરૂ થઈ ગયો છે પણ રશિયા સાથે વ્યાપાર બદલ લદાયેલી ૨૫ ટકા પેનલ્ટી ટૅરિફનો અમલ ૨૮ ઓગસ્ટથી શરૂ થવાનો છે. ૧૫ ઓગસ્ટે પુતિન અને ટ્રમ્પની મુલાકાતનું હકારાત્મક પરિણામ આવે તો ટ્રમ્પ આ ૨૫ ટકા વધારાની ટૅરિફનો અમલ ના કરાવે એવું શક્ય છે.

આશા રાખીએ કે એવું જ થાય, ટ્રમ્પના ટૅરિફ વૉરના કારણે ભારતને થનારું નુકસાન બહુ મોટું હશે પણ ૨૫ ટકા ટૅરિફ ઘટે તો પણ થોડી ઘણી રાહત તો થશે જ. ટ્રમ્પ રશિયા સાથે વ્યાપાર બદલ ભારત પર સેકન્ડરી સેંકશન્સ એટલે કે આડકતરા પ્રતિબંધો લાદવાની પણ વાતો કરી રહ્યા છે. આડકતરા પ્રતિબંધો લદાય એટલે ભારત અને રશિયાના વ્યાપારમાં મદદ કરતી અમેરિકા કે બીજા દેશોની કંપનીઓ, બૅન્કો વગેરે પણ ઝપટે ચડે. ટ્રમ્પની ધમકીના કારણે તેમનામાં ફફડાટ છે જ પણ સેકન્ડરી સેંક્શન્સ ના લદાય એટલે તેમને પણ રાહત થાય, ભારત સાથે ધંધો કરવામાં કે નાણાકીય વ્યવહારો કરવામાં વાંધો ના આવે.

ટ્રમ્પ ભારત પર લાદેલા ટેરિફના મુદ્દે લાંબું ખેંચી શકવાના નથી એ નક્કી છે પણ રશિયા સાથેના સંબંધો સુધરે તો તેના કારણે પણ ટ્રમ્પ પર દબાણ આવશે. પુતિન પણ ભારત સહિતના રશિયા સાથે વ્યાપાર કરતા દેશોને રાહત મળે એ માટે પ્રયત્ન કરશે તેથી અમેરિકા-રશિયા વચ્ચે સમાધાન થઈ જાય એ જરૂરી છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ,
સોમવાર, તા. ૧૧-૮-૨૦૨૫, શિવપૂજન, શિવમુષ્ટિ મગ,

- ભારતીય દિનાંક ૨૦, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ વદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ વદ-૨
- પારસી શહેનશાહી ગાથા ૨ ઉશ્તવદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૭મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર શતભિષા બપોરે ક. ૧૨-૫૯ સુધી, પછી પૂર્વાભાદ્રપદા
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૪, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
- ભરતીઃ બપોરે ક. ૧૩-૨૧, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૩૨ (તા. ૧૧)
- ઓટઃ સવારે ક. ૦૬-૪૯, રાત્રે ક. ૧૯-૩૨
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭ ● 'વિશ્વાવસુ'નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ – દ્વિતિયા. શિવપૂજન, શિવમુષ્ટિ મગ, પંચક, બુધ માર્ગી બપોરે ક. ૧૩-૦૧. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૧-૩૮. સૂર્ય મહાનક્ષત્ર આશ્લેષા. વાહન ગદર્ભ. ● શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ, શિવપૂજન, મગનો અભિષેક, વરુણ દેવતાનું પૂજન, ચંદ્ર-રાહુ દેવતાનું પૂજન, કદંબનું વૃક્ષ વાવવું. પરદેશગમનનું પસ્તાનું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વિદ્યારંભ, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા-કળશ પતાકા ચઢાવવી, આભૂષણ, વસ્રો, માલ લેવો, દેવદર્શન, અન્નપ્રાશન, નામકરણ, દુકાન-વેપાર, રત્નધારણ, વૃક્ષ વાવવા, વાહન સવારી, ધાન્ય ભરવું. પશુ લે-વેંચ. આચમનઃ ચંદ્ર-શુક્ર ત્રિકોણ કળાપ્રેમી, ચંદ્ર-ગુરુ ત્રિકોણ પ્રામાણિક, ચંદ્ર-રાહુ યુતિ મતલબી
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ત્રિકોણ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-રાહુ યુતિ, બુધ સ્તંભી થઈ માર્ગી થશે.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-કન્યા, માર્ગી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-મિથુન, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# કોઇ પણ ઘડીએ યુદ્ધ : જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી

## 'ઑપરેશન સિંદૂર' શતરંજની રમત જેવું હતું એમ કહી અનેક રહસ્યો ખોલ્યા

ચેન્નઈઃ ભારતીય લશ્કરના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ 'ઑપરેશન સિંદૂર'એ એવી ચેતવણી આપી હતી કે આગામી યુદ્ધ કોઇ પણ ઘડીએ થઇ શકે એમ છે.

પહલગામ આતંકી હુમલા બાદ ભારતીય લશ્કરે પાકિસ્તાનમાં આવેલા આતંકવાદી ઠેકાણાઓ પર 'ઑપરેશન સિંદૂર' હેઠળ કાર્યવાહી કરી હતી. ત્યારબાદ બંને દેશો વચ્ચે યુદ્ધનો માહોલ સર્જાયો હતો. જોકે, ત્રણ દિવસમાં બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ થઈ ગયો હતો. ત્યારબાદ ભારતીય સેના અને રક્ષા મંત્રાલય દ્વારા 'ઑપરેશન સિંદૂર' વિશે અવનવા ખુલાસાઓ કરવામાં આવ્યા હતા. જોકે, હવે 'ઑપરેશન સિંદૂર'ના ચાર મહિના બાદ તાજેતરમાં ભારતીય સેનાના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ 'ઑપરેશન સિંદૂર'ના અનેક રહસ્યો ઉજાગર કર્યા છે.

તાજેતરમાં આઇઆઇટી મદ્રાસ ખાતે ભારતીય સેનાના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ સંબોધન કર્યું હતું. જેમાં તેમણે ઓપરેશન સિંદૂરની કેટલીક અજાણી અને ખાસ બાબતો જણાવી હતી. જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ઑપરેશન સિંદૂરને શતરંજની રમત સાથે સરખાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, બાવીસ એપ્રિલે પહલગામમાં પ્રવાસીઓ પર થયેલા હુમલાએ આખા દેશને હચમચાવી દીધો હતો. આ ઘટના બાદ, રક્ષા પ્રધાન રાજનાથ સિંહ સાથે ૨૩ એપ્રિલે એક બેઠક યોજાઈ હતી.બસ બહુ થયું, તમે નક્કી કરો કે શું કરવું કહીને તેમણે સૈન્યને કાર્યવાહી માટે સંપૂર્ણ છૂટ આપી હતી.

જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ આગળ જણાવ્યું કે, ત્રણેય સેનાના વડાઓ પણ કાર્યવાહી કરવા માટે તૈયાર હતા. રાજકીય નેતૃત્વ તરફથી અમને અભૂતપૂર્વ વિશ્વાસ અને સ્વતંત્રતા મળી હતી. તેથી સૈનિકોનું મનોબળ વધ્યું અને અમે પોતાની સમજ મુજબ કામ કરી શક્યા. ઑપરેશનનું મૂળ નામ પહેલા 'ઑપરેશન સિંધુ' રાખવામાં આવ્યું હતું. પરંતુ ત્યારબાદ તેને બદલીને 'ઑપરેશન સિંદૂર' કરવામાં આવ્યું હતું. કારણ કે આ નામ સમગ્ર દેશને પ્રેરણા આપતું તથા જોડનારું હતું.

'ઑપરેશન સિંદૂર' વિશે વધુ માહિતી આપતા ભારતીય સેનાના વડાએ જણાવ્યું કે, 'ઑપરેશન સિંદૂર' અમારા માટે શતરંજની રમતની રમત જેવું હતું. જ્યાં દુશ્મનની આગામી ચાલની અપેક્ષા રાખવામાં આવતી હતી અને તે મુજબ કાર્યવાહી કરવામાં આવતી હતી. પચીસ એપ્રિલે, ઉત્તરી કમાન્ડની મુલાકાત લીધા બાદ, નવમાંથી સાત લક્ષ્યો નક્કી કરવામાં આવ્યા અને તેમને સફળતાપૂર્વક નષ્ટ કરવામાં આવ્યા. આ ઓપરેશનમાં ઘણા આતંકવાદીઓ માર્યા ગયા હતા.

પાકિસ્તાનમાં આ ઓપરેશનની ઉજવણી અંગેના એક પ્રશ્નના જવાબમાં જનરલ દ્વિવેદીએ કહ્યું કે જો કોઈ પાકિસ્તાનીને પૂછવામાં આવે કે તેઓ જીત્યા કે હાર્યા, તો તે કહેશે કે તેમનો કમાન્ડર ''ફીલ્ડ માર્શલ'' બની ગયો છે અને તે જીતની નિશાની છે. ■

### 'પાકિસ્તાનીને પૂછશો તો કહેશે કે લડાઈ તો અમે જ જિત્યા'

ઓપરેશન સિંદૂર બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાર દિવસ સશસ્ત્ર સંઘર્ષ ચાલ્યો હતો, જેમાં પાકિસ્તાનને ભારે નુકસાન પહોંચ્યું હતું, આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિસ્તાન હાંસીને પાત્ર બન્યું હતું. એવામાં ભારતની આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ પાકિસ્તાન પર આકારો પ્રહારો કર્યા હતાં. તેમણે જનરલ અસીમ મુનીરને ફિલ્ડ માર્શલના હોદ્દા પર બઢતી આપવા અંગે પાકિસ્તાન સરકાર પર કટાક્ષ કર્યો હતો.

જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું, જો તમે કોઈ પાકિસ્તાનીને પૂછશો કે ઓપરેશન સિંદૂર દરમિયાન તેઓ જીત્યા કે હાર્યા, તો તે કહેશે કે જનરલ અસીમ મુનીર ફીલ્ડ માર્શલ બની ગયા, આથી પાકિસ્તાન જીતી ગયું!

નોંધનીય છે કે થોડા દિવસો પહેલા પાકિસ્તાનના વડા પ્રધાન કાર્યાલય દ્વારા અસીમ મુનીરને બઢતી આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આ દરમિયાન કેહવામાં આવ્યું દેશની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને દુશ્મનને હરાવવા માટે યોગદાન આપવા બદલ તેમને આ બઢતી આપવામાં આવી રહી છે.

મદ્રાસમાં આયોજિત એક કાર્યક્રમમાં જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું કે નરેટિવ મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા પાકિસ્તાનના લોકોને આવું ઠસાવવામાં આવી રહ્યું છે કે યુદ્ધમાં તેમની જીત થઇ છે. પરંતુ એ બધુ માત્ર મનમાં જ છે. આર્મી ચીફને ફીલ્ડ માર્શલ બનાવવામાં આવ્યા, આથી પાકિસ્તાનના લોકોને એવું લાગે છે કે યુદ્ધમાં તેમની જીત થઇ છે, તેથી જ તો અસીમ મુનીરને બઢતી આપવામાં આવી હશે.

જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું કે પાકિસ્તાનની સ્ટ્રેટેજીનો ભારતીય સેનાએ પોતાની રીતે જવાબ આપ્યો. તેણે જનતા સુધી પોતાનો સંદેશ પહોંચાડવા માટે સોશ્યલ મીડિયા અને અન્ય માધ્યમોનો ઉપયોગ કર્યો. ■

# જ્યારે મોદીએ નૅવીને કહ્યું, તમને પણ મોકો મળશે...

નવી દિલ્હી : જે લોકો હવાઈ દળના વડા અમરપ્રીત સિંહ, આર્મી જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને એડમિરલ દિનેશ ત્રિપાઠીને જાણે છે તેમને ખબર છે કે આ બધા બિનરાજકીય છે, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષાની વાત આવે છે ત્યારે આ બધા રાજકીય નેતાગીરીને સ્પષ્ટપણે સુનાવી દે છે. અમરપ્રીત સિંહ ક્લાસિક ટેસ્ટ ફાઈટર પાઈલટ છે જેઓ એ વાતની દરકાર લેતા નથી તેમના બિન્ધાસ્ત સ્વભાવને લીધે રાજકીય નેતૃત્વ અપસેટ થઈ જાય. જનરલ દ્વિવેદી એક ઑફિસર ઑફ ગાર્ડ છે જેઓ પોતાના લશ્કરી દળો સાથે હોય ત્યારે સૌથી વધારે કમ્ફોર્ટેબલ હોય છે. તેઓ શરમાળ છે, પરંતુ જ્યારે જરૂર હોય ત્યારે બુલંદ રીતે પોતાની વાત કહે છે અને ક્યારેક તો નિર્દયી બની જાય છે. એડમિરલ ત્રિપાઠી બડસ (તોફાની) છે જે નૌકાદળની જીવલેણ તાકાતમાં માને છે અને ૧૦ મેની સવારે કરાચી બંદરને ખતમ કરવા સજ્જ હતા.

આ ત્રણેય વડા પ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડાભોલ, ચીફ ઑફ ડીફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણની આગેવાની હેઠળની નેશનલ સિક્યોરિટી ટીમને રીપોર્ટ કરે છે. આ ચારેની સમાન્ય વાત એ છે કે આ ચારે તલવારની ધાર પર ચાલવાનું જાણે છે અને રાષ્ટ્રીય સુરક્ષાની વાત આવે છે ત્યારે કોઈ પણ નિર્ણય લેવાની હિંમત ધરાવે છે. તેઓ કોઈ પણ પરિણામનો સામનો કરવા તૈયાર હોય છે.

દસ મેની સવારે ભારતીય સશસ્ત્ર દળના પરાક્રમને બીરદાવતા વડા પ્રધાન મોદીએ જનરલ દ્વિવેદી અને હવાઈ દળના વડા સિંહને અભિનંદન આપ્યા હતા. ત્યાર બાદ તેમણે એડમિરલ ત્રિપાઠી તરફ જોઈને કહ્યું હતું કે હમને આપકે મૂહ સે નિવાલા છીન લિયા, આપકો મોકા ફીર મીલેગા (મેં તમારા મોંઢામાંથી કોળિયો ઝૂંટવી લીધો, પરંતુ તમને મોકો મળશે) ભારતીય નૌકાદળને કરાચી બંદર પર બ્રહ્મોસ વડે હુમલો કરવા તૈયાર રહેવાનું કહેવામાં આવ્યા બાદ આ નિવેદન કરવામાં આવ્યું હતું. પાકિસ્તાન તેમના રાજ્ય ગુજરાત પર મિસાઈલ હુમલો કરીને પ્રતિકાર કરે એવો ડર હોવા છતાં મોદીએ કરાચી પર હુમલો કરવાની પરવાનગી આપી હતી. વડા પ્રધાને ત્રણે વડાઓને છૂટો દોર આપ્યો હતો અને માઠા પરિણામોનું જોખમ લેવા તૈયાર હતા. ત્રણ વડા બીજી વાર વિચાર કરવા માગતા હતા, પરંતુ મોદી નહીં. ■

# કંઇક મોટું થવાનું?: ભારત અને પાકિસ્તાન નેવીની આજથી કવાયત

## પોરબંદર, ઓખા ખાતે આજથી બે દિવસ મૅરિટાઇમ ડ્રિલ્સ

નવી દિલ્હીઃ અરબી સમુદ્રમાં ભારત અને પાકિસ્તાન દ્વારા ૧૧ અને ૧૨ ઑગસ્ટે એકબીજાની જળસીમાની નજીક અલગ-અલગ કવાયત યોજાવાની છે.

બન્ને પાડોશી દુશ્મન દેશના નૌકાદળ અંદાજે ૬૦ દરિયાઇ માઇલના અંતરે કવાયત કરવાના છે. તેઓએ અરબી સમુદ્રમાં નૌકાદળની આ કવાયતને લગતા જુદા-જુદા જાહેરનામા બહાર પાડ્યા હતા.

ભારતીય નૌકાદળ ગુજરાતના પોરબંદર અને ઓખાના દરિયાકિનારા પાસે ૧૧ અને ૧૨ ઑગસ્ટે મૅરિટાઇમ ડ્રિલ્સ યોજશે.

બન્ને દેશના નૌકાદળની આ લશ્કરી કવાયત રાબેતા મુજબની હોવાનો દાવો કરાય છે.

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ત્રાસવાદીઓએ ૨૨ એપ્રિલે ૨૬ નિર્દોષ લોકોની કરેલી હત્યા અને તે પછી ભારતે ઑપરેશન સિંદૂર હેઠળ હાથ ધરેલી લશ્કરી કાર્યવાહીને લીધે ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી ઘણી જ વધી ગઇ છે.

ભારતના લશ્કર, હવાઇદળ અને નૌકાદળે સંયુક્ત રીતે પાકિસ્તાનમાંના જૈશે મહંમદ અને લશ્કરે તૈયબાની છાવણીઓનો નાશ કર્યો હતો. (એજન્સી)

# પાકિસ્તાનના હવાઈ દળના એવાક્સને તોડી પાડવું મોટી સિદ્ધિ

નવી દિલ્હી : ઑપરેશન સિંદૂર દરમિયાન ભારતે પાકિસ્તાનના પાંચ ફાઈટર પ્લેન અને એક મોટું વિમાન તોડી પાડ્યા હતા એવા હવાઈ દળના વડા અમરપ્રીત સિંહના ઘટસ્ફોટનું વિશ્લેષણ કરતાં લશ્કરી અધિકારીઓએ આને મોટી સિદ્ધિ ગણાવી હતી. લશ્કરી અધિકારીઓએ કહ્યું હતું કે આ ભારતની પાકિસ્તાન પરની અભૂતપૂર્વ હવાઈ સરસાઈ બતાડે છે જેણે દુશ્મનને મોટો મનોવૈજ્ઞાનિક આંચકો આપ્યો છે.

એક અધિકારીએ નામ ન જણાવાની શરતે કહ્યું હતું કે અત્યાર સુધી એવી ઉપલબ્ધ માહિતી નથી કે કોઈએ ૩૦૦ કિલોમીટરના અંતરથી જમીન પરથી હવામાં મિસાઈલ છોડીને ઈલેક્ટ્રોનિક ઈન્ટેલિજન્સ કે એરબોર્ન અર્લી વોર્નિંગ એન્ડ કંટ્રોલ જેવું સ્પેશ્યલ મિશન વિમાન તોડી પાડ્યું હોય. આ હુમલાથી પાકિસ્તાનને મનોવૈજ્ઞાનિક, વ્યૂહાત્મક અને સુનિયોજિત આંચકો લાગ્યો છે જેમાંથી પાકિસ્તાન માટે બહાર આવવું મુશ્કેલ હશે. જો આ એવાક્સ વિમાન હોય તો પાકિસ્તાનને પડેલો ફટકો મોટો છે કારણ કે દરેક દેશ પાસે આવા મર્યાદિત વિમાન હોય છે. આ વિમાન હવાઈસીમાનો જાપ્તો રાખે છે અને હવાઈ યુદ્ધમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પાકિસ્તાન પાસે છથી આઠ એવાક્સ વિમાન છે. આ સિદ્ધિ સાબિત કરે છે કે ભારત પાકિસ્તાનના કોઈ પણ ખૂણામાં પહોંચી શકે છે. લશ્કરના બીજા અધિકારીએ કહ્યું હતું કે રશિયાની એસ-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમે આખો સિનારીયો બદલાવી નાખ્યો છે. ૨૦૧૯ની બાલાકોટ સ્ટ્રાઈક વખતે પરિસ્થિતિ ભીન્ન હતી. એ વખતે પાકિસ્તાની જેટ સરહદની અતિ નજીક આવી ગયા હતા અને જુસ્સાભેર વળતું આક્રમણ કર્યું હતું. આપણા કૅપ્ટન અભિનંદન વર્ધમાને દુશ્મનનું જેટ તોડી પાડ્યું ત્યાર બાદ પાકિસ્તાને તેને પકડી લીધો હતો. હવે એસ-૪૦૦ ડિફેન્સ સિસ્ટમને લીધે પરિસ્થિતિ અલગ છે.

રશિયાએ આપણને ૨૦૧૮ની ૫.૪૩ અબજ ડૉલરની ડીલ હેઠળ એસ-૪૦૦ની ત્રણ સ્કોવડ્રોન આપી છે અને બાકીની બે સ્કોવડ્રોન આગામી વર્ષે મળવાની છે. ભારત હવે એસ-૪૦૦ની વધારે રેજિમેન્ટ ખરીદવા વિચારી રહ્યું છે. (એજન્સી)

# પાકિસ્તાનને ઍરસ્પેસ બંધ કરતા ૧૨૭ કરોડ રૂપિયાનો ફટકો

પાકિસ્તાન : પહલગામ હુમલાને બદલે ભારતે હાથ ધરેલા 'ઑપરેશન સિંદૂર'માં પાકિસ્તાનને નામોશી તો મળી પણ ભારત માટે ઍરસ્પેસ બંધ કરવાથી તેને ૧૨૭ કરોડ રૂપિયાનું નુકસાન થયું.

પાકિસ્તાનની એક સમાચાર સંસ્થાના તાજેતર અહેવાલ મુજબ પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે સિંધુ જળ સંધિ સસ્પેન્ડ કરી હતી, જેના જવાબમાં પાકિસ્તાને ભારતના પેસેન્જર વિમાનો માટે એરસ્પેસ બંધ કર્યું હતું, ત્યારથી બે મહિનામાં પાકિસ્તાનને લગભગ ૧૨૭ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

અહેવાલ મુજબ પાકિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે આ જાણકારી આપી છે. ૨૪ એપ્રિલથી ૩૦ જૂન દરમિયાન પાકિસ્તાનને મોટું નુકસાન પહોંચ્યું છે. નુકસાનનાં આંકડા જાહેર કરતા પાકિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે એમ પણ કહ્યું કે આ આંકડ આવકમાં થયેલા ઘટાડાને દર્શાવે છે.

સિંધુ જળ સંધિ રદ કરવાના ભારતના નિર્ણય બાદ પાકિસ્તાને ૨૪ એપ્રિલથી તમામ ભારતીય એરલાઇન્સ માટે તેનું એરસ્પેસ બંધ કરી દીધું હતું. પાકિસ્તાને કહ્યું સિંધુનું પાણી રોકવા અથવા તેને બીજી તરફ વળવાને યુદ્ધની જાહેરાત માનવામાં આવશે.

અહેવાલ મુજબ, પાકિસ્તાને ત્યારથી કોઈપણ ભારતીય વિમાનને તેના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશવા દીધું નથી. જેના કારણે પાકિસ્તાનના એર ટ્રાફિકમાં લગભગ ૨૦ ટકા ઘટાડો થયો છે. અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૯ માં બાલાકોટમાં ભારતની એર સ્ટ્રાઈક પછી પણ પાકિસ્તાને ભારત માટે એરસ્પેસ બંધ કરી હતી, ત્યારે પણ પાકિસ્તાનને ૨૩૫ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું.

નોંધનીય છે કે ભારતે પણ પાકિસ્તાનના વિમાનો માટે ભારતની એરસ્પેસ બંધ કરી છે, પાકિસ્તાન માટે એરસ્પેસ બંધ કરવાની મુદત ૨૩ ઓગસ્ટ સુધી લંબાવવામાં આવી છે. ■

# પાકિસ્તાની લશ્કરી વડા ફરી અમેરિકામાં, અનેક નેતાઓ સાથે મીટિંગ

ઈસ્લામાબાદઃ પાકિસ્તાનના સેના પ્રમુખ અસીમ મુનિર ભારત સાથે યુદ્ધ બાદ બીજી વખત અમેરિકાની મુલાકાતે પહોંચ્યા છે. તેમની આ યાત્રા દરમિયાન મુનિર અમેરિકાના ટોચના રાજકીય અને લશ્કરી નેતાઓને મળ્યા હતા. આ જાણકારી સેનાએ રવિવારે આપી હતી.

સેનાએ એક નિવેદનમાં જણાવ્યું કે સેના પ્રમુખ(સીઓએએસ) અમેરિકાની સત્તાવાર મુલાકાતે છે. નિવેદન અનુસાર આર્મી ચીફે વરિષ્ઠ રાજકીય અને લશ્કરી નેતૃત્વની સાથે-સાથે પાકિસ્તાની પ્રવાસી સમુદાયના સભ્યો સાથે ઉચ્ચ સ્તરીય વાતચીત કરી હતી. અમેરિકામાં તેમના પ્રવાસ વિશે કોઇ વિગતો જાહેર કરવામાં આવી ન હતી. તેમજ તેઓ ક્યારે પહોંચ્યા તે પણ સ્પષ્ટ નથી.

ટૅમ્પામાં મુનિરે યુએસ સેન્ટ્રલ કમાન્ડ(સેન્ટકોમ)ના વિદાયમાન કમાન્ડર જનરલ માઇકલ ઇ. કુરિલ્લાના નિવૃત્તિ સમારોહ અને એડમિરલ બ્રેડ કૂપર દ્વારા કમાન્ડ સંભાળવા નિમિત્તે યોજાયેલા કમાન્ડ પરિવર્તન સમારોહમાં હાજરી આપી હતી. તેઓ જોઇન્ટ ચીફસ ઓફ સ્ટાફના ચેરમેન જનરલ ડેન કેનને પણ મળ્યા હતા. જ્યાં પરસ્પર વ્યાવસાયિક હિતના મુદ્દે ચર્ચા થઇ હતી. તેમણે જનરલ કેનને પાકિસ્તાન આવવાનું આમંત્રણ પણ આપ્યું હતું. આ પ્રસંગે મુનિરે મિત્ર દેશોના સંરક્ષણ વડાઓ સાથે વાતચીત કરી હતી.

અત્રે નોંધનીય છે કે જૂનમાં મુનિર અમેરિકાની પાંચ દિવસની મુલાકાતે ગયા હતા. જ્યાં તેમણે રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ સાથે એક ખાનગી લંચમાં હાજરી આપી હતી. પાક સેના પ્રમુખ અસીમ મુનિરની જૂન બાદ આ બીજી અમેરિકાની યાત્રા છે. ■

પહેલા પાનાનું ચાલુ

## 'જગતના જમાદાર'

પરંતુ હાલમાં તે ચોથા સ્થાને છે. ભારતનું અર્થતંત્ર દુનિયામાં સૌથી વધુ ઝડપથી વિકસી રહ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે અગાઉ ભારત દ્વારા સંરક્ષણ ક્ષેત્રની સાધનસામગ્રીની મોટા પાયે આયાત કરતું હતું, પરંતુ હવે તે નિકાસ કરે છે.

રાજનાથ સિંહે જણાવ્યું હતું કે ભારતે ઑપરેશન સિંદૂર દ્વારા પાકિસ્તાનને 'જડબાતોડ જવાબ' આપ્યો હતો. ભારત પોતાના નાગરિકો પર હુમલા કરનારા લોકોને ક્યારેય નહિ છોડે.

તેમણે જણાવ્યું હતું કે રેલ કોચનું આ યુનિટ મધ્ય પ્રદેશના રાયસેન અને વિદિશાના અંદાજે પાંચ હજાર લોકોને રોજગારી આપશે. (એજન્સી) ■

# અમેરિકન વકીલ માઈક એન્ડ્રુઝ પ્લેન ક્રેશના સ્થળની મુલાકાતે

## પીડિત પરિવારોએ બોઈંગ કંપની સામે ફેડરલ કોર્ટમાં કેસ કર્યો છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં થયેલા પ્લેન ક્રેશ મામલે કાયદાકીય પ્રક્રિયા શરૂ થયા બાદ પ્રથમ વખત અમેરિકન વકીલ અને એવિયેશન એક્સપર્ટ માઈક એન્ડ્રુઝે ક્રેશ સાઈટની મુલાકાત લીધી હતી. તેમની સાથે એવિયેશન અને લીગલ ટીમ પણ હાજર રહી હતી. આ મુલાકાત અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે, કારણ કે પીડિત પરિવારોએ બોઈંગ કંપની સામે અમેરિકાની ફેડરલ કોર્ટમાં અરજી કરી છે. આ કાયદાકીય લડાઈને આગળ ધપાવવા માટે માઈક એન્ડ્રુઝે ક્રેશ સાઈટનું વિવિધ દ્રષ્ટિકોણથી નિરીક્ષણ કર્યું હતું.

અમદાવાદ પ્લેન ક્રેશ મામલે બોઈંગ કંપની સામે અનેક સવાલો ઊભા થયા છે, જેના કારણે આ કેસ હવે અમેરિકાની ફેડરલ કોર્ટમાં પહોંચ્યો છે. આ ઘટનામાં ૮૦થી વધુ પરિવારો કાયદાકીય પ્રક્રિયામાં જોડાયા છે અને માઈક એન્ડ્રુઝ તેમની લડાઈ લડી રહ્યા છે. તેમણે માત્ર અમદાવાદ જ નહીં, પરંતુ વડોદરા, દીવ અને સુરતમાં પણ પીડિત પરિવારોની મુલાકાત લીધી હતી. આ ઘટનામાં મૃત્યુ પામનાર લોકોના સ્વજનોને પક્ષકાર તરીકે જોડવામાં આવ્યા છે, જે કેસને વધુ મજબૂત બનાવે છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે ઇંધણની સ્વીચ બંધ થવાને કારણે વિમાનના એન્જિન બંધ થઈ ગયાં હતાં. માઈક એન્ડ્રુઝ આ મુદ્દાઓ અને અન્ય ખામીઓને ધ્યાનમાં રાખીને કોર્ટમાં રજૂ કરવા માટે એક વિસ્તૃત અહેવાલ તૈયાર કરી રહ્યા છે. આ રિપોર્ટમાં જીવ બચાવનાર એક વ્યક્તિ સાથેની મુલાકાતનો પણ સમાવેશ કરવામાં આવશે. તેમની આ મુલાકાત અને રિપોર્ટ કોર્ટમાં કેસને મજબૂત બનાવવામાં મદદ કરશે અને પીડિત પરિવારોને ન્યાય અપાવવામાં અત્યંત મહત્ત્વપૂર્ણ સાબિત થશે. ■

# કચ્છના મહારાવનો ૨૦ કરોડ રૂપિયાનો બદનક્ષીનો દાવો નખત્રાણા કોર્ટે ફગાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના દેશ દેવી ગણાતા આશાપુરા માતાજીના મંદિરે દર વર્ષે નવરાત્રીની આઠમના દિવસે રાજાશાહી વખતથી યોજાતી પતરી વિધિ કોણ કરશે એ મુદ્દે રાજપરિવારના સભ્યો વચ્ચે કોર્ટમાં ચાલી રહેલા વિવાદ વચ્ચે કચ્છના રાજવી કુટુંબના અંતિમ મહારાવ પૃથ્વીરાજસિંહ જાડેજા દ્વારા દાખલ કરવામાં આવેલો ૨૦ કરોડનો બદનક્ષીનો દાવો નખત્રાણાની નામદાર અદાલતે ફગાવી દીધા ઉપરાંત પોતાને મહારાવના કુંવર તરીકે ઓળખાવતા નલિયાના ઈન્દ્રજીતસિંહ જાડેજાનો ચાર કરોડનો માનહાનીનો દાવો ફગાવી દીધો હતો.

વર્ષ ૨૦૦૯માં આસો નવરાત્રીની પૂર્ણાહુતિ સમયે માતાના મઢ ખાતે માતાજીના મંદિરે રાજવી પરિવારના મોભી પૃથ્વીરાજસિંહ જાડેજાએ નલિયાના જુવાનસિંહ જાડેજાના હાથમાં ચામર આપીને માતાજીની પતરી વિધિ કરવાનો પ્રયાસ કર્યો હતો. એ વખતે મંદિરના મહંત યોગેન્દ્રસિંહજી રાજાબાવાએ તેમને અટકાવી દેતાં આ સમગ્ર મામલાને પોતાના માન-સન્માન સાથે જોડી મહારાવે આશાપુરા મંદિરના મહંત સામે તા.૨૬-૦૯-૨૦૦૯ના રોજ માતાના મઢ ખાતે આવેલા મા આશાપુરા મંદિરમાં તેમના પ્રતિનિધિ એવા નલિયાના જુવાનસિંહને પતરી વિધિ કરતા અટકાવનારા આ મંદિરના મહંત યોગેન્દ્રસિંહજી બાવા સહીત અન્ય લોકો વિરુદ્ધ માનહાનિ અંગેનો નખત્રાણા કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. વીસ કરોડની બદનક્ષીના આ કેસની સુનાવણી દરમિયાન પૃથ્વીરાજસિંહ જાડેજાનું અવસાન થતા તેમના પત્ની મહારાણી પ્રીતિદેવીએ વારસદાર-પક્ષકાર તરીકે આ કેસમાં સામેલ થયા હતા. બીજી તરફ મહારાવ ત્રીજાની જેમ નલિયાના જુવાનસિંહ જાડેજાએ પણ સમગ્ર મુદ્દે મહંત વિરુદ્ધ ચાર કરોડનો માનહાનિનો કેસ કર્યો હતો. તેમનું પણ અવસાન થતા તેમના વારસ તરીકે તેમના પુત્ર ઈંદ્રજિત જાડેજા પક્ષકાર તરીકે આ કેસમાં જોડાયા હતા.

મંદિરના મહંત યોગેન્દ્રસિંહજી રાજાબાવાના તરફથી આ સમગ્ર મામલાના કેસની પેરવી કચ્છના પૂર્વ ડીજીપી અને સિનિયર એડવોકેટ યોગેશ ભાંડારકર તથા મહારાવ પ્રાગમલજી ત્રીજાના સહોદર એવા હનુવંતસિંહજી જાડેજા અને અન્ય વતી એડવોકેટ જે.કે.ઠક્કરે કરી હતી. બંને પક્ષની દલીલ રજૂઆતો અને આધાર પુરાવાને ધ્યાનમાં લઈને નખત્રાણાની પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટના જજ દ્વારા સ્વર્ગસ્થ મહારાવનો ૨૦ કરોડ અને જુવાનસિંહનો ૪ કરોડનો માનહાનિનો દાવો ફગાવી દીધો હતો. નોંધનીય બાબત એ છે કે, માતાના મઢમાં પતરી વિધિ કરવા માટે લાંબા સમયથી કચ્છના રાજપરિવારમાં ચાલી રહેલા કાયદાકીય ગજગ્રાહમાં ગત વર્ષે ગુજરાતની વડી અદાલતે મહારાવ પ્રાગમલજી ત્રીજાના નાના ભાઈ હનુવંતસિંહ મદનસિંહ જાડેજાને રાજકુળના વંશજ, લોહીના સંબંધી અને સીધી લીટીના વારસદાર ગણાવી તેમને પતરીની પવિત્ર પૂજાવિધિ કરવાની મંજૂરી આપી દીધી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છમાં રાજાશાહી પરંપરા અનુસાર માતાના મઢમાં આસો નવરાત્રિની આઠમના દિવસે રાજવી પરિવાર દ્વારા વહેલી સવારે પતરી વિધિ કરવામાં આવે છે જેમાં ડાકના તાલે આશાપુરા માતાજીના ખભા ઉપર રાખેલી આવળ નામની વનસ્પતિના ગુચ્છામાંથી તૈયાર કરેલી પતરીને પાલવ પાથરી ખોળામાં પ્રસાદ રૂપે ઝીલી રાજવી પરિવાર કચ્છ અને કચ્છની પ્રજાની સુખાકારી માટે પ્રાર્થના કરે છે. મોડી રાત્રે હવનમાં બીડુ હોમાયની સાથે નોરતાની પૂર્ણાહુતિ થાય છે અને શ્રદ્ધાળુઓ તેમના ઘરે સ્થાપેલા ગરબાઓની જળાશયોમાં પધરાવે છે. ■

# લાંબા વિરામ બાદ ગુજરાતમાં મેઘરાજાની પધરામણીઃ વલસાડ જળબંબાકાર

## રાજ્યના ૩૯ તાલુકાઓમાં વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લાંબા વિરામ બાદ મેઘરાજાએ ફરીથી ગુજરાતમાં પધરામણી કરી હતી. છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાતના અનેક જિલ્લામાં તડકો અને ગરમીનો અહેસાસ થઇ રહ્યો હતો. જો કે મેઘરાજાએ રાજ્યના ૩૯ તાલુકાઓમાં હાજરી નોંધાવી હતી. સૌથી વધુ વરસાદ વલસાડમાં ૪.૦૨ ઇંચ પડ્યો હતો.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા આપવામાં આવેલી વિગતો અનુસાર રાજ્યના ૩૯ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં એક લાંબા વિરામ બાદ મેઘરાજાની પધરામણી થઇ હતી. દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી, વલસાડમાં ૪.૦૨ ઇંચ, પારડીમાં ૩.૯૪ ઇંચ, ઉમરગામમાં ૨.૩૬ ઇંચ, વાપીમાં ૨.૦૧ ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. તે ઉપરાંત નવસારીના ચીખલીમાં ૧.૬૫ ઇંચ, જામનગરમાં ૧.૧૮ ઇંચ, વંથલી અને છોટા ઉદેપુરમાં ૦.૯૧ ઇંચ, ગણદેવીમાં ૦.૭૬ ઇંચ, ધરમપુરમાં ૦.૭૧ ઇંચ, જૂનાગઢમાં ૦.૬૭ ઇંચ, માંડવી અને ખેરગામમમાં ૦.૬૩ ઈંચ, જાંબુઘોડામાં ૦.૫૫ ઈંચ, નડિયાદ અને દેવગઢ બારિયામાં ૦.૫૧ ઈંચ વરસાદ પડ્યો હતો. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ એકંદર ૫૬૪.૯૯ મિમિ. વરસાદ નોંધાયો હતો. જે સરેરાશ વરસાદની સામે ૬૪.૦૭ ટકા જેટલો છે.

લાંબા વિરામ બાદ વલસાડમાં મેઘરાજાએ પધરામણી કરી હતી. વલસાડમાં પડેલા ભારે વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારોના રોડ-રસ્તાઓ અને સોસાયટીઓમાં પાણી ભરાઈ ગયા હતા. પાણી ભરાવાની સમસ્યાને કારણે જનજીવન પ્રભાવિત થયું હતું. નીચાણવાળા વિસ્તારોમાં કમરસમા પાણી ભરાઇ ગયા હતા. ■

# પાર-તાપી-નર્મદા રિવરલિંક પ્રોજેક્ટ મુદ્દે રાજકારણ ગરમાયુંઃ ભાજપ-કૉંગ્રેસ આમનેસામને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સરકારના મહત્ત્વાકાંક્ષી પાર-તાપી-નર્મદા રિવરલિંક પ્રોજેક્ટ મુદ્દે છેલ્લા કેટલાક દિવસોથી રાજકીય વિવાદ ચાલી રહ્યો છે. દક્ષિણ ગુજરાતમાં પાર-તાપી-નર્મદા રિવરલિંક પ્રોજેક્ટ મુદ્દે સીઆર પાટીલે કહ્યું હતું કે, પાર-તાપી-નર્મદા રિવરલિંક પ્રોજેક્ટ અંગે ખુલાસો કરતા સ્પષ્ટ કહ્યું હતું કે, લોકસભામાં આ પ્રોજેક્ટનો ડીપીઆર (ડિટેલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ) રજૂ કરવામાં આવ્યો નથી. થોડા વર્ષો પહેલા નાણા પ્રધાન નિર્મલા સીતારમણે પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. પરંતુ આદિવાસીઓની લાગણીને ધ્યાનમાં લઈને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે ચર્ચા બાદ આ પ્રોજેક્ટ સ્થગિત કરવામાં આવ્યો હતો. પાટીલે લોકોને ખોટી વાતોમાં ન ભરમાવવા અપીલ કરી હતી. પાટીલે આરોપ લગાવ્યો હતો કે, કૉંગ્રેસ પક્ષ પાસે કોઈ મુદ્દા ન હોવાને કારણે ગુજરાતના ભોળા આદિવાસી લોકોને ગેરમાર્ગે દોરવા સાથે ભ્રમ ફેલાવી રહી છે.

જો કે બીજી તરફ આ સમગ્ર પ્રકરણમાં વાંસદાના ધારાસભ્ય અનંત પટેલે પણ પોતાની તીખી પ્રતિક્રિયા આપી હતી અને કહ્યું હતું કે, આ યોજના ન થવાની હોય, તો હવે આદિવાસી સમાજ તમારો વિશ્વાસ કરવાનો નથી, તમારે જો આદિવાસી સમાજનો વિશ્વાસ સંપાદન કરવો હોય, તો આ યોજના હવે પછી કરવામાં આવશે નહીં, તેવુ લેખિતમાં આપો, નહીં તો લોકસભામાં શ્વેતપત્ર રજૂ કરો કે આ યોજના ક્યારેય બને નહીં અને આ વિસ્તારમાં ક્યારેય ડેમ બનશે નહીં. તેમણે ચેતવણી આપી હતી કે, જો શ્વેતપત્ર જાહેર નહીં થાય તો કૉંગ્રેસ ૧૪મી ઓગસ્ટથી ધરમપુરમાં આંદોલન શરૂ કરશે.

અનંત પટેલે જણાવ્યું હતું કે, ૧૪મી ઓગસ્ટે ધરમપુરથી વિશાળ રેલી કાઢીને પ્રોજેક્ટનો વિરોધ કરવામાં આવશે. હાલમાં પાર-તાપી-નર્મદા લિંક પ્રોજેક્ટ મુદ્દે ભાજપ અને કૉંગ્રેસ વચ્ચે શાબ્દિક યુદ્ધ શરૂ થઈ ગયું છે અને આદિવાસી વિસ્તારોમાં આ પ્રોજેક્ટ અંગે અસમંજસની સ્થિતિ સર્જાઈ છે. ■

# અરવલ્લીના મોડાસા નજીક માઝૂમ નદીમાં કાર ખાબકીઃ ચાર શિક્ષકનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં એક હૃદયદ્રાવક ઘટના બની છે. જેમાં બાયપાસ પાસે આવેલા માઝુમ બ્રિજ પરથી એક કાર નદીમાં ખાબકતા ચાર શિક્ષકોના કરૂણ મોત થયા હતા. આ ઘટના ૯ ઓગસ્ટ શનિવારે રાત્રે બની હોવાનું મનાય છે. મોડાસાના પેલેટ ચોકડી તરફથી આવી રહેલી કાર પર અચાનક નિયંત્રણ ગુમાવતા તે સીધી ૪૦ ફૂટ ઊંડી માઝુમ નદીમાં ખાબકી હતી. આ ઘટનાસ્થળે જ ત્રણ લોકોએ જીવ ગુમાવ્યો હતો. જ્યારે એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ ઘટના બાદ મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

આ અકસ્માતમાં મોતને ભેટેલા ચારેય યુવકની ઓળખ થઈ છે. જેમાં કપિલ ઉપાધ્યાય, વિશાલ રાજ, આબીદ મરડીયા અને દીપક મેવાડાનો સમાવેશ થાય છે. આ યુવકો વિશે વધુ માહિતી આપતાં પોલીસે જણાવ્યું હતું કે, તેમાંથી એક યુવક મોડાસાના એક ટ્યૂશન ક્લાસમાં કામ કરતો હતો, જ્યારે અન્ય ત્રણ યુવક ખાનગી શાળામાં કરાર આધારિત શિક્ષક તરીકે નોકરી કરતા હતા. આ દુર્ઘટનાથી મોડાસાના શિક્ષણ જગતમાં અને સમગ્ર પંથકમાં શોકનો માહોલ ફેલાઈ ગયો છે.

માઝૂમ નદીના પુલ પરથી ખાબકતા થયેલા અકસ્માતના સીસીટીવી ફૂટેજ પણ બહાર આવ્યા છે. તમામ મૃતકોના પોસ્ટમોર્ટમ સવારે નવ વાગ્યે પૂર્ણ કરીને તેમના મૃતદેહ પરિવારજનોને સોંપી દેવામાં આવ્યા હતા. વધુમાં, મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે હોસ્પિટલમાં તમામ મૃતકોના વિસેરા લઈ તેને એફએસએલ (એફએસએલ)માં પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે. ■

# સરકારી નોકરી કરતા માતા-પિતાના મૃત્યુ પછી પચીસ વર્ષથી નાના સંતાનને પેન્શન ચૂકવવાનો હાઈ કોર્ટનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારી ૨૦૧૩માં નિવૃત્ત થયા બાદ અને ૨૦૧૬માં તેમના અવસાન બાદ ફેમિલી પેન્શન તેમની પત્નીને મળતું હતું.

જોકે, ૨૦૧૮માં પત્નીનું પણ અવસાન થતાં, તેમના છ સંતાનોમાંથી સૌથી નાની અને અપરિણીત દીકરી, જેની ઉંમર ૨૫ વર્ષ કરતાં ઓછી હતી, તેણે ૨૦૧૮ થી ૨૦૨૦ સુધીના સમયગાળા માટે ફેમિલી પેન્શનની માગણી કરી હતી. ગુજરાત હાઈ કોર્ટે આ મામલામાં દીકરીની તરફેણમાં ચુકાદો આપ્યો હતો અને સરકારને બે વર્ષનું પેન્શન વ્યાજ સહિત ચૂકવી દેવાનો આદેશ કર્યો હતો.

હાઈ કોર્ટમાં સરકારે એવી દલીલ કરી હતી કે દીકરીનું નામ પિતાના રેશનકાર્ડમાં નથી, તેથી તેને પેન્શન મળી શકે નહીં. આ દલીલને ફગાવી દેતા જસ્ટિસ સંદીપ ભટ્ટે પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે, ગુજરાત સિવિલ સર્વિસ પેન્શન રૂલ્સ-૨૦૦૨ના નિયમ ૯૧(૩) મુજબ, નોમિનીમાં નામ ન હોય તો પણ, ૨૫ વર્ષથી ઓછી ઉંમરની અપરિણીત દીકરી ફેમિલી પેન્શન માટે હકદાર છે. આ કાયદો સ્પષ્ટપણે દર્શાવે છે કે આવા સંજોગોમાં પેન્શન ચૂકવવું ફરજિયાત છે.

કોર્ટે અવલોકન કર્યું હતું કે, સરકારના નિયમ મુજબ, જ્યારે કર્મચારીનું મૃત્યુ થાય ત્યારે તેમના ૨૫ વર્ષથી ઓછી ઉંમરના સંતાનને ફેમિલી પેન્શન મળવું જ જોઈએ. હાઈ કોર્ટે સરકારના તે આદેશને રદ કર્યો હતો જેમાં દીકરીને પેન્શન આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો. આ ચુકાદાથીએ સુનિશ્ચિત થયું છે કે આવા કિસ્સાઓમાં, સરકારી નિયમોનું પાલન થવું જ જોઈએ અને યોગ્ય લાભાર્થીને તેનો હક મળવો જોઈએ.

આ ચુકાદાથી એ સ્પષ્ટ થાય છે કે મૃતક સરકારી અધિકારીના એક કરતાં વધુ સંતાનો હોય તો, જો સૌથી મોટા સંતાનની ઉંમર ૨૫ વર્ષ કરતાં વધુ હોય, તો તેના કરતાં નાની ઉંમરના સંતાનને પેન્શન મળવાની તક મળે છે, જો તેની ઉંમર ૨૫ વર્ષ કરતાં ઓછી હોય. આમ, કોર્ટે દીકરીને ૨૦૧૮ થી ૨૦૨૦ સુધીના સમયગાળાનું પેન્શન વ્યાજ સાથે ચૂકવી દેવા સરકારને આદેશ કરીને યોગ્ય ન્યાય આપ્યો હતો. ■

# અમદાવાદ એરપોર્ટ પરથી ૭૮.૨૯ લાખના સોના સાથે દુબઇનો પેસેન્જર ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરનું સરદાર પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સોનાની તસ્કરી સતત વધી રહી છે. અમદાવાદ કસ્ટમ્સની એર ઇન્ટેલિજન્સ યુનિટે દુબઇથી આવેલા એક પેસેન્જરને સોનાના બિસ્કિટ સાથે ઝડપી લીધો હતો. અમદાવાદ એરપોર્ટ પર ઉતરતા જ કસ્ટમ વિભાગે શંકાસ્પદ પેસેન્જરને તપાસ્યો હતો. જેમાં તેણે મોજામાં છુપાવેલા ૭૮.૨૯ લાખના સોનાના જથ્થા સાથે ઝડપી લેવાયો હતો. આરોપી પાસે સોનાના બિલ સહિતના પુરાવા ન હોવાથી તેની સામે કસ્ટમ વિભાગે કાર્યવાહી હાથ ધરી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે નવ ઓગસ્ટે સ્પાઈસજેટ ફ્લાઈટ (એસજી ૧૬) મારફતે દુબઈથી આવેલા એક પુરુષ મુસાફરને એર ઇન્ટેલિજન્સ યુનિટના અધિકારીઓએ પેસેન્જર પ્રોફાઇલિંગના આધારે અટકાવ્યો હતો. તપાસ દરમિયાન મુસાફરના મોજાંમાંથી છ સોનાના ટીટી બાર, ત્રણ સિક્કા તથા ૨૪ કેરેટના ત્રણ કાપેલા ટુકડા મળી આવ્યા હતા. મળેલું સોનું કુલ ૭૫૦.૭૦૦ ગ્રામ વજનનું અને ૨૪ કેરેટ શુદ્ધતાવાળું હોવાનું જણાયું હતું. કસ્ટમ વિભાગે ૭૮.૨૯ લાખનું સોનું કબજે કરી પેસેન્જરની પૂછપરછ હાથ ધરી છે. પેસેન્જરે અગાઉ સોનાની ખેપ મારી છે કે કેમ તે બાબતે પણ એજન્સીઓએ તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં અમદાવાદ કસ્ટમ્સે દુબઈ, અબુધાબી અને શારજહાં જેવા હાઈ-રિસ્ક ડેસ્ટિનેશનથી આવતી ફ્લાઈટ્સ પર મુસાફર પ્રોફાઇલિંગ અને ટાર્ગેટેડ ચેકિંગ વધુ કડક બનાવ્યું છે. અગાઉ પણ કસ્ટમ અને ડીઆરઆઇ દ્વારા દાણચોરીના સોનાના જથ્થા સાથે અનેક લોકોને ઝડપી લેવાયા હતા. ત્યારે આ રેકેટ પાછળ ચોક્કસ પ્રકારની કોઇ સિન્ડિકેટ કાર્યરત છે કે કેમ તે બાબતે પણ એજન્સીઓએ તપાસ શરૂ કરી છે. ■

# માણાવદરના ભાજપના ધારાસભ્યનો પોલીસ પર જુગાર ક્લબમાંથી હપ્તા વસૂલવાનો ગંભીર આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ માણાવદર બેઠકના ભાજપના જ ધારાસભ્યએ ચોંકાવનારા આક્ષેપ કર્યા હતા. માણાવદરના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ માણાવદર અને બાંટવા પોલીસ પર હપ્તા વસૂલી કરવાનો અને પોલીસની મીઠી નજર હેઠળ હરતા-ફરતા જુગાર ક્લબ ચાલતા હોવાનો આરોપ લગાવ્યો હતો.

મળતી વિગતો અનુસાર માણાવદરના ભાજપના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ માણાવદર અને બાંટવા પોલીસ પર હપ્તાખોરીનો આક્ષેપ લગાવ્યો હતો. જેના વિરોધમાં અરવિંદ લાડાણી અને તેમના સમર્થકો માણાવદર પોલીસ મથકની બહાર ધરણા પર બેસી ગયા હતા. તેમને આરોપ લગાવ્યો હતો કે અહી ચાલતી જુગાર ક્લબો હપ્તાખોરીને કારણે ચાલી રહી છે. જેના કારણે પોલીસને એક દિવસની ૭૦,૦૦૦થી વધુ રૂપિયાની કમાણી થાય છે. તેમણે પોલીસની કામગીરી પર પણ સવાલો ઉઠાવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ધારાસભ્યના આ ગંભીર આક્ષેપોને કારણે સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. ખુદ સત્તાધારી પક્ષના જ ધારાભ્યના ગંભીર આક્ષેપોના કારણે આ મુદ્દે ચર્ચાનો વિષય બન્યો હતો. જો કે આ મામલે બાટવાના પીએસઆઈએ જણાવ્યું કે, ગઈકાલે જ શહેરના ચુનારાવાડમાં પોલીસે રેડ પાડી હતી. જ્યાં ૧૫ જેટલા જુગારીઓ પત્તા રમતા હતા. જો કે પોલીસે દરોડો પાડતા જુગારીઓમાં નાસભાગ મચી હતી. જે પૈકી માત્ર ત્રણેક જુગારીઓ જ ઝડપાયા હતા. આ સમયે જે જુગારીઓ પોલીસના હાથમાંથી છટકી ગયા હતા, તેમણે ધારાસભ્યને ખોટી માહિતી આપી છે. જેથી પોલીસની છબી ખરડાય. ધારાસભ્ય અરવિંદ લાડાણીએ કરેલા તમામ આક્ષેપો પાયાવિહોણા છે. ■

# ગુજરાત- રાજસ્થાન સરહદ વિસ્તારમાં રાત્રે ૩.૬ની તીવ્રતાના ભૂકંપના આંચકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત-રાજસ્થાન સરહદની આસપાસ શનિવારે રાત્રે ૯:૦૩ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૬ માપવામાં આવી હતી, જેનું કેન્દ્ર પાલનપુરથી ૩૧ કિમી ઉત્તર-પૂર્વમાં હતું. ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. લોકો ગભરાટમાં ઘરોમાંથી બહાર નીકળી ગયા હતા. જોકે, બંને રાજ્યોના કોઈપણ વિસ્તારમાંથી જાનમાલના નુકસાનના કોઈ સમાચાર મળ્યા નથી.

રાજસ્થાનમાં માઉન્ટ આબુ અને આસપાસના વિસ્તારોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ગિરવાર, અકરાભટ્ટા, માનપુર સહિત અનેક સ્થળોએથી લોકોએ ભૂકંપની પુષ્ટિ કરી હતી. માઉન્ટ આબુના એસડીએમ ડો. અંશુ પ્રિયાએ જણાવ્યું હતું કે ભૂકંપનો આંચકો લગભગ ૯.૦૩ વાગ્યે અનુભવાયો હતો. તેમણે કહ્યું હતું કે કોઈ પણ પ્રકારના નુકસાનના સમાચાર નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ સાત ઓગસ્ટે સવારે ૧૦.૦૭ વાગ્યે રાજસ્થાનના પ્રતાપગઢ વિસ્તારમાં ૩.૯ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (એનસીએસ) એ આ વાતની પુષ્ટિ કરી હતી. ■

# હિંમતનગરમાં નર્સિંગની વિદ્યાર્થિનીનો આપઘાતઃ કૉલેજના બે વિદ્યાર્થીઓ પર પજવણીનો આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની બીએસસી નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ આપઘાત કરી લીધો હતો. આપઘાત પાછળનું કારણ વિદ્યાર્થિનીની કોલેજના જ બે વિદ્યાર્થીઓની પજવણીનો આરોપ વિદ્યાર્થિનીના પરિવારજનોએ લગાવ્યો હતો. ઇડરના ઓડા ગામની વિદ્યાર્થિનીએ એસીડ પીને જીવન ટૂંકાવી લીધું હતું, પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે યુવતી હતાશામાં હોવાથી પરિવારજનો અને કોલેજ તંત્રે તેને સમજાવી હતી, તેમ છતાં યુવતીએ રાત્રે આ અંતિમ પગલું ભરી લીધું હતું.

મળતી વિગતો અનુસાર, ૬ ઓગષ્ટના રોજ યુવતી હેતલબેન રડી રહ્યા હતા, ત્યારે પરિજનોએ તેનું કારણ પૂછ્યું હતું, જો કે યુવતી એ કશું જણાવ્યું હતું. પરંતુ બાદમાં યુવતીના માતા અને પરિવારના અન્ય સભ્યોને જણાવ્યું હતું કે કોલેજ બસમાં આવતા-જતા બે વિદ્યાર્થીઓ તેને હેરાન કરતા હતા. યુવતીના મોટા ભાઈએ જણાવ્યું હતું કે પૂછપરછ કરતાં હેતલે હિમાંશુ પરમાર અને હર્ષ વણકરનું નામ આપ્યું હતું.

આ ઘટના બાદ પરિવારે કોલેજના તંત્રનો સંપર્ક સાધીને આ મામલે રજૂઆત કરી હતી અને કોલેજ તરફથી નિરાકરણની ખાતરી આપવામાં આવી હતી. જો કે તેમ છતા માનસિક રીતે ભાંગી પડેલી યુવતીએ રાત્રે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ તેણે એસિડ પી લીધું હતું.

યુવતીના નાના ભાઈએ બાથરૂમમાંથી ધુમાડો આવતો હતો અને દરવાજો બંધ જોઈને પરિવારના લોકોએ દરવાજો તોડીને જોયું કે યુવતી બેભાન હાલતમાં મળી આવી હતી. તેને તાત્કાલિક હિંમતનગરની હૉસ્પિટલમાં ખસેડવામાં આવી, પરંતુ સારવાર દરમિયાન ૭ ઑગસ્ટના રોજ વહેલી સવારે ૪:૨૦ વાગ્યે તેનું મૃત્યુ થયું હતું. ■

# વડોદરાની હોટલમાંથી સુરતના યુવકનો મૃતદેહ મળી આવતા ખળભળાટઃ મોતનું રહસ્ય અકબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના જેતલપુરમાં આવેલી એક હોટલમાંથી યુવકનો મૃતદેહ મળી આવતા ખળભળાટ મચી ગયો હતો. મૃતકની ઓળખ સુરતના ઓલપાડનો રહેવાસી આશિષ પટેલ તરીકે થઇ છે. પ્રાથમિક વિગતો અનુસાર યુવક અમદાવાદમાં નોકરી માટે આવ્યો હતો પરંતુ રહેવાની વ્યવસ્થા ન થતા યુવક જેતલપુર રહેવા આવ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

મળતી વિગતો અનુસાર વડોદરના જેતલપુર વિસ્તારમાં આવેલા એક ખાનગી ગેસ્ટ હાઉસમાંથી એક યુવકનો મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી ગઈ હતી. મૂળ સુરતના ઓલપાડનો રહેવાસી આશિષ નોકરી માટે અમદાવાદ આવ્યો હતો, પરંતુ ત્યાં રહેવાની વ્યવસ્થા ન થતા તે જેતલપુરના ગેસ્ટ હાઉસમાં રહેવા આવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં માનવામાં આવી રહ્યું છે. જો કે યુવક લાંબા સમય સુધી રૂમમાંથી બહાર ન આવતા હોટલ સંચાલકે આ અંગે પોલીસને જાણ કરી હતી. ત્યારબાદ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી.

હાલ યુવક આશિષના મોત પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. પોલીસે આ મામલે વિગતો આપતા જણાવ્યું હતું કે પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ મોતનું કારણ સ્પષ્ટ થશે. જો કે પોલીસની પ્રાથમિક તપાસમાં યુવકના રૂમમાંથી પોલીસને કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી અને તપાસ વિવિધ દિશામાં આગળ વધી રહી છે. પોલીસ દ્વારા યુવકના પરીવારને જાણ કરવામાં આવી હતી. ■

# બરડા વન્યજીવન અભયારણ્યમાં વિશ્વ સિંહ દિવસની ભવ્ય ઉજવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના સહયોગથી પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયણ દ્વારા ગુજરાતના દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બરડા વન્યજીવન અભયારણ્ય ખાતે વિશ્વ સિંહ દિવસ - ૨૦૨૫ની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન પ્રધાન ભૂપેન્દ્ર યાદવ, ગુજરાતના વન પ્રધાન મૂળુભાઈ બેરા, રાજ્યના સાંસદો, ધારાસભ્યો અને અન્ય જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ સભાને સંબોધતા, કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન પ્રધાન ભૂપેન્દ્ર યાદવે ભારતમાં સિંહોની વસ્તીમાં નોંધપાત્ર વધારો થવા પર ખુશી વ્યક્ત કરી હતી, જે ૨૦૨૦માં ૬૭૪થી વધીને ૮૯૧ થઈ ગઈ છે. કેન્દ્રીય પ્રધાને વધુમાં ઉમેર્યું કે, ''એશિયાઈ સિંહ સફળ વન્યજીવન સંરક્ષણનું વૈશ્વિક પ્રતીક છે, અને આ વિશ્વ સિંહ દિવસ પર આપણે તેમની નોંધપાત્ર વૃદ્ધિની ઉજવણી કરીએ છીએ. ૧૯૯૦માં ફક્ત ૨૮૪ સિંહો હતા, જે ૨૦૨૫માં વધીને ૮૯૧ થવાનો અંદાજ છે - ૨૦૨૦થી ૩૨ ટકા અને છેલ્લા દાયકામાં ૭૦ ટકાથી વધુનો વધારો નોંધાયો છે.

''કેન્દ્રીય પ્રધાને આ સફળતાની વાર્તામાં ભૂમિકા ભજવવા બદલ દરેક વન અધિકારી, વન્યજીવન પ્રેમી અને પર્યાવરણ ઉત્સાહીઓને અભિનંદન આપ્યા હતા. તેમણે કહ્યું, ''એ નોંધવું આનંદદાયક છે કે આ નોંધપાત્ર પ્રગતિ ફક્ત સામૂહિક ઇચ્છાશક્તિ, સમર્પણ અને સહઅસ્તિત્વ પર આધારિત નીતિઓ દ્વારા જ શક્ય બની છે. ■

નવમાં પાનાનું ચાલુ

## દિલ્હીમાં

માતોશ્રી પર ગયા હતા, જેના પછી બંને પક્ષો વચ્ચે જોડાણની શક્યતાઓ વધુ મજબૂત બની છે. બંને નેતાઓએ મરાઠી ઓળખ અને સ્થાનિક મુદ્દાઓ પર એકતા દર્શાવી છે, જેને કાર્યકરોએ પણ ટેકો આપ્યો છે.

ઉદ્ધવ ઠાકરે પૂરા થયેલા અઠવાડિયે દિલ્હીના પ્રવાસે ગયા હતા. ત્યાં તેમણે રાજ ઠાકરે સાથે જોડાણની શક્યતા અંગે મીડિયા સાથે વાત કરતા કહ્યું હતું કે અમે બંને ભાઈઓ અમારા નિર્ણયો લેવા સક્ષમ છીએ. અમને કોઈ ત્રીજા પક્ષની જરૂર નથી. આ નિવેદન બાદ ઈન્ડિ ગઠબંધન પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા પર સવાલ ઉપસ્થિત કરે છે એવું રાજકીય નિરીક્ષકો માની રહ્યા છે.

ઉદ્ધવની આ ટિપ્પણી ત્યારે આવી જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું રાજ ઠાકરે ઈન્ડિ ગઠબંધનની બેઠકમાં હાજરી આપશે. તેમના જવાબ પરથી સ્પષ્ટ થયું હતું કે શિવસેના (યુબીટી) સ્વતંત્ર રીતે તેના ભવિષ્ય વિશે નિર્ણય લેવા વિચારી રહ્યું છે.

રાજકીય વિશ્લેષકો માને છે કે જો શિવસેના (યુબીટી) અને મનસે એક સાથે આવે તો આ ગઠબંધન ભાજપ-શિંદેની મહાયુતિ માટે મોટો પડકાર ઉભો કરી શકે છે. બંને પક્ષો મરાઠી ઓળખ, ભૂમિપુત્રોના અધિકારો, રોજગાર અને શહેરી મતદારોમાં તેમની મજબૂત પકડ માટે જાણીતા છે. ખાસ કરીને મુંબઈ અને અન્ય શહેરી વિસ્તારોમાં, જ્યાં શિવસેના અને મનસે પ્રભાવશાળી રહ્યા છે, આ ગઠબંધન રમતનું પાસું બદલી શકે છે. જોકે, મનસેનું મરાઠી વિરોધી વલણ કોંગ્રેસ જેવા ઈન્ડિ ગઠબંધનના સાથી પક્ષોને સ્વીકાર્ય ન હોઈ શકે, જેના કારણે ઉદ્ધવ માટે ગઠબંધનથી અલગ થવું એક સરળ વિકલ્પ હોઈ શકે છે.

૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં, શિવસેના (યુબીટી)ને ફક્ત ૨૦ બેઠકો મળી હતી, જ્યારે શિંદે જૂથને ૫૭ બેઠકો મળી હતી. આ હારથી ઠાકરે જૂથને નવા રસ્તા શોધવાની ફરજ પડી છે. મનસે સાથેનું ગઠબંધન માત્ર શિવસેના (યુબીટી) મજબૂત જ નહીં બનાવે, પરંતુ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓમાં, ખાસ કરીને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ચૂંટણીઓમાં પણ નવી તાકાત લાવી શકે છે. અહીં ઉલ્લેખનીય છે કે ઉદ્ધવને વિધાનસભાની ચૂંટણીમાં એમવીએના ત્રણેય પક્ષોમાં સૌથી વધુ બેઠકો મળી હતી.

જોકે, આ સંભવિત ગઠબંધન ઈન્ડિ ગઠબંધન માટે આંચકારૂપ સાબિત થઈ શકે છે. કોંગ્રેસ અને શરદ પવારની એનસીપીમાં પણ પહેલેથી જ તણાવના સંકેતો જોવા મળી રહ્યા છે. ગયા અઠવાડિયે દિલ્હીમાં ઈન્ડિ ગઠબંધનની બેઠકમાં ઉદ્ધવને છેલ્લી હરોળમાં બેસાડવાના વિવાદ પછી આ તણાવ વધી રહ્યો હોય તેવું લાગે છે. ભાજપ અને શિંદે જૂથ દ્વારા આ ઘટનાને મહારાષ્ટ્રનું અપમાન ગણાવવામાં આવી હતી, જેના પર ઉદ્ધવના પ્રવક્તા સંજય રાઉતે એવો બચાવ કર્યો હતો કે તેઓ (ઉદ્ધવ ઠાકરે) સ્ક્રીનને સારી રીતે જોવા માટે પાછળ બેઠા હતા. ■

# નાગપુરના કોરાડી મહાલક્ષ્મી મંદિરમાં દુર્ઘટનાં ગેટનો સ્લેબ પડતા ૧૭ મજુર ઘાયલ

નાગપુરઃ મહારાષ્ટ્રના નાગપુરમાં આવેલા કોરાડી મહાલક્ષ્મી જગદંબા મંદિરમાં શનિવારે રાત્રે મોટી દુર્ઘટના સર્જાઈ હતી, જેમાં ૧૭ મજૂરો ઘાયલ થયા હતા. આ અંગે મળતી માહિતી મુજબ ભારે વરસાદના પગલે મંદિરમાં નિર્માણાધીન ગેટનો સ્લેબ અચાનક તૂટી પડ્યો હતો, જેના લીધે કામ કરી રહેલા ૧૭ મજૂરો ઘાયલ થયા હતા. તમામને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જેમાંથી કેટલાકની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. આ દુર્ઘટના ભારે વરસાદના પગલે બની હોવાનું માનવામાં આવે છે.

જોકે આ ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ, ફાયર બ્રિગેડ અને આસપાસના લોકોએ બચાવ કામગીરી શરૂ કરી હતી. જ્યારે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને બચાવ કામગીરીમાં જોડાઈ હતી.

આ દરમિયાન આ ઘટનાની ગંભીરતાને જોતા જીલ્લા કલેકટર અને નાયબ પોલીસ કમિશ્નર ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમજ રાહત અને બચાવ કામગીરી પર નજર રાખી રહ્યા છે. તેમજ લોકોને અફવા ના ફેલાવા પણ અપીલ કરી છે. આ દુર્ઘટના અંગે અધિકારીએ જણાવ્યું કે આ સ્લેબ તુટવાનું કારણ હજુ જાણી શકાયું નથી. આ અંગે ટીમ દ્વારા તેની તપાસ કરવામાં આવશે. જયારે ઘટનામાં ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

હાલ જેસીબીની મદદથી કાટમાળ દુર કરવામાં આવી રહ્યો છે. હાલ મહારાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. વરસાદના પગલે અનેક વિસ્તારોમાં દુર્ઘટના ઘટી રહી છે. નાગપુરમાં છેલ્લા કેટલાક દિવસોથી છુટો છવાયો વરસાદ પડી રહ્યો છે, જેના લીધે જનજીવનને વ્યાપક અસર થઈ છે.

# શું ભાજપ સરકાર કોંગ્રેસના પ્રવક્તાની ન્યાયાધીશ તરીકે ભલામણ કરશેઃ ગાડગીળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કોંગ્રેસના નેતા અનંત ગાડગીળે એવો સવાલ કર્યો હતો કે શું ભાજપ સરકાર ક્યારેય તેમના (કોંગ્રેસ) પક્ષના પ્રવક્તાને હાઇકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવાની ભલામણ કરશે?

સુપ્રીમ કોર્ટના કોલેજિયમ દ્વારા વકીલ અને ભાજપના ભૂતપૂર્વ પ્રવક્તા આરતી સાઠેને બોમ્બે હાઇકોર્ટના ન્યાયાધીશ તરીકે નિમણૂક માટેની ભલામણ કરવામાં આવી હોવાના અહેવાલો સાથે તાજેતરમાં ફાટી નીકળેલા વિવાદ પર તેઓ બોલી રહ્યા હતા. બીજી તરફ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ એવી સ્પષ્ટતા કરી છે કે તેમણે (આરતી સાઠે એ) ૨૦૨૩માં પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું હતું.

કોંગ્રેસના કેટલાક પ્રવક્તા પ્રખ્યાત વકીલો છે, એમ ગાડગીળે એક નિવેદનમાં જણાવ્યું હતું.

'શું ભાજપ સરકાર કોંગ્રેસના પ્રવક્તાને ન્યાયાધીશ બનાવવાની ભલામણ કરશે?' એવો સવાલ તેમણે કર્યો હતો.

અન્ના મેથ્યુ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટ અને કૃષ્ણમૂર્તિ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા જેવા સીમાચિહ્નરૂપ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓને ટાંકતા, ગાડગીળે નોંધ્યું હતું કે સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યું છે કે ફક્ત રાજકીય પૃષ્ઠભૂમિને જ ન્યાયિક પદ માટે ભલામણ કરવામાં આવેલા ઉમેદવારને ગેરલાયક ઠેરવવા યોગ્ય કારણ ગણી શકાય નહીં, પરંતુ પક્ષના ભૂતપૂર્વ પ્રવક્તાની નિમણૂંક કરવાના નૈતિક પરિણામો ખૂબ જ ચિંતાજનક છે.

ભૂતકાળમાં કોંગ્રેસ સરકારોએ આવી ભલામણો કરી હોવાના ભાજપના આક્ષેપોનો જવાબ આપતાં ગાડગીળે કહ્યું હતું કે કોઈ પણ કોંગ્રેસ સરકારે ક્યારેય ન્યાયિક પદ માટે પોતાના પક્ષના પ્રવક્તાની ભલામણ કરી નથી.

તેમણે ચૂંટણીના રાજકારણમાં પ્રવેશવા માગતા નિવૃત્ત લશ્કરી અને સિવિલ સર્વિસ અધિકારીઓને 'કૂલિંગ-ઓફ' સમયગાળો લાગુ કરવામાં વિરોધાભાસ તરફ પણ ધ્યાન દોર્યું, તાજેતરમાં નિવૃત્ત ન્યાયાધીશોને સંસદીય પદો પર નિયુક્ત કરવાની સરકારે મંજૂરી આપી હતી.

'જ્યારથી નરેન્દ્ર મોદી સરકારે કોઈ પણ કૂલિંગ-ઓફ સમયગાળા વિના સંસદમાં નિવૃત્ત ન્યાયાધીશોની નિમણૂંક કરવાનું શરૂ કર્યું છે, ત્યારથી સામાન્ય નાગરિકોમાં અસ્વસ્થતાની લાગણી વધી રહી છે,' એવો દાવો તેમણે કર્યો હતો.

ગાડગીળે એ બાબત પર આશ્ચર્ય વ્યક્ત કર્યું કે શું તે સ્વીકાર્ય છે કે જે વ્યક્તિ રાજકીય પક્ષનો ચહેરો રહ્યો છે તે ન્યાયતંત્રનો ચહેરો બની જાય છે.

'શું તે નૈતિક રીતે યોગ્ય છે કે જે વ્યક્તિ રાજકીય પક્ષનો ચહેરો રહ્યો છે તે ન્યાયતંત્રનો ચહેરો બની શકે?' એમ તેમણે પૂછ્યું હતું.

## ઘાટકોપરમાં

આવ્યો હતો. એમએમઆરડીએને જણાવ્યા મુજબ ૪૫૦ ટન વજનનો ૩.૧ મીટર ઊંચો સ્પાન પાંચ સ્ટીલ ગર્ડરથી બનાવવામાં આવ્યો હતો.

એક તરફ ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને બીજી તરફ અંધેરી-ઘાટકોપર લિંક રોડ હોવાને કારણે દિવસની સાથે જ રાતના સમયે પણ અહીં ભારે ટ્રાફિક રહેતો હોય છે. સ્પાન બેસાડવવા સમયે ભારે વરસાદ હોવાની સાથે જ એક તરફ સૌમૈયા નાળું નજીક હોવાને કારણે જગ્યાનો પણ અભાવ હતો. છતાં પડકારજનક કામગીરી પાર પાડવામાં સફળતા મળી હતી.

એમએમઆરડીએ દ્વારા ૭૦૦ મેટ્રિક ટન અને ૫૦૦ મેટ્રિક ટનના બે ક્રેન તેમ જ ૫૦૦ અને ૮૦ ટનની સ્ટેન્ડ બાય ક્રેનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ૫૦થી વધુ ટ્રાફિક વોર્ડનસ ૧૦૦થી વધુ કામગારો, એન્જિનિયર આ કામગીરીમાં જોડાયા હતા.

એમએમઆરડીએના અધિકારીના જણાવ્યા મુજબ આ પ્રોજેક્ટનું આયોજન રોજિંદા મુસાફરો મુશ્કેલી ન ઊભી થાય તે મુજબ કરવામાં આવ્યું હતું. સુરક્ષા અને અવરજવરને સુનિશ્ચિત કરવા માટે ટ્રાફિક મેનેજમેન્ટના પગલાં લેવાની સાથે જ રાતના સમયે સ્પાન ઈન્સ્ટોલેશનનું કામ પૂરું કરવામાં આવ્યું હતું. આ મેટ્રો રૂટ ચાલુ થયા બાદ શહેરમાં પૂર્વ-પશ્ચિમને કનેક્ટિવિટી વધુ ઝડપી થશે.

એમએમઆરડીએના અધિકારીના જણાવ્યા મુજબ સ્પાન જ્યાં બેસાડવો હતો તે સાઈટ પર એન્જિનિયરિંગની દૃષ્ટિએ અનેક મુશ્કેલીઓ હતી. સ્પાન બેસાડવાની સાઈટ પર નીચે બસ સ્ટોપ આવેલું છે અને બાજુના રસ્તા પર વાહનવ્યવહારને પણ અસર ન થાય તેની કાળજી લેવાની હતી. જગ્યા ઓછી હોવાથી ટીમ અને ઈકિવપેન્ટ વચ્ચે સંકલન રાખવું પણ મહત્ત્વનું હતું.

મેટ્રો લાઈન ચારનું કામ કોવિડ મહામારી દરમ્યાન લાગુ કરવામાં આવેલા લોકડાઉન સહિત જમીનના સંપાદનમાં આવેલી સમસ્યાને કારણે મોડું ચાલી રહ્યું છે. મેટ્રો ચારમાં ઈન્સ્ટોલેશન હવે છેલ્લું મહત્ત્વનું કામ બાકી રહ્યું છે, જેમાં ટ્રેક પાથરવા અને સિસ્ટમ ઈન્સ્ટોલેશન અને સ્ટેશનના અંદરના કામ બાકી છે. ■

## અંગારકી

અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને, મંદિર વહીવટીતંત્રે એવી સ્પષ્ટ સૂચનાઓ આપી છે કે મંદિરમાં કોઈ પણ કેમેરા, લેપટોપ કે ઇલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જવાની મંજૂરી નથી. મોબાઈલ ફોનનો ઉપયોગ ફક્ત જરૂરી કામ માટે જ કરવાની અપીલ કરવામાં આવી છે.

ભક્તોની સલામતી માટે ખાસ પગલાં લેવામાં આવ્યા છે. મંદિર પરિસરની નજીક એક તબીબી ટીમ સતત તૈનાત છે. બે એમ્બ્યુલન્સ તૈયાર છે, જેમાંથી એક કાર્ડિયાક એમ્બ્યુલન્સ છે. ■

## હવેના શુક્ર

હોમવાનું કામ કરી શકે છે.

આ સિવાય શનિવારે દહીહાંડી હોવાને કારણે સંપૂર્ણ મુંબઈમાં હંમેશની જેમ ગોવિંદાઓ અને તેમના વાહનોની ભીડ જોવા મળશે. તેમાં ગણેશોત્સવની તૈયારી માટે ખરીદી કરવા ઘરની બહાર નીકળનારાઓની પણ ભીડ રહેશે.

કદાચ આ ત્રણેય દિવસનો લાભ લઇને લોકો ખરીદી કરવા જરૂરથી બહાર નીકળશે, પણ તેને કારણે મુંબઈમાં ભીડ મોટા પ્રમાણમાં જોવા મળશે.

ગણેશોત્સવ ૨૭ ઓગસ્ટથી છ સપ્ટેમ્બર સુધી છે તેથી ૧૭મી સપ્ટેમ્બર રવિવારે મોટા મંડળો બાપ્પાની ભવ્ય મૂર્તિઓ પંડાલ સુધી લઇ જશે.

૧૫, ૧૭ અને ૨૪ ઓગસ્ટના રોજ ઘણા મોટા મંડળો ભવ્ય આગમન કાર્યક્રમોનું આયોજન કરશે. 'ચિંચપોકલી ચા ચિંતામણિ' તેનો ૧૦૬મો ગણેશોત્સવ ઉજવી રહ્યું છે. તેની આગમન શોભાયાત્રામાં કદાચ સૌથી વધુ એક લાખ લોકો ભેગા થાય છે અને તે ૧૭ ઓગસ્ટના રોજ યોજાવાનું છે.

એવામાં રજાનો લાભ લઇને રેલવે દ્વારા પણ કદાચ બ્લોક હાથ ધરવામાં આવી શકે છે. જો બ્લોક હશે તો લોકોને હજી અડચણ નડી શકે છે. તેથી નાગરિકોએ પોતાના કાર્યક્રમો એ પ્રમાણે ગોઠવવા પડશે. ■

## મહારાષ્ટ્રને મોદી

લાંબા અંતરની ટ્રેન છે. આ ટ્રેન ૧૨ કલાકમાં ૮૮૧ કિમીનું અંતર કાપશે અને તમામ મુખ્ય સ્ટેશનો પર રોકાશે. આનાથી વિદર્ભ અને ઉત્તર મહારાષ્ટ્રના લોકો માટે મોટા પાયે કનેક્ટિવિટી વધશે.

આ ટ્રેન અહિલ્યાનગરથી દૌંડ જાય છે અને પછી પુણે જાય છે. રૂટિંગ ડી-રૂટિંગને કારણે અંતર ૧૦૦ કિલોમીટરથી વધુ વધે છે. તેથી આહિલ્યાનગરથી પુણે સુધીનો સીધો રસ્તો બનાવવો જોઈએ, જેનો લાભ એમઆઈડીસીને પણ મળશે તેવી માગણી મુખ્ય પ્રધાને વડા પ્રધાન સમક્ષ રજુ કરી હતી. તેમણે એવું પણ સૂચન કર્યું છે કે જો સંભાજીનગર-અહલ્યાનગર-પુણે રૂટ પર બની રહેલા નવા એક્સપ્રેસ વેને વધારાનો રાઇટ-ઓફ આપીને રેલવે સાથે સમાયોજિત કરી શકાય, તો આ કાર્ય ઝડપી બનશે અને ભવિષ્યમાં રેલવેની મુસાફરી એક કલાકના ઘટાડા સાથે ઝડપી બનશે. ■

## પુરાવા સાથે

સાધીને' ચૂંટણીમાં 'મોટી ગુનાહિત છેતરપિંડી' કરી હોવાનો દાવો કર્યો હતો. એક દિવસ પછી, તેમણે એવો આરોપ લગાવ્યો હતો કે ચૂંટણી પંચ અને ભાજપે લોકો પાસેથી લોકસભા ચૂંટણીમાં 'ચોરી' કરવા માટે સાંઠગાંઠ કરી હતી, અને ઓછામાં ઓછા ત્રણ રાજ્યોમાં 'મત ચોરી' થઈ હતી.

ગાંધીએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો (ગયા વર્ષે)ને પગલે કોંગ્રેસની આ શંકાને સમર્થન મળ્યું છે કે ચૂંટણીમાં 'ચોરી' થઈ હતી.

આવા આરોપો વિશે પૂછવામાં આવતા, શિંદેએ કોઈનું નામ લીધા વિના, જાહેરમાં 'પાયાવિહોણા આરોપો' કરવા બદલ વિપક્ષની ટીકા કરી હતી.

'જો તેમની પાસે પુરાવા હોય, તો તેમણે કોર્ટ અથવા ચૂંટણી પંચમાં જવું જોઈએ. સાર્વજનિક રીતે આવા પાયાવિહોણા દાવાઓ કરીને, તેમણે મહારાષ્ટ્રના નાગરિકોનું અપમાન કર્યું છે જેમણે મહાયુતિને ચૂંટી કાઢી હતી, તેમજ આપણી બહેનો, ભાઈઓ, ખેડૂતો અને રાજ્યના લોકોનું અપમાન કર્યું છે,' એમ તેમણે કહ્યું હતું.

'મત ચોરી' (મત ચોરી)એ 'આપણી લોકશાહી પર અણુબોમ્બ' છે, એવો આરોપ ગાંધીએ લગાવ્યા પછી તરત જ કર્ણાટક અને મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારીઓએ કોંગ્રેસના ભૂતપૂર્વ વડાને મતદારોની યાદીમાં તેમની દૃષ્ટિએ 'ખોટા' મતદારોના નામ શેર કરવા કહ્યું હતું અને ચૂંટણી અધિકારીઓના સહી કરેલ ઘોષણાપત્ર સાથે આ મામલે 'જરૂરી કાર્યવાહી' શરૂ કરવા માટે આપવા જણાવ્યું હતું.

ચૂંટણી પંચે શુક્રવારે ગાંધી પર સુપ્રીમ કોર્ટ દ્વારા નિરસ્ત કરાયેલા ચૂંટણી અનિયમિતતાના જૂના આરોપોને ફરીથી ઉપયોગમાં લેવાનો આરોપ મૂક્યો હતો અને કોંગ્રેસના નેતાને મતદારોની યાદીમાં ખોટી એન્ટ્રીઓ અંગેના તેમના દાવાઓ પર લેખિત ઘોષણાપત્ર આપવા અથવા માફી માગવા જણાવ્યું હતું. ■

## મનસે દ્વારા

શેર કર્યો હતો. આ અંગે બંને બાજુથી તીવ્ર પ્રતિક્રિયાઓ આવી રહી છે. કેટલાક લોકોએ કહ્યું છે કે આ મરાઠીઓને દબાવીને દાદાગીરી કરનારા ગુજરાતી ભાષીઓ માટે એક સણસણતો ઇશારો છે. કેટલાક લોકોએ મનસે હિન્દુત્વનો પ્રચાર કરતી હોવા છતાં હિન્દુ એવા ગુજરાતી ભાષીઓને નિશાન બનાવી રહી છે તે અંગે નારાજગી વ્યક્ત કરી છે. કેટલાક લોકોએ તો એવો પણ સવાલ ઉઠાવ્યો છે કે શું તેમનામાં મુસ્લિમોના નામ લખવાની હિંમત છે? અગાઉ સંદીપ દેશપાંડેએ 'હું હિન્દુ છું, હિન્દી નહીં' એવો સંદેશ આપતુ ટી-શર્ટ પહેર્યુ હતું. તેનાથી પણ વિવાદ થયો હતો. હિન્દુ શબ્દમાં 'દુ' અક્ષરને લાંબો લખવાને બદલે '-હસ્વ' લખવા બદલ તેમની ટીકા થઈ હતી. ત્યારબાદ હવે આ બીજી ટી-શર્ટે વિવાદ ઉભો કર્યો છે. ■

## ગડકરીને

ગયા છે.

આહવાડે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરી છે કે કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ વરિષ્ઠ પત્રકાર રાજદીપ સરદેસાઈને આપેલા ઇન્ટરવ્યુમાં સાડા ત્રણ લાખ મત કપાઈ ગયા હોવાનું દુઃખ વ્યક્ત કર્યું હતું, પરંતુ બીજું સત્ય એ છે કે નીતિન ગડકરીને ટિકિટ આપવામાં સમસ્યા ઊભી થઈ હતી. જ્યાં સુધી હું જાણું છું, ગડકરીને ફક્ત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા ખૂબ જ આગ્રહી વલણ અપનાવવાને કારણે જ ઉમેદવારી મળી હતી. ગડકરીની હાર લગભગ નક્કી હતી. આ જોતાં, કોંગ્રેસ કે અન્ય પક્ષોના ઉમેદવારોના કિસ્સામાં જે કરવામાં આવ્યું છે, તે જ નીતિન ગડકરીના કિસ્સામાં કરવામાં આવ્યું છે. હું હંમેશા નીતિન ગડકરીની પ્રશંસા કરું છું કે તેઓ ક્યારેય સત્ય બોલવામાં ખચકાટ અનુભવતા નથી કે ડરતા નથી. નીતિન ગડકરી 'સત્ય' સાથે છે!

દરમિયાન, શું આ કાવતરું તમને નબળા પાડવા માટે રચવામાં આવ્યું હતું? એમ જ્યારે ગડકરીને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે હું કોઈ પર આરોપ લગાવી રહ્યો નથી. જોકે, આ એક હકીકત છે. આમાં મારા નજીકના લોકોના નામ હતા. મારા સંબંધીઓ પણ હતા. મારા પરિવારના લોકોના નામ પણ કાપી નાખવામાં આવ્યા હતા. તેથી, હવે જ્યારે મહારાષ્ટ્રમાં શંકાસ્પદ મતદારો અને મતદાર યાદીઓ પર લડાઈ ચાલી રહી છે, ત્યારે વિપક્ષ હવે ગડકરીના વીડિયોને સોશિયલ મીડિયા પર મોટી સંખ્યામાં વાઈરલ કરી રહ્યું છે. ■

## થાણેમાં મેટ્રોનો

એમ શિંદેએ રવિવારે થાણે વર્ષા મેરેથોનનું ઉદ્ઘાટન કર્યા પછી પત્રકારોને જણાવ્યું હતું.

'સપ્ટેમ્બરમાં થાણેમાં મેટ્રોનો ટ્રાયલ રન હાથ ધરવાના પ્રયાસો ચાલુ છે. ત્યારબાદ, અમે ડિસેમ્બર સુધીમાં વાસ્તવિક સેવાઓ શરૂ કરવા પર કામ કરી રહ્યા છીએ. કામ યુદ્ધના ધોરણે આગળ વધી રહ્યું છે,' એમ તેમણે કહ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું કે થાણેના આંતરિક મેટ્રો નેટવર્ક પર પ્રારંભિક કાર્ય શરૂ થઈ ગયું છે. 'સંકલિત પરિવહન સુવિધાઓ પૂરી પાડવા માટે આને મુખ્ય મેટ્રો લાઇન સાથે જોડવામાં આવશે,' એમ પણ તેમણે ઉમેર્યું હતું.

વ્યાપક માળખાગત યોજનાઓનો ઉલ્લેખ કરતાં, નાયબ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે મુંબઈથી થાણે સુધીના ફ્રી-વેના વિસ્તરણથી ટ્રાફિકની ભીડ ઓછી થશે.

થાણેને ટ્રાફિક ભીડમાંથી મુક્ત કરવા માટે કલેક્ટર, મ્યુનિસિપલ ચીફ અને પોલીસ કમિશનરને આદેશ આપવામાં આવ્યો છે, એમ તેમણે જણાવ્યું હતું.

'તેઓ આ દિશામાં કામ કરી રહ્યા છે, અને ટૂંક સમયમાં થાણે શહેર ટ્રાફિક જામથી મુક્ત થશે,' એમ શિંદેએ ભારપૂર્વક જણાવ્યું હતું.

થાણેમાં તાજેતરના વિકાસ કાર્યો પર પ્રકાશ પાડતા, શિંદેએ જોગીલા તળાવના કાયાકલ્પનો ઉલ્લેખ કર્યો, જેના પર લગભગ ૨૫૦ ઝૂંપડીઓ દ્વારા અતિક્રમણ કરવામાં આવ્યું હતું. 'અમે આ વિસ્તાર પર અતિક્રમણ કરનારા લોકોને સ્થળાંતરિત કર્યા છે અને તળાવને મુક્ત કર્યું છે. આ કદાચ દેશમાં આવો પહેલો પ્રોજેક્ટ છે જ્યાં તળાવ સંપૂર્ણપણે પુનઃસ્થાપિત કરવામાં આવ્યું છે અને અતિક્રમણ દૂર કરવામાં આવ્યું છે,' એમ તેમણે કહ્યું હતું.

લાંબા સમય પછી થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અનેક રમતગમત સંગઠનોના સહયોગથી આયોજિત થાણે વર્ષા મેરેથોન પર, શિંદેએ કહ્યું કે ૨૫,૦૦૦થી વધુ સહભાગીઓ દોડમાં જોડાયા હતા.

તેમણે કુસ્તીબાજમાંથી રાજકારણી બનેલા અને શિવસેનાના નેતા ચંદ્રહાર પાટીલ તેમજ કોલ્હાપુરની તેમની ટીમની દેશભક્તિની પણ પ્રશંસા કરી, જેઓ જમ્મુ અને કાશ્મીરના સરહદી વિસ્તારોમાં સૈનિકો માટે રક્તદાન કરવા ગયા છે. 'તેમનો પ્રયાસ રાષ્ટ્ર પ્રત્યેનો સાચો પ્રેમ દર્શાવે છે,' એમ તેમણે જણાવ્યું હતું. ■

## હિન્દુ મરણ

શ્રી ડો. કિશોર દિવાન (ઉં.વ. ૮૯) (મિલાર્ડ ફિલમોર, બફેલો) આશા દિવાન (ઉં.વ. ૮૫ વર્ષ), શૈલેષ દિવાન (ઉં.વ. ૮૭) (જી.સી.એમ.એમ.એફ.) અને ગીતા દિવાન (ઉં.વ. ૮૨) (એસ.બી.આઈ.) અમેરિકામાં શ્રીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા અમદાવાદસ્થિત કોચરબ આશ્રમ, પાલડી ખાતે તા. ૧૧-૦૮-૨૦૨૫ના રોજ સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી રાખેલ છે.

**વીસા સોરઠિયા વણિક**

માધવપુરવાળા સ્વ.વૃંદાવન કાલિદાસ શાહના સુપુત્ર જયંતીલાલ (ઉં. વ. ૮૪) હાલ કાંદિવલી તે તા. ૯.૮.૨૦૨૫ શનિવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ચંદ્રિકાબેનના પતિ. હિતેશ, સોનલ, સુરભીના પિતાશ્રી. માલા,રાજેશ, સંદીપના સસરા તથા જસના દાદા. સિદ્ધાર્થ, આયુષ, શુભના નાના. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**યજુર્વેદી શ્રીમાળી બ્રાહ્મણ**

મૂળ રાજકોટ હાલ દાદર મુંબઇ સ્વ. રમાબેન રસિકલાલ દવેનાં સુપુત્ર હરેન્દ્રભાઇ દવે (ઉં. વ. ૭૮) તા. ૬-૮-૨૫ના કૈલાસ ધામ પામેલ છે. તે સ્વ.યશવંતભાઇ, સ્વ.મુકુંદભાઇ, સ્વ. દિનેશભાઇ, સ્વ. દેવેન્દ્રભાઇ અને રાજેન્દ્રભાઇના ભાઇ. કલ્પનાબેનના પતિ. પ્રદીપ, નીલી, તેજલ, રિદ્ધિના પિતાશ્રી. કૌશલના દાદા. પ્રાર્થનાસભા તા. ૧૧-૮-૨૫ સોમવારના ૪થી ૫.૩૦. ઠે. શ્રી. વ. સ્થા. જૈન શ્રી સંઘ, પહેલા માળે શ્રી કરસનભાઇ લધુભાઇ નિસર હોલ, એસ. કે. બોલે રોડ, દાદર (વેસ્ટ).

**અનાવિલ**

ગામ પલસાણા, તા. પારડી હાલ આણંદ નિવાસી ગં. સ્વ. અનસુયાબેન (ઉં. વ. ૮૬) તે સ્વ. જયંતીલાલના પત્ની. સ્વ. મગનલાલ ડાહ્યાભાઇ, સ્વ. જેલીબેનના પુત્રવધૂ. હેમંત, નિલેશ, કલ્પનાના માતા. શિલ્પા, નેહા, યજ્ઞેશના સાસુ. સ્વ. ઉદીત, ધ્વનીના દાદી. પંડોર નિવાસી સ્વ. ભગવાનજી ખંડુભાઇ, સ્વ. વજયાબેનના પુત્રી તા. ૯-૮-૨૫ શનિવારના અવસાન થયેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૩-૮-૨૫ બુધવારના બપોરે ૩થી ૫. ઠે. શ્રી વર્ધમાન જૈન હોલ, ડાયમંડ ટોકીઝની સામે, એલ. ટી. રોડ, બોરીવલી (પશ્ચિમ), લૌકિક રિવાજ બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

મહુવા નિવાસી હાલ મુંબઇ પ્રવીણકુમાર રામજી પડિયાના પત્ની નિર્મળાબેન (ઉં. વ. ૭૫) તા. ૭-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે હરીશ, દિલીપ અને મમતાનાં માતા. મીના, દિપ્તી અને નીરવ ધીરજલાલ ખત્રીના સાસુ. યશ, અભિષેક, રુદ્ર, સીયા, જિયાન, જાન્હવી, માનસી અને ધારાના દાદી. સ્વ. પ્રાણજીવન મણિયારના પુત્રી. પ્રાર્થનાસભા સોમવારના સાંજે ૪થી ૬. ઠે. રામાનંદ ભવન, રામ મંદિરની બાજુમાં, એમ.બી.એસ્ટેટ, વિરાર (વેસ્ટ).

શ્રી ડો. કિશોર દિવાન (ઉં.વ. ૮૯) (મિલાર્ડ ફિલમોર, બફેલો) આશા દિવાન (ઉં.વ. ૮૫ વર્ષ), શૈલેષ દિવાન (ઉં.વ. ૮૭) (જી.સી.એમ.એમ.એફ.) અને ગીતા દિવાન (ઉં.વ. ૮૨) (એસ.બી.આઈ.) અમેરિકામાં શ્રીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા અમદાવાદસ્થિત કોચરબ આશ્રમ, પાલડી ખાતે તા. ૧૧-૦૮-૨૦૨૫ના રોજ સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી રાખેલ છે.

**ભરૂચ મોઢ વણિક**

દિપ્તી પંકજ મજમુદાર, (ઉં. વ. ૬૯) સ્વ.પંકજ સુરેન્દ્ર મજમુદારના પત્ની. સ્વ. સુધાબેન કિશોર પટેલના પુત્રી. પંકિલના માતા. રાધિકાના સાસુ. ડેલિશા, સૃષ્ટિના દાદી. કેતન, મિનેશ પટેલના બહેન. જગદીપ, ભાવના, ઇલાના ભાભી. ૯ ઓગસ્ટ ૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા સોમવાર ૧૧ ઓગસ્ટ ૨૫ માટુંગા ગુજરાતી સેવા મંડળ, તેલંગ રોડ, ફુલ ગલ્લી, માટુંગા (સે.રે.), સાંજે ૫-૭ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

સ્વ.રળિયાતબેન ઓધવજી ઠક્કર (ધરણીધર) જુનાગઢ વાળાના પુત્રવધૂ તે સ્વ.તારાબેન મગનલાલ તન્ના ભંડુરીવાળાના દીકરી ઈલાબેન (ઉં. વ. ૭૩) તે ચંદ્રકાંત ઓધવજીભાઈ ઠક્કર ( ધરણીધર)ના ધર્મ પત્ની હાલ વાપી તે મનોજ, નેહા ( મીનુ )વિજયકુમાર ચંદારાણા, મનીષા (રાજુ ) નિલેશકુમાર પુજારા, હેતલ પુનિતકુમાર વાઘાણીના માતુશ્રી. કલ્પનાના સાસુમા. તે તા. ૦૯/૦૮/૨૫ના રોજ શ્રી જી ચરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર તા. ૧૧/૦૮/૨૦૨૫ ના ૩ વાગ્યા થી ૫ વાગ્યા સુધી ઉપાસના લાયન્સ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, જૈન મંદિરની પાસે, ગુંજન જી આઈ ડી સી, વાપી રાખેલ છે.

**પરજીયા સોની**

પાલીતાણા વાળા હાલ બોરીવલી ગં. સ્વ. ઇન્દુબેન (કમુબેન) (ઉં. વ. ૯૦) તે સ્વ જાદવજીભાઈ મોહનભાઈ સતીકુંવર ના ધર્મપત્ની સ્વ દિનેશભાઈ જાદવજીભાઈ હરેશભાઈ જાદવજીભાઈના માતૃશ્રી. સ્વ. મીનાબેન દિનેશભાઈના સાસુ. ભાવિન અમિતના દાદી. લખમણભાઈ ધાણક ખજુરી ગુંદાળાવાળાના દીકરી તા. ૮.૮.૨૫ ને શુક્રવારના શ્રીજી ચરણ પામેલ છે લોકિક પ્રથા બંધ રાખેલ છે.નિવાસસ્થાન ગુલમોહર સોસાયટી ફ્લેટ નંબર ૭૧૫ ચીકુવાડી શિંપોલી મેટ્રો સ્ટેશન લિંક રોડ ગોરાઈ રોડ કોર્નર બોરીવલી વેસ્ટ.

## પારસી મરણ

જાલ પેસ્તનજી મિસ્ત્રી તે મરહુમો કુમી તથા પેસ્તનજી મિસ્ત્રીના દીકરા. તે રતી નોશીર દારૂવાલા ને રોશન વિલીયમ કીનકેડના ભાઇ. તે તુશ ને નેવીલના મામા. તે અનાઇતા, નતાશા, ટેમીના, શનાયા ને આંવાના મોટા મામા. તે યાસમીન એન. દારૂવાલા ને હીરા તુશ દારૂવાલાના મામા-સસરા. (ઉં. વ. ૯૪) રે. ઠે. ગેલેક ટ્રીકા ટાવર્સ, ફલેટ નં.૧૦૪, સમર્થ નગર, ૩ ક્રોસ લેન રોડ, લોખંડવાલા કોમ્પ્લેક્સ, અંધેરી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૫૩. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૧-૮-૨૫ને બપોરે ૩.૪૦ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની ઓલબ્લેસ બંગલીમાં.

હુતોક્ષી જાલ કોટવાલ તે મરહુમ ઓસ્તા જાલ આર. કોટવાલ. તે મરહુમો ગુલામાય તથા હોરમસજી મવજીના દીકરી. તે ફિરોઝ જે. કોટવાલ ને જરૂ ઝકશીશ માદનના મમ્મી. તે ખુરશીદ પી. કોટવાલ ને ઝકશીશ ડી. માદનના સાસુજી. તે મરહુમ કેટી જાલ મરચન્ટના બહેન. તે રોહન, પરઝાનના બપયજી. તે અનાયશા, કીયાનના મમયજી. (ઉં. વ. ૮૭) રે. ઠે. ૧૦૦૪, ટી-૫, ક્રીશંટ બેય સોસાયટી, પરેલ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૨-૮-૨૫ને બપોરે ૩.૪૦ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની વાડીયા બંગલીમાં.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

વોરા હઠીચંદ ખીમચંદ સાંગાણાવાળાના સુપુત્ર નવનીતરાય (ઉં. વ. ૮૧) તે જયોતિબેનના પતિ. તેજલબેન, ગૌતમ, રાકેશ, વિમલના પિતાશ્રી. પ્રજ્ઞેશકુમાર, સેજલ, દિપાલી, રૂચિતાના સસરા. તે દલીચંદભાઇ, શાંતિભાઇ, ચંદુભાઇ, અમુલખભાઇ, મનહરભાઇ, હર્ષદભાઇ, વિનયચંદભાઇ, તારાબેન, મંજુલાબેન, ભદ્રાબેન, આશાબેનના ભાઇ. તે સાસરા પક્ષમાં જયંતીલાલ મોહનલાલ જસપરાવાળાના જમાઇ. ભાવયાત્રા તા. ૧૫-૮-૨૫ના સવારના ૧૦ કલાકે વાપી ખાતે રાખવામાં આવેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી જૈન**

ખેરવા (જતના) નિવાસી હાલ સાયન સ્વ. અમનલાલ છગનલાલ શાહના ધર્મપત્ની ગં.સ્વ. પ્રભાબેન (ઉં. વ. ૮૫) તા. ૯-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સંજય, પારુલ, અમીન, તિતિક્ષાના માતુશ્રી. આશા, રીમા, અશોકકુમારના સાસુ. પિયર પક્ષે સ્વ. હીરાબેન શાંતિલાલ શાહની સુપુત્રી. રજનીકાંત, ભદ્રાબેન, હંસાબેન, મીનાબેન તથા ડિમ્પલબેનના બેન. અંકિતા, ઉત્સવ, ગ્રીષ્મા, ફાગુન-લવ, પ્રિયા-અતિક, હાર્દિક-નેન્સી, રાશી-અમિત, આકાશના દાદી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગોધરાના પોપટલાલ વિજપાર લધા છેડા (ઉં. વ. ૭૦) તા. ૯-૮-૨૫ના અવસાન પામ્યા છે. મેઘબાઇ વિજપારના સુપુત્ર. નિરંજનાના પતિ. ભાવીની, કવિતા, કિરણના પિતાશ્રી. વસનજી, લક્ષ્મીચંદ, વલ્લભજી, પાનબાઇ દામજીના ભાઇ. કપાયાના રતનબેન મગનલાલ સંગોઇના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પોપટલાલ છેડા, ૬, હરી વલ્લભ સો., જે.કે. મહેતા રોડ, સાંતાક્રુઝ (વે.).

કોડાયના ખેતબાઇ હીરજી ગડા (ઉં. વ. ૯૯) તા.૭-૮-૨૫ના કચ્છ મુકામે અવસાન પામેલ છે. હીરજીભાઈના ધર્મપત્ની. ચંદ્રકાંત, કિરણ, લીલાવંતી, જયંતિના માતુશ્રી. ગોધરાના મેઘબાઈ વીરજી ઘેલાભાઈ, ભાણબાઈ ભવાનજી ઘેલાભાઈના પુત્રી. મણીબેન, મંજુલાબેન, પ્રફુલ્લાબેન, મુલચંદ, તનસુખ, કસ્તુરચંદના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કસ્તુર ગડા, ૧૧૦૪/૧૩૦૫, શ્રી યોગેશ્વર કો. ઓપ.હા.સો. રામભાઉ ભોગલે માર્ગ, ઘોડપદેવ, મું. ૪૦૦૦૩૩.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

કુસુમ નવનીતરાય મેહતા. (ઉં. વ. ૭૭) સાવરકુંડલા (હાલ મીરારોડ) તે સ્વ. નવનીતરાય અમીચંદ મેહતાના ધર્મપત્ની સ્વ. જીવરામ ભીખાભાઇ ત્રિવેદીના પુત્રી તે મંગુબેન (ભાનુબેન) કાંતિલાલ શાહના ભાભી. તે પ્રફુલ, કૌશિક, દિપકના માતુશ્રી તથા પ્રીતિ, જીગ્ના, બિંદુના સાસુ, તે દર્શનના દાદી તા. ૫/૮/૨૫ ના મંગળવાર ના રોજ અરિહંતશરણ થયેલ છે. પ્રાર્થના સભા / સાદડી / લૌકિક વ્યવહાર બંધ છે.

**કાનજી સ્વામી દિગંબર જૈન**

બોટાદ નિવાસી (હાલ કાંદીવલી) સ્થિત તે ગીતા બીપીનચંદ્ર કાંતિલાલ ગાંધીનાં સુપુત્ર સુમિતકુમાર ગાંધી (ઉં. વ. ૪૭) ગુરુવાર, તા. ૭-૮-૨૫ના દેહવિલય પામેલ છે. તે જુલીબેન, નેહલભાઇ, મયંકભાઇ, બિજોયભાઇ, અજયભાઇ, રાજેશભાઇનાં ભાઇ. પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક વ્યવહાર બંધ છે.

## એરપોર્ટ પર

ભદાણી સામે ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી.

દરમિયાન બેંગકોકથી ફ્લાઇટમાં રવિવારે મુંબઇ એરપોર્ટ પર આવેલા મોહંમદ સામીની ૨.૩૯ કરોડ રૂપિયાની કિંમતના ગાંજા સાથે ધરપકડ કરાઇ હતી. સામીની અંગત તલાશીમાં કશું મળ્યું નહોતું, પણ તેની ટ્રોલી બેગમાં આઠ ફૂડ પેકેટ, બે સ્નેક બોક્સ તથા છ સિગારેટ પેકેટ્સમાં એરટાઇટ પ્લાસ્ટિકના પેકેટમાંથી ગાંજો મળી આવ્યો હતો. સામીએ પૂછપરછમાં જણાવ્યું હતું કે ૪ ઑગસ્ટે દિલ્હીના શહજાદ નામના શખસે તેને બેંગકોકથી ટ્રોલી બેગ લાવવા માટે કહ્યું હતું, જેની વિમાન ટિકિટની વ્યવસ્થા પણ કરી આપી હતી. બેગ મુંબઈમાં લાવીને સોંપાતા પચાસ હજાર રૂપિયા તથા અન્ય ખર્ચ આપવાનું તેને આશ્વાસન અપાયું હતું. ■

## ઇગતપુરીના

હતા અને ગિફ્ટ કાર્ડ/ક્રિપ્ટોકરન્સી થકી ગુનો આચરતા હતા. તેમણે કૉલ સેન્ટર ચલાવવા માટે ડાયલર્સ, વેરિફાયર્સ અને ક્લોઝર્સ સહિત ૬૦ ઑપરેટરની ભરતી કરી રાખી હતી, એવું એફઆઇઆરમાં જણાવાયું હતું.

દરમિયાન સીબીઆઇના અધિકારીઓએ રિસોર્ટમાં રેઇડ પાડીને બોગસ કૉલ સેન્ટર પકડી પાડ્યું હતું. અધિકારીઓએ મોબાઇલ, લેપટોપ ઉપરાંત વાંધાજનક ડિજિટલ પુરાવા, એક કરોડ રૂપિયાની કિંમતની સાત લક્ઝી કાર, પાંચ હજાર યુએસડીટી ક્રિપ્ટોકરન્સી (પાંચ લાખ રૂપિયા) બે હજાર કેનેડિયન ડોલરના ગિફ્ટ વાઉચર જપ્ત કર્યા હતા. તલાશી દરમિયાન કૉલ સેન્ટરમાં ૬૨ કર્મચારી વિદેશી નાગરિકોને કૉલ કરી છેતરપિંડી આચરવાની પ્રક્રિયામાં હતા. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

ધર્મતેજ

# જ્યાં સુધી દેશ પાસે રામકથા-કૃષ્ણકથા ને શિવકથા છે ત્યાં સુધી રાષ્ટ્રધ્વજ સદાય ઉન્નત રહેશે





માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com

આપણા સૌ ભારતીયો માટે આ ગૌરવનો દિવસ છે, કારણ કે કૈલાસ-માનસરોવરની ભૂમિ પર, સંતોની ઉપસ્થિતિમાં આપણે બધાએ મળીને, આપણો ત્રિરંગો ફરકાવ્યો છે. સવારે મારી પાસે પ્રસ્તાવ આવ્યો કે અહીંની સત્તાનો પણ રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો છે. મેં કહ્યું કે જરૂર ફરકાવે. એક વાત મારી પાસે એવી પણ આવી કે એ ધ્વજ પણ આપ જ ફરકાવો. મેં બહુ વિનમ્રતાથી કહ્યું કે એ ધ્વજ અહીંના અધિકારીગણ ફરકાવશે. હું મારા હાથે એ ધ્વજ નહીં ફરકાવું. હા, અમારા દેશનો ફરકાવીશ. આ બધાને આદર આપી, આજે સંતોની ઉપસ્થિતિમાં ધ્વજ ફરકાવ્યો. એ આપણો છે, કદાચ એટલા માટે પણ એવું લાગતું હોય, પણ દુનિયાના રાષ્ટ્રધ્વજ તો અમે બહુ જોયા છે, ત્રિરંગો, ત્રિરંગો છે. એની પોતાની ઊંચાઈ છે, મહિમા છે.

*વિજયી વિશ્વ ત્રિરંગા પ્યારા,*
*ઝંડા ઊંચા રહે હમારા!*

આજના દિને, ખુશીના સમયે મારે બીજું કંઇ વધુ કહેવાનું નથી. ઠીક, આ ઝંડાને કહેવાવાળા રાષ્ટ્રના નેતાઓ, આગેવાનોએ, કેટલી ઈજ્જત કરી છે, એ વિષયમાં નથી જતો, પણ જેટલી ફકીરોએ, સાધુઓએ ઈજ્જત કરી છે, એટલી કોઈએ કરી નથી. અમારા પૂજ્ય મહારાજશ્રીએ વિવેકાનંદજી માટે સરસ શબ્દ પ્રયોગ કર્યો કે રાષ્ટ્રના એ પ્રણેતા હતા. આજે મને લાગે છે કે થોડો વખત રામકથાને પ્રણામ કરીને તેને રાષ્ટ્રકથા કહું. અને ભૂલતા નહિ, રાષ્ટ્રકથા પણ રામકથા જ છે. રામકથા રાષ્ટ્રકથા હોવા છતાં વૈશ્વિક કથા છે. જ્યાં સુધી આપણા દેશમાં રામકથા છે, કૃષ્ણકથા છે, શિવકથા છે, ઉપનિષદ છે અને એ નહીં રહેશે એવી વાત નથી, રહેશે, સદા સદા માટે રહેશે. બીજી વાતોથી તો થશે, પણ જ્યાં સુધી આપણી પાસે એ સંપદા છે, વૈદિક સંપદા, એ બધું, રામાયણ જેવી સંપદા આપણી પાસે છે, ત્યારે હું વ્યાસગાદી પરથી ખૂબ ભરોસા સાથે કહી શકું છું કે, 'ઝંડા ઊંચા રહે હમારા' ઝંડો ઊંચો રહેશે. રામકથા નિત નૂતન વહે છે, કારણ કે ગોસ્વામીજીએ એને ગંગા કહી છે. પ્રવાહ ગયો તે ગયો, ફરી પાછો આવતો નથી. શિવજી કહે છે, આ કથા સકલ લોક જગ પાવની ગંગા છે. આવો, નવ દિવસ, આ તપસ્થલીમાં અનુષ્ઠાનની જેમ કથા સાંભળીએ. રામકથા એક મેળો નહીં, અનુષ્ઠાન બને. કથા જે વાંચે તેને કથાવાચક કહે છે, પણ કથા જે ગાય તેને મુનિ કહે છે. તો કથા ગંગાની જેમ વહે છે, એને મેળો ન બનાવતાં અનુષ્ઠાન બનાવીએ. ભારતવર્ષમાં અનુષ્ઠાનની વધુ જરૂર છે.

સાચો સાધુ, સાધુ સચ્ચા જ હોય છે, સાધુ આગળ 'સાચો' એવું લગાવવાની જરૂર નથી, પણ દેશકાળ પ્રમાણે એ પ્રયોગ કરવો પડે છે, સાચો સાધુ સદૈવ રાષ્ટ્રીય ગૌરવથી ઓતપ્રોત હોય છે. કારણ કે રાષ્ટ્રીય ગૌરવથી ઓતપ્રોત ખરેખર જીવન એનું મનાશે, જે સત્તા પર નથી બેઠા, 'સત' પર બેઠા છે. સત્તા જેની ભૂમિકા નથી, 'સત' હી જેની ભૂમિકા છે. આજના આ રાષ્ટ્રીય પર્વ પર 'સ્મરણ' અને 'સમર્પણ'નો જો આપણે સંકલ્પ કરીએ, રામનું આપણે સ્મરણ કરીએ, રાષ્ટ્ર માટે સમર્પણ કરીએ, તો ભવિષ્ય અદ્ભુત વળાંક લઇ શકે છે. મારા રાષ્ટ્રની બડાઈ ક્યાં સુધી કરું? ઘણા લોકો મને પ્રશ્ન કરે છે, અમને થોડા ચિંતિત કરવાની કોશિશ પણ કરે છે કે, બે-ચાર વર્ષોથી કહ્યા કરો છો કે ભવિષ્ય ઉજ્જવળ છે, તો તેનું પ્રમાણ તો આપો. મેં કહ્યું કે મારી પાસે પ્રમાણ નથી. ફક્ત અંતઃકરણની પ્રવૃત્તિ જ પ્રમાણ છે. તો કહું, આટલું રાષ્ટ્રમાં થાય છે, કંઇ કેટલું ખરાબ નીકળે છે, આ કાંડ થાય છે, તેને સારી નિશાની તો સમજો કે બુરાઈઓ બહાર નીકળી જાય છે. કચરો ખાલી થઇ રહ્યો છે. મને તો ભવિષ્ય બહુ ઉજ્જવળ દેખાય છે.


આ ત્રિરંગાના અધિકારી તો સાધુ-સંત છે, એની કારોબારી હેઠળ એ ફરકાવવો જોઈએ. ભ્રષ્ટાચારથી ગંદા થયેલા હાથ, રાષ્ટ્રધ્વજ ફરકાવવાને યોગ્ય નથી. જેમણે પોતાના હાથો વડે ભિક્ષા મેળવીને, પોતાના હાથોને રાષ્ટ્રને સમર્પિત કર્યા છે, એ પીયૂષપાની લોકો જ ત્રિરંગો ફરકાવવા માટે યોગ્ય મનાય. સંવિધાનનો આદર કરવો જોઈએ, કારણ કે આપણે ભારતના નાગરિક છીએ. ભારત આપણો દેશ છે.

દુનિયામાં કોઈ દેશ એવો નથી, જેમાં છ ઋતુઓ નિયમિત આવતી હોય. હું રામાયણની કૃપાથી દુનિયામાં ફર્યો છું. છ ઋતુઓ સપ્રમાણ આવતી હોય, એવો કોઈ દેશ દુનિયામાં નથી. બધી ચીજો પાકતી હોય, એવો દેશ દુનિયામાં નથી. શું નથી રાષ્ટ્રમાં? દુરુપયોગ થયો, થોડું આમતેમ થયું, વાત જુદી છે. બાકી-રાષ્ટ્ર એ રાષ્ટ્ર છે.

હિંદુસ્તાન તો એક સ્વસ્તિક છે. રામ અવતારે ભારતને ઉત્તરથી દક્ષિણ સુધી, અદ્ભુત વૈદિક રેખા પ્રદાન કરી. કૃષ્ણ અવતારે જગન્નાથથી શરૂ કરીએ, તો પૂર્વથી પશ્ચિમ દ્વારિકા સુધીની એક રેખા આપી, હિંદુસ્તાનને એક સ્વસ્તિક બનાવ્યો. ઉપરથી નીચે સુધી એક રેખા આવી, પૂર્વથી પશ્ચિમ એક રેખા ગઈ. આપણા દેશમાં આદિ ગુરુ શંકરાચાર્યથી લઈને બીજા અન્ય આચાર્યો સુધી, આ રેખાઓને છોર લગાવી, સ્વસ્તિકને સુદઢ કર્યો. વચ્ચે જે ચાર બિંદુઓ આવે છે, એ ભારતના દ્વાદશ જ્યોતિર્લિંગમાંના પ્રધાન ચાર જ્યોતિર્લિંગો છો. ક્યાં એવો દેશ છે?

આવા ભારતના સંતાન હોવાનું આપણને સૌને ગૌરવ છે. ભારત ભારત છે. આ નાની મોટી જે ગરબડો છે, એ તો નગણ્ય છે. જે દેશમાં રામકથા છે, ગીતા છે, એવા દેશમાં આવી નાની નાની વાતો તો કોઈ ગણતરીમાં લેવા જેવી નથી.

આ લીલો રંગ-ફકીરીનું પ્રતીક. આ ગેરુઆ રંગ-ભારતીય વેદાંત અને વૈરાગ્યનું પ્રતીક અને આ સફેદ રંગ-શાંતિ-ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃનું પ્રતીક અને આ ચક્ર ચરૈવેતિ ચરૈવેતિનું પ્રતીક છે. તલગાજરડાના રામજી મંદિરમાં ભગવાનની પ્રતિષ્ઠા થયા બાદ મેં એ પરંપરા શરૂ કરાવી કે ભગવાનની આરતી ત્રણ સમય થઇ જાય, પછી જે જયજયકાર થાય છે, એમાં ભારતના સૈનિકોની પણ જયજયકાર બોલાવાય, જે સિલસિલો આજે પણ ચાલી રહ્યો છે. રાજનીતિને ગૌણ બનાવીને રાષ્ટ્રપ્રીતિને પ્રધાન કરવી જોઈએ. (સંકલનઃ જયદેવ માંકડ)■



# શિવજીનું ચિંતનનું મહાત્મ્ય...

મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com

સ્મરણ, મનન, જાપ, ભક્તિ અને ચિંતનમાં સૂક્ષ્મ ભેદ છે. સ્મરણ એટલે શિવજીના કોઈપણ સ્વરૂપ, શિવજીની કોઈપણ બાબત, શિવજીના જીવનનો કોઈપણ પ્રસંગ, શિવજીની દિવ્યતા, શિવજીનું ઐશ્વર્ય, શિવજીનું મહાત્મ્ય અને શિવજીનાં અન્ય કેટલાંક ભાવને સતત યાદ કરવાં. સ્મૃતિ આનો આધાર છે. મનન એટલે આવી વાતોને સતત મનમાં ઘૂંટ્યા કરવી, મન દ્વારા જ મનમાં તેનું વારંવાર સ્થાપન કરવું. જાપ એટલે શિવજીનું કોઈ નામ કે શિવજીને લગતાં કોઈ પણ મંત્રનું વારંવાર ઉચ્ચારણ કરવું. ભક્તિ એટલે શિવજીને સંપૂર્ણતામાં સમર્પિત રહી તેમની દિવ્યતા તથા ઐશ્વર્યને નતમસ્તક રહેવું. ચિંતન એટલે શિવજીના સમગ્ર અસ્તિત્વ વિશે સકારાત્મક વિચારો કરતાં રહી, કોઈ તારણ નીકળી શકે તે રીતે તેને યોગ્ય માળખામાં ગોઠવી, તેનું અવલોકન કરતાં રહી, શિવમય થવાનાં માર્ગ પર આગળ વધવું. ચિંતન એ એવી પ્રક્રિયા છે જેનું પરિણામ કદાચ મોડું આવે, તેમાં કદાચ સૂક્ષ્મ અસ્તિત્વને વધારે શ્રમ લાગે, પરંતુ તેનું પરિણામ જ્યારે પણ મળે ત્યારે સચોટ હોય અને સાર્થક હોય.

શિવજીને માનસિક રીતે સમક્ષ કરીને તેમની સાથે વાત કરી શકાય. તેમને પૂછવામાં આવેલાં પ્રશ્નોનાં જવાબ અંતરાત્મા તરફથી મળે. સાત્વિક તથા પવિત્ર ચિંતનને આધારે બ્રહ્મ, ઈશ્વરનું નિરાકાર સ્વરૂપ ધ્યાનમાં આવી શકે. પછી તો સર્વત્ર બ્રહ્મનાં જ દર્શન થાય. દરેક માનવીમાં જ નહીં, પશુ-પક્ષીમાં પણ, ઝાડપાનમાં પણ, પથ્થર સમાન જડ પદાર્થમાં પણ તે મહાદેવના અસ્તિત્વનું પ્રતિબિંબ દેખાય. શ્રદ્ધાપૂર્વકના ચિંતનની તીવ્રતાથી, શિવજીને હાજર કલ્પીને વંદન કરવામાં આવે તો તે વંદન કૈલાશ સુધી પહોંચી જાય. માનસિક વિશ્વમાં શિવજીની સ્થાપના કરી તેમને જે કંઈ અર્પણ કરવામાં આવે તે બધું જ, મહાદેવ જ્યાં હોય ત્યાં, તેમનાં ચરણોમાં પહોંચી જાય. પ્રગાઢ ચિંતન દ્વારા શિવજીને કલ્પનામાં લાવીને તેમના પર કરાયેલ અભિષેક વાસ્તવમાં શિવજીનો અભિષેક બની રહે. આંખો બંધ કરીને, શિવજી સમક્ષ ઉપસ્થિત થયાની ભાવના કરીને, ઉચ્ચારાયેલ શિવમંત્ર કે શિવ-મહિમ્ન લઘુરુદ્રી સમાન બની રહે. સાત્ત્વિક વિચારોના આસન પર શિવજીની માનસિક સ્થાપના કરી, પૂર્ણ શ્રદ્ધાથી કરાયેલું તેમનું પૂજન, સંપૂર્ણતામાં શિવજીના દરબારમાં સ્વીકૃત રહે. કોઈપણ સ્વરૂપે કરાયેલ મહાદેવનું ચિંતન સંપૂર્ણ તેમજ સચોટ ફળ આપે.

કોઈપણ ભક્ત જ્યારે શિવજીને વિનંતી કરે ત્યારે તે ખાતરી હોય કે આજે નહીં તો કાલે, આ નહીં તો અન્ય સ્વરૂપે, કોઈને કોઈ માત્રામાં તો તે સ્વીકારાય જ. કોઈપણ સ્વરૂપે જ્યારે શિવજીને પ્રાર્થના કરવામાં આવે ત્યારે તે પ્રાર્થના વ્યક્તિની આધ્યાત્મિકતામાં વધારો કરે જ. શિવજીને જ્યારે આત્મીયતાથી, શુદ્ધતા અને પવિત્રતાથી, પ્રેમસભર આમંત્રણ આપવામાં આવે ત્યારે તેનો અસ્વીકાર થવાની સંભાવના જ ન હોય. સંપૂર્ણ સમર્પિત ભક્તિથી શિવજી આગળ જ્યારે કોઈપણ રજૂઆત કરવામાં આવે ત્યારે તેને ન્યાય મળે જ. શિવજીને સ્નેહી-હિતેચ્છુ ગણવામાં આવે તો શિવજી તેનો તે પ્રમાણે પ્રતિભાવ આપે. સમર્થ ગુરુદેવ આ બધાંની ખાતરી આપતા હોય.

એક પૂર્વધારણા પ્રમાણે ચિંતન એ ચિત્તના આધિપત્યનું ક્ષેત્ર છે. મનન એ મનની ક્રિયા છે. સ્મરણમાં સૂક્ષ્મ અસ્તિત્વમાં એકત્રિત થયેલી વાતોને વારંવાર જાણે, પ્રત્યક્ષ કરી સમજવામાં આવે છે. ગીતાના વિભૂતિયોગમાં શ્રી કૃષ્ણ જણાવે છે કે 'યજ્ઞમાં જપયજ્ઞ હું છું'. આ જાપમાં ધ્વનિ શક્તિ - મંત્ર શક્તિ પ્રયોજાય છે. ભક્તિમાં અહંકાર શૂન્યતાને પામે છે. ચિંતનમાં વૈચારિક પ્રક્રિયાથી જ્ઞાન અને અનુભૂતિના માર્ગમાં પ્રગતિ થાય છે. શિવનું ચિંતન એ એક અનોખી અને અદભુત ઘટના છે. ચિંતનમાં સૂક્ષ્મ અસ્તિત્વના, અંતઃકરણના પ્રત્યેક સ્વરૂપનો એક સકારાત્મક ફાળો હોય છે. એમ જણાય છે કે, અહીં, મન બુદ્ધિ ચિત્ત અને અહંકાર, બધા જ ભેગાં મળીને ભક્તિ તેમજ સાધનામાં સંલગ્ન થાય છે.

ચિંતન થકી, મહાદેવ તરફની યાત્રા ત્યારે જ શક્ય બને જ્યારે ગુરુદેવની કૃપા હોય. આ બધું ગુરુકૃપાને પરિણામે શક્ય બને. ગુરુદેવ પ્રેરણા પણ આપે અને આંગળી પકડીને આગળ પણ લઈ જાય. ગુરુદેવ સંજોગો પણ ઊભા કરે અને તે સંજોગોને હકારાત્મક પ્રતિભાવ આપવા માટે વિચારશીલતા પણ આપે. ગુરુદેવ હંમેશાં દીવો લઈને થોડાંક આગળ ઊભા રહે જેથી આગળનો રસ્તો પ્રકાશિત થતો રહે. ગુરુદેવ કરુણા દાખવે, પ્રોત્સાહિત કરે, સહાય કરે, વિશ્વાસ જગાવે, શ્રદ્ધા દ્રઢ થાય તેવાં સંજોગો ઊભા કરે, કદાચ ક્યારેક નિરાશાની સ્થિતિ ઊભી થાય ત્યારે ઉત્સાહ પ્રગટાવે, ભટકાવની સ્થિતિ શક્ય હોય એટલી દૂર રાખે અને જો ભટકી જવાય તો, થોડી શિક્ષા કરીને, માફ પણ કરી દે.

ગુરુદેવ સાથે પણ આવે અને આગળ રહીને દોરવણી પણ કરે. ગુરુદેવ શ્વાસ બનીને જ્યાં સુધી પરમ લક્ષ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જીવન ટકાવી રાખે. ગુરુદેવ અંતરમાં બિરાજી સમગ્ર ઇન્દ્રિયો તથા મનને આંતર્ભિમુખ કરી દે. એમ જણાય છે કે ગુરુદેવની પણ એ ઈચ્છા હોય કે શિષ્ય પોતાનાં પાદચિન્હોને અનુસરે. ગુરુદેવની ઈચ્છા હોય અને કૃપા હોય તો, ચિંતન દ્વારા, ચોક્કસપણે મહાદેવ સાથે સાત્ત્વિક સમીકરણ ઊભું થઈ શકે. મહાદેવની કૃપા અંતિમ લક્ષ્ય છે, મહાદેવનું સામીપ્ય અંતિમ ધ્યેય છે, મહાદેવની અનુભૂતિ કોઈપણ પ્રકારની પ્રાપ્તિની ચરમસીમા છે, મનમાં સ્થાપિત સ્વરૂપ અનુસાર મહાદેવનું સાકાર દર્શન પરમ સૌભાગ્ય છે, મહાદેવની નિરાકારતાની સંપૂર્ણ સમજ મહાદેવના આશીર્વાદ સમાન છે, મહાદેવની સર્વત્ર શાશ્વત હાજરીની પ્રતીતિ એક પરમ વરદાન સમાન છે. આ બધું જ ગુરુચરણમાં બેસવાથી, ગુરુચરણની સેવા કરવાથી, ગુરુચરણને સાષ્ટાંગ દંડવત કરવાથી પ્રાપ્ત થઈ શકે. ગુરુ મહાદેવના અસ્તિત્વનું પ્રમાણ પણ છે અને તે અસ્તિત્વને પામવાનું માધ્યમ પણ છે. ગુરુની કૃપા વિના મહાદેવને આત્મસાત કરવા અશક્ય છે, અસંભવ છે. ■

# ચેતનાની ગતિ થાય ત્યારે ચિત્ત આકાશ જેવું વિશુદ્ધ બની જાય છે...

અલૌકિક દર્શન

ભાણદેવ
feedback@bombaysamachar.com



हृदयेचित्तसंवित् ।
(યો. સૂ. ૩, ૩૪)

'હૃદયકેન્દ્રમાં સંયમ કરવાથી ચિત્તનું જ્ઞાન થાય છે.'

આ કેન્દ્ર અંતઃ કરણનું મુખ્યસ્થાન છે. અનાહત ધ્વનિ આ ચક્રમાંથી ઉત્પન્ન થાય છે તેથી તેને અનાહત ચક્ર કહે છે. આ ચક્રમાં ઉત્પન્ન થનાર અનાહત ધ્વનિ જ શબ્દ બ્રહ્મ છે, જે પરબ્રહ્મ સુધી દોરી જાય છે.

ભાવમાર્ગના સાધકો માટે આ સૌથી મહત્ત્વનું કેન્દ્ર છે કારણ કે આ હત્કેન્દ્ર ભાગનું અધિષ્ઠાન છે.

**૫. વિશુદ્ધ ચક્ર**

(૧) ચક્રસ્થાન- આ ચક્રનું સ્થાન કંઠમાં છે.

(૨) આકૃતિ - ધૂંધળા પ્રકાશથી પ્રકાશિત ૧૬ પાંખડીઓવાળા કમળ જેવી આકૃતિ છે.

(૩) વર્ણ - આ દરેક પાંખડીઓ પર અનુક્રમે अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ल, ल, ए, ऐ, ओ, औ, अं, अः - આ સોળ અક્ષરો લખાયેલા છે.

(૪) તત્ત્વાન - વિવિધરંગી ગોળ આકૃતિવાળા આકાશતત્ત્વનું મુખ્ય સ્થાન છે.

(૫) તત્ત્વબીજ - તત્ત્વબીજ 'ह' છે.

(૬) તત્ત્વબીજની ગીત - હાથીની જેમ ધુમાવયુક્ત ગતિ છે.

(૭) ગુણ - 'શબ્દ' ગુણ છે.

(૮) વાયુસ્થાન - ઉદાનવાયુનું સ્થાન છે.

(૯) જ્ઞાનેન્દ્રિય - શબ્દ તન્માત્રાથી ઉત્પન્ન થયેલ શ્રવણેન્દ્રિયનું સ્થાન છે.

(૧૦) કર્મેન્દ્રિય - આકાશ તત્ત્વથી ઉત્પન્ન થયેલ 'વાણી'નું સ્થાન છે.

(૧૧) લોક - આ जनः લોક છે.

(૧૨) તત્ત્વબીજનું વાહન - જેના પર પ્રકાશદેવતા આરુઢ થયા છે તે હાથી વાહન છે.

(૧૩) અધિપતિ દેવતા - પાંચમુખવાળા સદાશિવ પોતાની શક્તિ ચતુર્ભુજ શાકિની સાથે અધિપતિ દેવતા છે.

(૧૪) યંત્ર- પૂર્ણચંદ્ર સમાન ગોળાકાર આકાશ મંડલ યંત્ર છે.

(૧૫) ચક્ર પર ધ્યાનનું ફળ-શાંતચિત્ત, શોકમુક્ત, દીર્ઘજીવી, કવિ, મહાજ્ઞાની, થવાનું ફળ આ ચક્ર પરના ધ્યાનથી પ્રાપ્ત થાય છે.

આ સ્થાન પર ચેતનાની ગતિ થાય ત્યારે ચિત્ત આકાશ જેવું વિશુદ્ધ બની જાય છે તેથી તેને વિશુદ્ધ ચક્ર કહેવામાં આવે છે.

**૬. આજ્ઞા ચક્ર**

(૧) ચક્રસ્થાન - બંને ભમરોની વચ્ચે, કપાળમાં આ ચક્રનું સ્થાન છે.

(૨) આકૃતિ - શ્વેત પ્રકાશથી પ્રકાશિત બે પાંખડીઓવાળા કમળ સમાન આકૃતિ છે.

(૩) વર્ણ - બંને પાંખડીઓ પર અનુક્રમે हं અને क्षं અક્ષરો લખેલા છે.

(૪) તત્ત્વ - લિંગાકાર મહત્ત્વ છે.

(૫) તત્ત્વબીજ - ओऽम તત્ત્વબીજ છે.

(૬) તત્ત્વબીજની ગતિ-તત્ત્વબીજની ગતિ નાદ સ્વરૂપિણી છે.

(૭) લોક - तपः લોક છે.

(૮) તત્ત્વબીજનું વાહન - નાદ, જેના પર લિંગ દેવતા છે, તે તત્ત્વબીજનું વાહન છે.

(૯) અધિપતિ દેવતા - જ્ઞાનદાતા શિવ પોતાની ચતુર્ભુજા ષડાનના હાકિની શક્તિ સાથે અધિપતિ દેવતા છે.

(૧૦) યંત્ર - લિંગાકાર છે.

(૧૧) ચક્રધ્યાનનું ફળ - ભિન્ન ભિન્ન ચક્રોમાં ધ્યાનથી જે ફળ મળે છે તે બધું ફળ આજ્ઞાચક્રના ધ્યાનથી મળે છે.

આ સ્થાનમાં પ્રાણ અને ચિત્ત સ્થિર થવાની સંપ્રજ્ઞાત સમાધિની પ્રાપ્તિ થાય છે.

મૂલાધારથી છૂટી પડીને નીકળેલી ઈડા, પિંગલા અને સુષુમ્ણા આ સ્થાન પર મળે છે તેથી તેને યુક્તત્રિવેણી કહે છે. ઈડાને ગંગા, પિંગલાને યમુના અને સુષુમ્ણાને સરસ્વતી ગણવામાં આવે છે. આજ્ઞા ચક્રને ત્રિવેણીસંગમ ગણીને તીર્થરાજ કે પ્રયાગરાજ નામ આપવામાં આવે છે. આ સ્થાનમાં સ્નાન કરવાથી મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થાય છે. આ આજ્ઞા ચક્રને જ શિવનેત્ર-દિવ્યદષ્ટિનું સ્થાન ગણવામાં આવે છે.

**૭. સહસ્ત્રાર ચક્ર**

(૧) ચક્રસ્થાન- મસ્તકમાં તાલુની ઉપર આ ચક્રનું સ્થાન છે.

(૨) આકૃતિ - વિવિધ રંગના પ્રકાશથી યુક્ત રાહસ્ત્ર પાંખડીઓવાળા કમળ જેવી આકૃતિ છે.

(૩) વર્ણ - આ સહસ્ત્ર પાંખડીઓ પર अ થી क्ष સુધીના પચાસ અક્ષરો વીસવાર લખેલા છે.

(૪) તત્ત્વ - આ ચક્ર તત્ત્વાતીત છે.

(૫) તત્ત્વબીજ - વિસર્ગ છે.

(૬) તત્ત્વબીજની ગતિ - બિંદુ છે.

(૭) લોક - સત્ય છે.

(૮) તત્ત્વબીજ વાહન - બિંદુ છે.

(૯) અધિપતિ દેવતા - પરબ્રહ્મ પોતાની મહાશક્તિ સાથે અધિપતિ દેવતા છે.

(૧૦) યંત્ર - પૂર્ણચંદ્ર શુભ્રવર્ણયુક્ત.

(૧૧) ચક્રધ્યાનનું ફળ - અમરત્વ, મુક્તિ.

આ સ્થાનમાં પ્રાણ અને મન સ્થિર થવાથી સર્વવૃત્તિઓના નિરોધરૂપ અસંપ્રજ્ઞાત સમાધિની પ્રાપ્તિ થાય છે.

**કેટલાક અન્ય ચક્રોઃ**

પ્રાણતોષિણી તંત્રમાં, મસ્તકમાં બીજા બે ચક્રો હોવાનું બતાવવામાં આવ્યું છે. ૬૪ પાંખડીઓવાળું લલના ચક્ર તાલુમાં છે અને ૧૦૦ પાંખડીઓવાળું ગુરુ ચક્ર, લલના ચક્ર અને સહસ્ત્રાર ચક્રની વચ્ચે છે.

આ ઉપરાંત, અનાહત ચક્રની બાજુમાં 'માનસ ચક્ર' નામનું આઠ પાંખડીવાળું ચક્ર હોવાનું વર્ણન પણ મળે છે.

કોઈક કોઈક ગ્રંથોમાં મણિપુર પાસે 'સૂર્ય ચક્ર' હોવાનું પણ જણાવવામાં આવ્યું છે.

આ બધા ચક્રોમાં જીવાત્માનું સ્થાન ક્યાં છે?

જાગૃત અવસ્થા દરમિયાન જવાત્મા બાહ્ય ઈંદ્રિયો દ્વારા વિષયોને ગ્રહણ કરે છે. બાહ્ય ઈંદ્રિયોમાં નેત્ર પ્રધાન છે તેથી ઉપનિષદમાં, જાગૃત અવસ્થા દરમિયાન જીવાત્માનું સ્થાન નેત્રમાં બતાવવામાં આવેલ છે.

य एषोडक्षिणि पुरुषो दृश्यत एव आत्मेति।।

'આ જે આંખમાં પુરુષ દેખાય છે, તે આત્મા છે.'


અહીં આંખ દ્વારા ઉપલક્ષણથી સર્વ ઈંદ્રિયો કહેવામાં આવેલ છે, એમ સમજવું જોઈએ.

સ્વપ્નાવસ્થામાં જીવાત્માનું સ્થાન કંઠ બતાવવામાં આવે. જાગૃત અવસ્થામાં જે પદાર્થોનું દર્શન કે ભોગ થાય તેના સંસ્કારો કંઠસ્થ હિતા નાડીમાં રહે છે. સ્વપ્નાવસ્થામાં આ સંસ્કારો જાગૃત થાય છે. તેથી જીવાત્માનું સ્થાન એ અવસ્થામાં કંઠસ્થ હિતા નાડી ગણાય છે. સુષુપ્તિ અવસ્થામાં જીવાત્માનું સ્થાન હૃદય કેન્દ્ર બતાવવામાં આવે છે. (ક્રમશઃ)■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# નરસિંહ મહેતા ને મીરાંનાં પદોમાં વ્યક્ત થતી શ્રી કૃષ્ણ ભક્તિ



ગુજરાતી ભાષાને પોતાની કાવ્ય રચનાઓથી ભવ્યતા અર્પનારા સંત-ભક્ત કવિ નરસિંહ મહેતાએ ગાયું છે :'ભૂતળ ભક્તિ પદારથ મોટું બહ્મલોકમાં નાંહી રે...' આ ધરતી, આ પૃથ્વી,આ ભૂતલ ઉપરનો સૌથી મોટો છતાં સૌને સુલભ એવો પદાર્થ એ માત્ર ભક્તિતત્ત્વ છે, જેની પ્રાપ્તિ બહ્મલોકમાં થઈ શકતી નથી. જીવમાત્રને પરમાત્મા કે પરમચેતના પ્રત્યે દોરી જનાર ખેંચી જનાર સાધન તે અધ્યાત્મવિદ્યા કે ભક્તિ છે. ભક્તિ શબ્દ અહીં માત્ર સગુણ-સાકારની ઉપાસના, પૂજન, કીર્તન, વંદન, સ્મરણ એ નવધા ભક્તિના સંકુચિત અર્થમાં નથી પણ ભક્તિચિંતન, સૂફી પ્રેમસાધના કે સહજયોગ, ક્રિયાયોગ, કર્મયોગ વૈરાગ્યનો બોધ કે ઉપદેશ અને પૂર્વે થયેલી સંતો-ભક્તોના ગુણ સંકીર્તન સાથે ગુરુ શરણભાવ કે લોક સેવા સુધી ફેલાયેલો છે. દરેક સાધનાપંથને એની પોતીકી આગવી કેડી હોય છે પરંતુ એ વાટ- રસ્તો પહોંચાડે છે પરમચેતના પ્રત્યેની સંપૂર્ણ શરણાગતિભરી ભક્તિ તરફ...

ભક્તિને શ્રવણ, કીર્તન. સ્મરણ, પાદ સેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન એવા નવ ભેદોમાં કે સાત્વિક, રાજસી, તામસી કે ગુણાતીત એવા ચાર પ્રભેદોમાં અથવા તો સાધન ભક્તિ, ભાવાત્મિકા ભક્તિ, પ્રેમસ્વરૂપા ભક્તિ એમ ત્રણ ભેદોમાં વહેંચવામાં આવે છે. આ કોઈપણ પ્રકારની ભક્તિ હોય એમાં પ્રવેશની પ્રથમ શરત છે શ્રદ્ધા અને સમર્પણ. ભક્તિ એટલે સંપૂર્ણ શરણાગતિ, પૂર્ણ આત્મ સમર્પણ.

આપણું ભાગવત પુરાણ પ્રેમલક્ષણા ભક્તિમાર્ગનો આદિ સ્તોત્ર ગણાય છે. તેની અસર નીચે આવેલા વૈષ્ણવ આચાર્યોએ આ પ્રેમલક્ષણા ભક્તિ તત્ત્વનું કાઠું બાંધવામાં ઓછી મહેનત નથી કરી. તો રૂપ ગોસ્વામી, સુરદાસ, જીવગોસ્વામી, અને સનાતન ગોસ્વામીએ વૃંદાવનીય ભક્તિને આગવું રૂપ અને સ્થાન અપાવ્યું છે. આમ નવમા- દશમા શતકમાં અંકુરિત થયેલા પ્રેમ લક્ષણા ભક્તિમાર્ગને તેરમા- ચોદમાં શતકમાં પીઠિકા પ્રાપ્ત થાય છે અને પંદરમા સૈકા સુધીમાં તો પ્રેમલક્ષણા ભક્તિમાર્ગનું મોજું આખા ભારતવર્ષને વ્યાપી વળે છે.

સાહિત્ય સહિત તમામ ભારતીય કલાઓમાં કૃષ્ણચરિતને વિશિષ્ટ અને મહત્ત્વપૂર્ણ સ્થાન મળ્યું છે. ભારતનું પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર -દક્ષિણનું કોઈ પણ રાજ્ય હોય ને એ ચિત્ર, સ્થાપત્ય, નૃત્ય, સંગીત અને સાહિત્ય જેવી કોઈ પણ કલા હોય એમાં કોઈ-ને-કોઈ રૂપમાં કૃષ્ણચરિતનું જ નિરૂપણ થયેલું જોવા મળશે. ભગવાન શ્રીકૃષ્ણનું જીવન ગોકુળ-વૃંદાવન, મથુરા અને દ્વારકા એ ત્રણ સ્થળો સાથે સંકળાયેલું છે. અને કૃષ્ણચરિત્રનો વિકાસ પણ એ રીતે ત્રણ તબક્કે થાય છે. હાલરડાં, વિશ્વસ્વરૂપ, બાલકૃષ્ણ, ગોપાલકૃષ્ણ, વસ્ત્રાહરણ, નાગદમણ, દાણલીલા, રાસલીલા, વડછડ, હોરી, ફાગ વગેરેનો સંબંધ ગોકુળ સાથે છે તો ગોપી-કૃષ્ણ, મોરલીધર, રાધા-કૃષ્ણ અને ચાંવળી ઈત્યાદિનો સબંધ કૃષ્ણના મથુરાગમન પછી પણ પરોક્ષપણે ગોકુળ સાથે છે. મનોભાવની તીવ્ર વેદના તો કૃષ્ણના મથુરાગમનને ઉદ્દેશતાં ગોપીઓનાં વિરહ ગીતોમાં છે. ઉદ્ધવસંદેશમાં અનેક ઉત્તમ લોકગીતો અને ભજનો સંકળાયાં છે મથુરાગમનને નિમિત્તે જ તો લોકહૃદયને કૃષ્ણ-ગોપીના ઉત્કટ અનુરાગ અને રંગદર્શીતાને વિપ્રલંભના માધ્યમે ભર્યા કંઠે ગાવાનો સુયોગ પ્રાપ્ત થાય છે.

વૈષ્ણવ ભક્તિની પરંપરા જ્યાં પ્રાચીન સમયથી ચાલી આવે છે એવા ગુજરાત પ્રદેશમાં શ્રી કૃષ્ણના નિવાસ સ્થાન તરીકે જાણીતા દ્વારિકા તથા શ્રીકૃષ્ણના મોટાભાઈ બલરામજીના નિવાસસ્થાન તરીકે ગિરનાર ક્ષેત્રમાં આવેલાં રણછોડરાય,માધવરાય મંદિરો,માધવપુર અને ડાકોરનાં મંદિરો ઉપરાંત પુષ્ટિ સંપ્રદાયની અનેક બેઠકોને કારણે ગુજરાતમાં શ્રી કૃષ્ણની ઉપાસના અને તેને કેન્દ્રમાં રાખીને સાહિત્યનું સર્જન થતું રહ્યું છે. અષ્ટ છાપના કવિ કૃષ્ણદાસ અધિકારી તો ગુજરાતના જ ચરોતર પ્રદેશના પાટીદાર કવિ હતા. તો મીરાંબાઈ પોતાના જીવનના પાછલા પંદરેક વર્ષ ગુજરાતમાં જ વિતાવી ગયાં એમ મનાય છે.

ભારતવર્ષના શુકદેવજી, જયદેવ, વિદ્યાપતિ, ચંકિદાસ, સૂરદાસ, વૈષ્ણવ ભક્ત કવિઓ, કબીર પરંપરાના સંતકવિઓ અને નરસિંહથી માંડીને દયારામ સુધીના મધ્યકાળના ગુજરાતી સંત / ભક્ત કવિઓ પોતાની પરમતત્ત્વ સાથેની સ્નેહલીલા આ રીતે રહસ્યગર્ભ વાણીમાં ગાતા રહ્યા છે. સંત કવયિત્રી મીરાંબાઈ ગાતાં હોય - 'પ્રેમની પ્રેમની પ્રેમની રે મું ને લાગી કટારી પ્રેમની', 'હે રી મેં તો પ્રેમ દીવાની મેરો દરદ ન જાને કોઈ...', 'પ્રેમનગર મત જાના મુસાફિર... પ્રેમ નગર મત જાના...' એ વેરાગણ, એ જોગણ, એ વિરહિણી મતવાલી મીરાંએ પોતાના પિયુ માટે, પોતાના સ્નેહ સંબંધ માટે કેટલું સહન કર્યું? પણ સંસારનું હળાહળ વિષ એને માટે અમૃત હતું. જેણે પ્રીતમવરની, સુંદરવરની ચૂંદડી ઓઢી હોય એને ક્યારેય વૈધવ્ય ન આવે.

શ્રીકૃષ્ણ અને રાધા કે શ્રીકૃષ્ણ અને ગોપીના પ્રણયનો વિષય મધ્યકાળના લગભગ તમામ કવિઓ માટે પ્રથમ પસંદગીનો અને રસનો વિષય રહ્યો છે. નરસિંહ મહેતાની કાવ્ય સૃષ્ટિમાં ગોપીના ચિત્તમાં પ્રાણપ્યારા પુરુષોત્તમ પ્રત્યે જન્મેલું અદમ્ય આકર્ષણ જમુનાના કાંઠેથી શરૂ થઈને વૃંદાવનની કુંજગલીઓમાં પુષ્ટ થતું રહ્યું છે. કામણગારા કાનના લટકામાં લોભાયેલી વ્રજવનિતા પોતાના સંસાર-વ્યવહારનાં કાર્યો પ્રત્યે અત્યંત ઉદાસ બની જાય છે અને એને વારંવાર એક જ મોહિની મૂરતનું સ્મરણ સતાવે છે જેણે કામણગારી બંસરીને વેરણ બનાવી છે. મુરલીમનોહર કૃષ્ણના રૂપ-સ્વરૂપ ઉપર વારી જતી 'ગોપી' એવી ઘાયલ દશાનો તલસાટ અનુભવે છે કે સંસારિયા એને ઘેલી કહીને હાંસી ઉડાવે છે. પોતાની મા કે સખી આગળ વારંવાર એકની એક વાતનું ગાણું ગાતી વ્રજગોપી આખરે ખુદ કૃષ્ણ આગળ પણ પોતાના પ્રણયનો એકરાર કરે છે. ગોપીથી એક નિમિષમાત્ર પણ - ક્ષણાર્ધ માટે પણ કૃષ્ણનો વિયોગ સહન થાય તેમ નથી. આવી વ્યાકુળતા કે ગોપીહૃદયના તલસાટને કવિ વાચા આપે છે ત્યારે નરસિંહનું પુરુષપણું ઓગળી જાય છે. યમુનાકાંઠે પાણી ભરવા ગયેલી વ્રજનારી સામે કૃષ્ણ કનૈયાએ નજરૂંના એવાં કામણ કર્યા છે કે ગોપીનું મન વિહ્વળ થઈ ગયું. વશીભૂત થઈ ગયું. કામણગારા કાનુડાના લટકામાં લોભાયેલી વ્રજવનિતાને હવે કૃષ્ણ વિના બીજું કંઈ દેખાતું જ નથી. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com

# શાસ્ત્ર-મહિમા



ગત અંકમાં લોભની વિભીષિકા વર્ણવીને હવે ભગવાન કૃષ્ણ શાસ્ત્રોનો મહિમા કહીને સોળમાં અધ્યાયનું સમાપન કરે છે.

ગીતા કહે છે કે જે વ્યક્તિ શાસ્ત્ર પ્રમાણે જીવન જીવે છે તે સુખી થાય છે અને તેથી વિરુદ્ધ આચરણ કરે તે નરકગામી થાય છે. હિંદુ ધર્મમાં શાસ્ત્રોનો આટલો મહિમા શા માટે છે? હા, જે આપણી પર શાસન કરે, આપણને દિશાદર્શન કરે, આપણું રક્ષણ કરે તેનું નામ છે શાસ્ત્ર. શાસ્ત્રો ફક્ત ધાર્મિક અને આધ્યાત્મિક જ્ઞાનનો સ્ત્રોત નથી પણ સમાજના પાયાને પણ મજબૂત બનાવે છે. શાસ્ત્રોમાં સમાયેલ જ્ઞાન આપણને સાચા માર્ગ પર ચાલવા માટે પ્રેરણા આપે છે. સામાજિક અને નૈતિક જીવનની દિશા સ્પષ્ટ કરે છે અને જીવનનો હેતુ સમજવામાં મદદ કરે છે. શાસ્ત્રોનો હેતુ ફક્ત ધાર્મિક માન્યતાઓ જાળવવાનો નથી, પરંતુ તે આપણને જીવન જીવવાની સર્વોચ્ચ અને આદર્શ રીત પણ શીખવે છે.

માનવજીવનની બધી જ ભાવનાઓને વધુ આધ્યાત્મિક, વધુ મજબૂત, વધુ ઊંડી અને વધુ ઉન્નત બનાવવા શાસ્ત્રો આપણને સતત સનાતન સિદ્ધાંતો શિખવાડતાં રહ્યાં છે. તે સિદ્ધાંતોને અનુકૂળ વિધિ-વિધાનો પ્રેરતાં રહ્યાં છે. તેને પ્રતિકૂળ લાગે તેનો નિષેધ પણ કરતાં રહ્યાં છે. અને આ બધાને અનુસરવા માટેના ઉપાયોનું સુંદર નિરૂપણ કરી અનુશાસિત કરતાં રહ્યાં છે.

સંસ્કૃત ભાષામાં એક સુભાષિતમાં કહેવાયું છે કે શાસ્ત્ર સર્વસંશયોનો ઉચ્છેદ કરે છે, પરોક્ષ લાગતા સિદ્ધાંતોને પ્રત્યક્ષ કરી આપે છે, શાસ્ત્ર જ માનવીનું સાચું નેત્ર છે. તેથી જેને શાસ્ત્રનો સંબંધ નથી તે ખરેખર આંધળો જ છે.

ગાંધીજીએ શ્રીમદ્ ભગવદ્ગીતા વિષે પોતાનો અભિપ્રાય આપતાં કહ્યું હતું, 'મને જન્મ આપનારી માતા તો અત્યારે મૃત્યુ પામી, પરંતુ સંકટના સમયે આ ગીતારૂપી માતા પાસે જવાનું શીખી ગયો. હું તો ચાહું છું કે ગીતા રાષ્ટ્રીય શાળાઓમાં જ નહીં, પરંતુ પ્રત્યેક શૈક્ષણિક સંસ્થાઓમાં ભણાવવામાં આવે.'

ભગવાન સ્વામિનારાયણે વચનામૃત ગ્રંથમાં વાત કરી છે કે જો વેદ, બૃહદારણ્ય, છાંદોગ્ય, કઠવલ્લી આદિક જે ઉપનિષદ, ભગવદ્ગીતા, વાસુદેવમાહાત્મ્ય, વ્યાસસૂત્ર ઇત્યાદિક ગ્રંથનું સદ્ગુરુ થકી શ્રવણ કરે તો જ્ઞાન ઉપજે અને એકાંતિક ધર્મનો ઉદય થાય.

નિસ્સંદેહ, જ્ઞાનનાં મૂળ સ્રોત આપણાં પ્રાચીન શાસ્ત્રો છે. તેઓ આપણને ધર્મ, સત્ય, અહિંસા અને શાંતિના માર્ગ પર ચાલવા પ્રેરણા આપે છે અને તેથી જ મુમુક્ષુ આત્મ-સાક્ષાત્કાર અને પરમાત્મા સાથેના જોડાણના માર્ગ પર આગળ વધે છે. વ્યક્તિને તેનાં કર્તવ્યો, જવાબદારીઓ અને અધિકારો વિશેનું મૂળભૂત માર્ગદર્શન સહસ્ત્રો વર્ષોથી શાસ્ત્રો જ કરાવતા રહ્યાં છે.

ફક્ત મહાભારતની જ વાત કરીએ તો પણ મસ્તક નમ્રતાથી નમી જાય એવું છે. મહાભારતમાં ૧૦૦,૦૦૦થી વધુ શ્લોકો છે, જે તેને વિશ્વનો સૌથી મોટો મહાકાવ્ય બનાવે છે. તે માત્ર યુદ્ધની કથા નથી, પણ રાજનીતિ, નૈતિકતા, ભક્તિ અને જીવન જીવવાની કળાનો મહાન માર્ગદર્શન છે. ધર્મ, દર્શન, નીતિ, કળા અને વિજ્ઞાનથી યુક્ત આ ઐતિહાસિક શાસ્ત્ર માટે કહેવાયું છે કે 'ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ' એ ચાર પુરુષાર્થની બાબતમાં જે આ મહાભારતમાં ઉપદેશાયું છે તે જ સકળ જગતમાં દેખાય છે. અને જે અહીં નથી કહેવાયું તે ક્યાંય જોવામાં નથી આવતું.'

પરંતુ ભારતીય શાસ્ત્રોનું મૂળ પ્રયોજન તો મોક્ષની પ્રાપ્તિ છે. અને તે માટે શાસ્ત્રોમાં બ્રહ્મવિદ્યા જ આલેખાયેલી છે. મુંડક ઉપનિષદમાં ગુરુ અંગિરા શિષ્ય શૌનકને કહે છે કે, **'येनाङक्षरे पुरुषं वेद सत्यं प्रोवाच तां तत्वतो बह्मविद्याम्'** (મુંડક ઉપનિષદ : ૧/૨/૧૩). આ વાક્ય બ્રહ્મવિદ્યાનું લક્ષણ બાંધે છે. જેના વડે અક્ષર અને પુરુષનું તત્ત્વે કરીને જ્ઞાન થાય તેને બ્રહ્મવિદ્યા કહેવાય.' અહીં અક્ષર શબ્દથી અક્ષરબ્રહ્મ અને પુરુષ શબ્દથી પુરુષોત્તમ પરબ્રહ્મની વાત કરી છે. ફલિતાર્થ એ થયો કે પ્રત્યેક મુમુક્ષુને ભવનાં બંધનોમાંથી મુક્ત કરવા માટે અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મના દિવ્ય સ્વરૂપ, ગુણો તથા ઐશ્વર્ય વગેરેનું તાત્વિક નિરૂપણ કરવું એ જ સઘળાં ઉપનિષદોનું મુખ્ય લક્ષ્ય છે.

આમ, શાસ્ત્રોનો અભ્યાસ કરીને વ્યક્તિ પોતાના આત્માને શુદ્ધ કરીને ભગવાન સાથે ઊંડો સંબંધ સ્થાપિત કરે છે. પરિણામે આત્મ-સાક્ષાત્કારના માર્ગ પર તે નિર્વિઘ્ન આગળ ધપે છે.

ઈતિહાસ સાક્ષી છે કે હ્યુ-એન-ત્સાંગ, હેન્રી ડેવિડ થોરો, વોરન હેસ્ટિંગ્સ જેવા તો ઘણા વિદેશીઓએ અમસ્તું જ કે પછી કોઈ હેતુસર આપણા શાસ્ત્રોમાં ડોકિયું કર્યું ને તેને સમર્પિત થઈ ચૂક્યા હતા.

એટલે જ મહંતસ્વામી મહારાજ કહે છે- શાસ્ત્રો જીવનમાં જ્ઞાન અને મૂલ્યોના પ્રકાશથી મનુષ્યને ધર્મ અને કર્મનો ઉપદેશ કરીને માનવને સુખ અને શાંતિ મેળવવાની દિશા દર્શાવે છે. ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

# એક શહેર-બે મંદિર ને બે નંદીની કથા...



શ્રાવણનો પવિત્ર માસ હોય ત્યારે શિવજીની ભક્તિ તો થાય જ, પરંતુ શિવજીના વાહન નંદીની વાત ન કરીએ તો કેમ ચાલે? ભારતમાં મહાદેવના સેંકડો નહીં, પરંતુ હજારો મંદિરો છે. બધાજ મંદિરો ભોળાનાથના નામથી જ ઓળખાય છે. જોકે, દેશમાં એક શહેર એવું છે, જ્યાં બે મંદિરો શિવજીનાં નહિ, પણ તેમના વાહન નંદીના નામથી ઓળખાય છે, અને તેમની પૂજા પણ થાય છે.

**એક એવું મંદિર જ્યાં નંદી સ્વયં શિવજીનો અભિષેક કરે છે.**

બેંગલૂરુ શહેરમાં મલ્લેશ્વરમ લેઆઉટમાં એક ટેમ્પલ સ્ટ્રીટ આવેલી છે. તેમાં સ્થિત એક મંદિર શ્રી દક્ષિણામુખ નંદી તીર્થ કલ્યાણી ક્ષેત્ર નામે ઓળખાય છે. આ મંદિરની સૌથી ખાસ વાત નંદીની મૂર્તિ છે, જેના મુખમાંથી સતત પાણી વહેતું રહે છે, જેની ધારા સીધી મહાદેવના લિંગ ઉપર અભિષેક કરે છે. કહેવાય છે કે, આજ સુધી કોઈ જાણી શક્યું નથી કે નંદીના મુખમાંથી પાણી કેવી રીતે સતત વહેતું રહે છે. મંદિરને નંદી તીર્થ, નંદીશ્વર તીર્થ, બસવ તીર્થ અથવા સ્થાનિક ભાષામાં ફક્ત મલ્લેશ્વરમ નંદી ગુડી તરીકે પણ ઓળખવામાં આવે છે.

મંદિરના મુખ્ય દેવતા સ્વાભાવિકપણે શિવજી છે. પણ આ મંદિરનું કેન્દ્રબિંદુ એક અનોખા નંદી છે, જે દક્ષિણ દિશા તરફ મુખ કરીને બિરાજમાન છે, જે સામાન્ય રીતે ભારતીય મંદિરોમાં પૂર્વાભિમુખ કે પશ્ચિમાભિમુખ જોવા મળે છે. તેથી અહીંની ભાષામાં તેને 'દક્ષિણામુકા નંદી' ('દક્ષિણમુખી નંદી) કહેવાય છે અને તે નામથી આ મંદિર પ્રસિદ્ધ થયું.

એવું માનવામાં આવે છે કે આ મંદિર લગભગ ૪૦૦ વર્ષ પુરાતન છે. મંદિર જે સ્થાન પર છે, તે જમીન બાકીના વિસ્તાર કરતા નીચાણવાળા વિસ્તારમાં હોવાથી કાળક્રમે ઉપેક્ષાને કારણે તે જમીનમાં દટાઈ ગયું હોવાનું મનાય છે. ઉપરાંત, આ મંદિર દક્ષિણના અન્ય ભવ્ય મંદિરોની જેમ ગોપુરમ સહિત શિખરબદ્ધ ન હોવાથી પણ તેને અદ્રશ્ય થતા વાર ન લાગી. કહેવાય છે કે ૧૯૯૭માં આ સ્થળની જમીનને રહેઠાણ માટે ઉપલબ્ધ કરાવવા ખોદકામ કરવામાં આવ્યું ત્યારે તે ફરીથી ઉજાગર થયું. દક્ષિણના ઐતિહાસિક મંદિરોની તુલનામાં પ્રમાણમાં નાનું અને સ્થાપત્યની દ્રષ્ટિએ આકર્ષક ન હોવા છતાં, નંદીના મુખમાંથી શિવજીને થતો અભિષેક ભક્તોમાં વિશેષ આકર્ષણ ઊભું કરે છે.

**એક એવું મંદિર જ્યાં નંદી સ્વયં પૂજાય છે.**

બેંગલૂરુમાં જ નંદીનું બીજું એક મંદિર પણ અદ્ભુત છે. અદ્ભુત, બે કારણોથી; એક તો આ મંદિર નંદીને જ સમર્પિત છે, અને બીજું કે આ નંદીની પ્રતિમા અત્યંત વિશાળ છે. સ્થાનિક ભાષામાં ડોડ્ડા બસવાના ગુડી તરીકે ઓળખાતું આ મંદિર લોકોમાં નંદી મંદિર તરીકે પ્રખ્યાત છે. દક્ષિણ બેંગલૂરુના બસવના ગુડી વિસ્તારમાં જ્યાં આ મંદિર આવેલું છે, તેને બુલ ટેમ્પલ રોડ જ કહેવાય છે! આ મંદિર બ્યુગલ રોક નામના ઉદ્યાનમાં સ્થિત છે અને તેને બેંગલૂરુના સૌથી જૂનાં મંદિરોમાંનું એક કહેવામાં આવે છે. આ મંદિર ૧૫૩૭માં કર્ણાટકની રાજધાની બેંગલૂરુના સ્થાપક તરીકે પ્રખ્યાત કેમ્પે ગૌડા નામના શાસક દ્વારા બનાવવામાં આવ્યું હોવાનો અંદાજ છે.

નંદીની સ્થાપના પાછળ એક વાર્તા છે. બસવન ગુડી હવે જ્યાં સ્થિત છે તે વિસ્તાર એક સમયે મગફળીની ખેતી માટે પ્રખ્યાત હતો. ત્યાં ખેડૂતોને વારંવાર આવતી એક સમસ્યાનો સામનો કરવો પડતો હતો. દર પૂર્ણિમાની રાત્રે, એક બળદ મગફળીનાં ખેતરોમાં ઘૂસી જતો અને નોંધપાત્ર નુકસાન પહોંચાડતો હતો. એક રાત્રે, ખેડૂતોએ બળદનો સામનો કરવાનું નક્કી કર્યું. જ્યારે તે દેખાયો, ત્યારે તેઓએ તેનો પીછો કર્યો. તે એક ટેકરી પર ઝડપથી દોડી રહ્યો હતો. જોકે, ટોચ પર પહોંચ્યા પછી, બળદ ગાયબ થઈ ગયો, અને તેના બદલે, તેમને નંદી (જેને કન્નડમાં બસવ પણ કહેવાય છે) ની મૂર્તિ મળી. ભગવાન શિવના વાહનના આ અકળ ક્રોધને શાંત કરવા ખેડૂતોએ તેમની મૂર્તિનું મંદિર બનાવવા નિર્ધાર કર્યો. કહે છે કે, નંદી મંદિરના નિર્માણ પછી, બળદ દ્વારા થતા વિનાશમાં નોંધપાત્ર ઘટાડો થયો. પરિણામે, આ સ્થળના લોકો વાર્ષિક મગફળીનો ઉત્સવ ઉજવે છે અને નંદીને તેમના પાકનો પહેલો ભાગ અર્પણ કરે છે.

એટલુંજ નહીં ખેડૂતોના આશ્ચર્ય વચ્ચે, નંદીની આ મૂર્તિનું કદ સતત વધ્યા કરતુ હતું. કોઈ જાણકારે તેના ઉપાય તરીકે નંદીના મસ્તકમાં ધાતુની પટ્ટી લગાવવા કહ્યું. આ ઉપાય કર્યા પછી, તેનું કદ વધતું બંધ થયું હોવાનું કહેવાય છે. હકીકતમાં, લગભગ ૪.૬ મીટર (લગભગ ૧૫ ફૂટ) ઊંચાઈ અને લગભગ ૬.૧ મીટર (લગભગ ૨૦ ફૂટ) લંબાઈ સાથે, આ મંદિરમાં નંદીની મૂર્તિ વિશ્વની સૌથી મોટી મૂર્તિઓમાંની એક હોવાનું મનાય છે. નંદિની મૂર્તિ સુંદર તો છે જ, સાથે તેના વિશાળ કદના કારણે વિશેષ આકર્ષણનું કેન્દ્ર છે. ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# આરબ સિપાહીઓ બોલી ઊઠ્યા, 'જલા તું તો અલ્લાહનું નૂર...'



સૌરાષ્ટ્રના સંત જલારામ બાપાના ચમત્કારો આજે એકવીસમી સદીમાં પણ પ્રેરણા આપનારા છે.

- એકવાર પક્ષીઓનો શિકાર કરીને આરબ સિપાહીઓ જઈ રહ્યા હતા.

- બાપાએ તેમને અન્નક્ષેત્રમાં જમાડ્યા પછી કહ્યું કે,

- 'તમારા ઝોળામાં પેલાં પંખીડાં તરફડે છે. ઝોળા ખોલી નાખો...!'

- નવાઈ પામેલા આરબોએ પોતાના થેલા ખોલ્યા તો બે કલાક પહેલાં શિકાર કરીને મારી નાખેલાં પક્ષીઓ ફરરર કરતાં પાંખો પ્રસરાવીને ઊડી ગયાં.

- એ જોઈને આરબો બોલી ઊઠ્યા,

* 'જલા, તું તો અલ્લાહનું નૂર (પ્રકાશ) છે...!'

* એ પછી આરબોએ કાયમ માટે માંસાહાર છોડી દીધો.

- જો કે સંતોની કસોટી પણ થતી હોય છે,

જે આ પ્રસંગ પરથી જાણવા મળે છે:

* એક વાર સાધુ સ્વરૂપે ભગવાન આવ્યા અને જલારામનાં પત્ની વીરબાઈની માગણી કરી.

* જલારામે પત્નીને વળાવી દીધાં.

* એ જાણીને ગામમાં હાહાકાર મચી ગયો.

* જો કે ગામના છેવાડે સાધુ અલોપ થઈ ગયો અને વીરબાઈ માતા પાછાં આવ્યાં.

જાણવા જેવું:

* વીરપુરમાં આજેય અન્નક્ષેત્ર ચાલે છે.

* સ્થાનિક અને બહારગામથી આવનારા ભક્તજનો તેનો લાભ લે છે.

* બાપાનાં મંદિરો મહારાષ્ટ્રમાં પુણેથી લગભગ ૮૦ કિલોમીટર દૂર આણંદીમાં પણ છે. જે હવે છોટે વીરપુર તરીકે જાણીતું છે.

- ભારતમાં જુદાં જુદાં રાજ્યોનાં શહેરોમાં તથા અમેરિકામાં પણ બાપાનાં ભવ્ય મંદિરો આવેલા જ્યાં આસ્થાળુઓ શ્રદ્ધાસુમન પેશ કરે છે.

- પોતાની મુરાદ, ઈચ્છા, અભિલાષા વ્યક્ત કરે છે જે પૂર્ણ થવાના અનેક દાખલા જાણવા મળે છે.

* દુનિયાભરમાં બાપાના ભક્તો છે.

- હિન્દુ,

- મુસ્લિમ,

- શીખ, ઈસાઈ તેમ જ દૂધમાં સાકર ભળે તેમ હળીમળી ગયેલી પારસી પ્રજા બધા જલારામ બાપાને માને છે.

ધર્મજ્ઞાનઃ

- વર્તમાન સમયના કઠિન કાળમાંથી સૌ કોઈ હેમખેમ પાર ઊતરી જાય તેવી બાપાના વસીલા; માધ્યમ દ્વારા પ્રભુને પ્રાર્થના અને બાપાએ બતાવેલા માર્ગ પર ચાલવાનો સ્તૂતનીય પ્રયાસ સમયનો તકાજો. ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# શિવજીનું તાંડવ કળાત્મક અભિવ્યક્તિ



જ્યારે બાળકને 'માતા-પિતા' વિશે પૂછવામાં આવે ત્યારે તે અતિ ઉત્સાહમાં એવી બધી બાબતો પણ જણાવી દે કે જે વાસ્તવિક ન પણ હોય. બાળક જ્યારે પોતાની માતાનું વર્ણન કરે ત્યારે તેનાં વર્ણનમાં ચોક્કસ રીતે 'લાર્જર ધેન કેનવાસ'નો ભાવ વ્યક્ત થાય. બાળક જ્યારે માતાના ગુણગાન ગાય ત્યારે એકવાર તો એમ લાગે કે સમગ્ર સૃષ્ટિ તેની 'એક' માતાને જ આધીન છે. આ સ્વાભાવિક પણ છે અને સ્વીકાર્ય પણ. આ યોગ્ય પણ છે અને મધુર પણ. આ ભાવાત્મક પણ છે અને વાસ્તવિક પણ. આમાં અંતરનો ઉમળકો પણ હોય અને પરિસ્થિતિની સમજ પણ. આમાં સ્થૂળ બાબતો સમાયેલી હોય અને સૂક્ષ્મ બાબતો વણાયેલી હોય. આમાં ક્યાંક ઉત્સાહ હોય તો ક્યાંક વિશ્વાસ ગૂંથાયેલો હોય. બાળક જ્યારે માતા-પિતાની વાત કરે ત્યારે તેમાં સત્ય પણ હાજર હોય અને ધારણા પણ. આ સમગ્ર પ્રક્રિયા એક વ્યક્તિગત અનુભૂતિના પ્રતિબિંબ તરીકે પણ હોય અને મનમાં ઉછળતા તરંગોના વહેણ તરીકે પણ. સમગ્રતામાં જોતાં એમ કહેવાય કે આ રજૂઆત બાળકે જાતે અનુભવેલું સત્ય, જાતે અનુભવેલી ભાવના તથા જાતે પ્રમાણિત કરેલી બાબતના સમન્વય સમાન હોય. સૃષ્ટિની આ એક અદ્‌ભુત ઘટના છે.

જ્યારે શિવ-તાંડવની વાત આવે ત્યારે કંઈક આમ જ થતું હોવાનો ભાવ જાગ્રત થવાની સંભાવના હોય છે. દેવોના દેવ મહાદેવ બધાં જ પ્રકારની સંલગ્નતાથી અલિપ્ત હોય, કોઈપણ પરિસ્થિતિ માટે ન હોય તેમને દ્વેષ કે ન હોય રાગ, તેમની માટે કોઈપણ પરિસ્થિતિ પસંદ ન હોય અને નાપસંદ પણ ન હોય, ન હોય તેમને કોઈપણ પ્રકારની પ્રવૃત્તિની આવશ્યકતા કે ન હોય કોઈ નિવૃત્તિ માટેની ભૂમિકા. મહાદેવ તો શાશ્વતતામાં, સમગ્રતામાં, સર્વત્રતામાં તથા સમાવેશીયતામાં માત્ર સાક્ષી સ્વરૂપે હોય. સંજોગો અનુસાર મહાદેવ તો માત્ર તાંડવ માટેનું નિમિત્ત બને. આ નિમિત્તપણામાં જ મહાદેવનું વાસ્તવિક સ્વરૂપ અને ઐશ્વર્ય પ્રભાવ સ્થાપિત થાય.

દેવોના દેવ મહાદેવનું તાંડવ નિમિત્ત નથી, પરંતુ નિમિત્તનું પરિણામ છે. તાંડવ કારણ નથી, પરંતુ વૈશ્વિક કારણથી ઉદ્‌ભવતું પરિણામ છે. તાંડવ કરવામાં આવતી ક્રિયા નથી પરંતુ ઉદ્‌ભવતી પરિસ્થિતિ છે. તાંડવ એ નૃત્ય નથી, પરંતુ મહાદેવના ચિંતનની કળાત્મક અભિવ્યક્તિ છે. તાંડવ એ પરિણામલક્ષી નથી, પરંતુ તેનાથી પરિણામ સ્થાપિત થઈ શકે છે. તાંડવ એ રંજનનો વિષય નથી, સાવ ભિન્ન સ્વરૂપે સ્થાપિત કરવામાં આવતું જ્ઞાન છે. જો આ જ્ઞાન સમજમાં આવે તો જ તાંડવ સમજાય, નહિંતર તો તાંડવ માત્ર એક રૌદ્ર કલાત્મક નૃત્ય તરીકે જ સમજમાં આવે. તાંડવ તે ઉપરાંત બીજું ઘણું છે.

તાંડવ મંત્રોચ્ચાર સમાન ધ્વનિનું નૃત્યમય રૂપાંતર છે. તાંડવ એ સાત્ત્વિકતા તેમજ આધ્યાત્મિકતાનું લાલિત્ય સભર એક સ્વરૂપ છે. તાંડવ એ સમગ્ર સૃષ્ટિની દિવ્યતાને ભિન્ન રીતે નાટકીયતાથી સ્થાપિત કરવાની ચેષ્ટા છે. તાંડવ એ મહાદેવની અંતઃસ્થિતિની અભિવ્યક્તિ છે, સૃષ્ટિનાં ચોક્કસ પ્રકારનાં સમીકરણો પ્રત્યે વ્યક્ત થતી ભાવના છે, મહાદેવની સંવેદનાઓની ઉમળકા ભરેલી પ્રસ્તુતિ છે, મહાદેવની નિજાનંદ મસ્તીની સાબિતી છે, મહાદેવની સમગ્રતામાં સ્થાપિત થયેલી સમાવેશીયતા છે, મહાદેવ શિવના ભાવાત્મક પ્રસારનું અનુમોદન છે, બ્રહ્માંડની વિવિધ પ્રકારની ગતિ તથા સ્થિતિનું એકત્રીકરણ છે, સૃષ્ટિના દરેક અંગ વચ્ચે પરસ્પરની લયબદ્ધતા તથા સંલગ્નતાની સાબિતી છે, મહાદેવ અને સૃષ્ટિ વચ્ચેના સમીકરણની સમજૂતી છે અને શ્રીકૃષ્ણની રાસલીલા સમકક્ષ ઘટના છે. તાંડવ દ્વારા દિવ્ય આશ્ચર્ય, વૈશ્વિક ડર, ઐશ્વરિય ભાવ, આધ્યાત્મિક વિસ્તાર, દૈવી અનુકંપા, શાશ્વત સત્ય તથા ધાર્મિક અને સાત્ત્વિક લયબદ્ધતાનો ભાવ સ્થાપિત થતો હોય તેમ અનુભવાય છે.

આ પરિપ્રેક્ષ્યમાં એમ કહી શકાય કે તાંડવ એ વિનાશ કે પ્રલયનું પ્રતીક નથી. તાંડવ તો મહાદેવની મહેચ્છાનું મહા પ્રતિપાદન છે. સર્જનના દેવ તાંડવ દ્વારા વિનાશ માટેનું કારણ કેવી રીતે બની શકે. જે મહાદેવમાં સમગ્ર સૃષ્ટિમાં તત્ક્ષણ બદલાવ લાવવાની સંભાવના હોય તે મહાદેવ બદલાવને બદલે વિનાશની પસંદગી શું કામ કરે. જે આરાધ્ય શિવ એક ભ્રૂકુટીની ચેષ્ટા થકી જ મહાન કાર્ય સંપન્ન કરી શકે તેમને જે તે પ્રલય સિદ્ધ કરવા માટે તાંડવ કરવાની આવશ્યકતા કઈ. અન્ય અનેક લીલાની જેમ તાંડવ પણ એક લીલા છે - નૃત્યલીલા છે. બસ મનમાં ઊઠેલા ભાવને વ્યક્ત કરવાં માટે તે લીલા સાકાર થઈ જાય છે. તાંડવ સાથે પ્રલય વણાયેલો હોય તો તો વારંવાર પ્રલય આવે. જેમ સમાધિમાં બેસવું, જેમ મા જગદંબા સાથે શિવસૂત્રની ચર્ચા કરવી તેમ ક્યારેક તાંડવ કરવું. નૃત્ય જેવી લાલિત્ય સભર, પ્રસન્નતા દાયક તથા સુંદર અભિવ્યક્તિ દ્વારા વિનાશ માટે પ્રયત્ન કેવી રીતે થઈ શકે.


છતાં પણ તાંડવ એક સત્ય છે. તેનું સ્વરૂપ રૌદ્ર છે. ઘણી બધી બાબતોને વિચલિત કરવાં માટે તેનું સામર્થ્ય છે. વિનાશ નક્કી હોય તો તાંડવ તેનું નિમિત્તે બની શકે, પરંતુ તાંડવ થકી વિનાશને આમંત્રણ ન મળે. બ્રહ્માંડના સમીકરણમાં ચોક્કસ પ્રકારનો વિધ્વંશ જરૂરી હોય તો તાંડવોના કોઈ એક અંશ દ્વારા તે સિદ્ધ થઈ શકે, પરંતુ તાંડવ તે જ પ્રકારનું પરિણામ આપે એ ધારણા પ્રશ્ન સમાન છે. આ સાથે એ પણ સમજી લેવું પડે કે આ બધી વાતો તર્કના ક્ષેત્રની બહાર છે. તાંડવ એક એવી પ્રક્રિયા છે કે જે બુદ્ધિની પહોંચમાં ન હોય. તાંડવ વાસ્તવિકતામાં કારણ સ્વરૂપ સૂક્ષ્મ અસ્તિત્વને આધારિત સ્થૂળ ઘટના છે, જેના મૂળમાં તો કારણ જ છે. આ કારણ એટલે જ બ્રહ્માંડના અસ્તિત્વનો આધાર, નહીં કે વિનાશનો.

દરિયા કિનારે ઊભા રહીને મઝદરિયાની વાત ન થાય. ત્યાં પહોંચ્યા પછી જ પરિસ્થિતિ સમજમાં આવે. શિવતત્ત્વ મહાદેવની કૃપા પ્રાપ્ત થયાં બાદ જ તાંડવ વિશેની વાસ્તવિકતા જાણમાં આવે. અહીં જે અભિવ્યક્તિ કરવામાં આવી છે તેનો એકમાત્ર હેતુ એ સ્થાપિત કરવાનો છે, તાંડવ ને હંમેશાં જે વિનાશાત્મકતા સાથે સાંકળવામાં આવે છે તેનાથી પણ એક ભિન્ન પણ એક વાસ્તવિકતા હોઈ શકે. ■

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# તુળજાબાઈની મર્મપૂર્ણ દુહા કવિતા...



અધ્યાત્મ હૃદયા તુળજાબાઈ બહુ નાની ઉંમરે અનાથ થઈ ગયેલા, એક ધોબી દંપતીને ત્યાં ઉછરેલાં. ધોબીને ત્યાં વસ્ત્રો ધોવા માટે આવે એને ધોવાનું કામ નાનકડી તુળજા કરે. એમનું હૃદય ભક્તિરંગી. નામ-જાપ કરે અને ભગવત સ્મરણની નાનકડી દુહા પંક્તિઓ રચે. ગામના એક સંત મોભારામ હતા. એનો સત્સંગ પણ તુળજાને હતો. મોભારામનાં વસ્ત્રો ધોવાનું સેવા કાર્ય ધોબી દંપતીને મળેલું. એક વખત મોભારામનો ઝભ્ભો ધોવા માટે આવ્યો. એના ખીસ્સામાં કાગળ હતો. એમાં બે દુહા લખાયેલા હતા. તુળજાએ વાંચ્યા. એમાંની નારી પરત્વેના દુર્ભાવની વિગત વાંચીને તુળજાએ જવાબ રૂપે નારીની મહત્તાના બીજા બે દુહા રચીને ધોવાયેલા ઝભ્ભામાં એ દુહાની સાથે પોતાના બે દુહા પણ પાઠવ્યા.

ઝભ્ભો ધોઈને આવ્યો. મોભારામને યાદ આવ્યું કે મારા રચાતા દુહા એ સમયે ઝભ્ભામાં રહી ગયેલા. ખીસ્સા તપાસ્યા તો પોતાના દુહા અકબંધ જળવાયેલા મળ્યા. સાથે બીજા પ્રત્યુત્તર રૂપના પણ બે દુહા હતા. એ વાંચીને મોભારામ પ્રસન્ન થયા. સત્સંગમાં આવતી તુળજાને દુહાની વાત કહી. એમની સાથે સામ-સામા ઘણાં દુહા રચાયાના ઉલ્લેખ મળે છે. પણ પરંપરામાં સંત મર્મકથામાં પ્રચલીત આ દંતકથા નારી પરત્વેના સંતના દર્શનને વિચાર જગતને પલટાવતી હોઈને એની મહતા મને પમાઈ છે. પછી પણ મોભારામ પરત્વે આદર પ્રગટાવતો દુહો રચીને પાઠવેલો એનો પ્રત્યુત્તર સંત મોભારામે પાઠવેલો એ અવલોક્તા ખ્યાલ આવે છે કે અધ્યાત્મપંથે વિહરવા માટે મોભારામે શિષ્યા તુળજાને ઘણું જ્ઞાનભાથું પીરસ્યું હશે.

તુળજાના દુહા અને મોભારામના દુહા કંઠસ્થ પરંપરાના આભરણ સમાન છે. એમાં જીવન-મૂલ્ય બોધ, મનોભાવનું ઉદ્‌ઘાટન અને એનું સમારાધન પમાય છે. મોભારામના અને તુળજાબાઈના દુહાને આસ્વાદીએ.

મોભારામકૃત દુહાઓ :

*વામાં અનીલ અરિ સમી, પરસન હોત વિનાશ*
*મોભા મહાજળ બીચ મેં, ઉબરન કોઈક દાસ.*

*કનક કટારી કામની, કરે કલેજા દાગ,*
*મોભા પરસન તન કરે, અંધ અભાગી જાગ.*

*તુળજાબાઈએ પ્રત્યુત્તર રૂપે પાઠવેલા દુહાઓ :*

*નારી સે જગ ઉપને, દાનવ માનવ અરૂ દેવ,*
*નારી ન હોતે જગત મેં, જનમ કિસે ઘેર લેવ.*

*જતિ, સતિ, જગ શુર, નર, ભક્ત, દાતા અરૂ સંત,*
*નારી બિન કિન ઉપને, નારી સે નામ રહંત.*

*મોભારામ પરત્વના ભક્તિભાવને આલેખતા તુળજાબાઈકૃત દુહાઓઃ*

*તુળજામન મોભા બસ્યો, દિવસે ન દિનકર ઓર,*
*બ્રહ્મરવિ ઝળકી રહ્યો, નિરખત ઠોર હી ઠોર.*

*મોભારામનો ગુરુભાવ દાખવતો દુહો :*

*કછુ ન મોભા પાસે મેં, પારાવાર સદગુરૂ સંત,*
*અચૈત દરસાયા આપ મેં, જબ સે મીરા અનંત*

દુહાના મર્મને સમજવાની ઊંચાઈ તુલજાબાઈ ધરાવતા હશે અન્યથા મોભારામની દુહા કવિતાનો ભાવ પામી ન શકાય. વળી સત્સંગ, શ્રવણ અને સમાજની વિગતો વિશે પણ તુળજાબાઈ તરુણાવસ્થામાં જ સમજણ ધરાવતી હોવાનું અનુમાન પણ એને આધારે કરવાનું બને છે. સંત મોભારામે તો સ્ત્રીઓ પરત્વેના વૈરાગ્યભાવને પ્રગટાવ્યો છે અને એનાથી દૂર રહેવાનું સૂચવે છે. તે દુહામાં કહે છે કે નારી તો પવન અને દુશ્મન સમાન છે. તે પ્રસન્ન થાય તો પણ વિનાશ નોતરે. આ નારીના મહાજળ વચ્ચે કોઈક જ ઊગરે, કોરોકટ્ટ રહે. નારી સુવર્ણકટારી સમાન છે. એ કલેજાને ચીરી નાખે માટે મોભારામ કહે છે કે ભલે એ પ્રસન્ન કરે પણ તું અંધત્વ ત્યાગીને જાગૃત થા.

તુળજાબાઈએ મોભારામના નારીચિંતનની સામે સવાલ કરતા બે દુહા રચ્યા અને પ્રત્યુત્તર રૂપે પાઠવ્યા એમાંથી તુળજાબાઈનું દર્શન પમાય છે. તુળજા માને છે તે કહેતા કથે છે કે આખું વિશ્વ નારીને કારણે ઉત્પન્ન થયું છે.

દેવ, દાનવ કે માનવનું ઉત્પતિસ્થાન પણ નારી જ છે. નારી જો આ વિશ્વમાં ન હોત તો જન્મ ક્યાં લઈ શકાત. જતિ-સતી, શુરવીર, ભક્તો, દાનવીરો કે સંત માનવીઓનું ઉત્પત્તિ-જન્મસ્થળ નારી છે, નારીને કારણે જ આ બધાનું નામ વિશ્વમાં છે.

મોભારામ પરત્વે ગુરુભાવ-ભક્તિભાવનાને આલેખતો દુહો પણ તુલજાબાઈએ રચ્યાનું પ્રમાણ દુહા રૂપે મળે છે. એમાં તુળજા કહે છે કે તુળજાના ચિત્તમાં મોભારામે નિવાસ કર્યો છે. સૂર્ય સમાન એનું તેજ છે એટલે બીજું કંઈ કળાતું નથી. બ્રહ્મતેજ પ્રકાશી રહ્યું છે એને નિરખીને ત્યાં ને ત્યાં સ્તબ્ધ થઈ જવાય છે.

મોભારામે પ્રત્યુત્તર રૂપે પાઠવેલ દુહામાંથી તુળજાને શિષ્યા તરીકે સત્કારીને એમાં રહેલા અધ્યાત્મ ભાવને એ અભિનંદતા જોવા મળે છે. મોભારામ કહે છે કે મોભા પાસે કંઈ જ નથી. સદગુરૂ સંતકૃપા સિવાય એની પાસે કશું જ નથી. તમારામાં અધ્યાત્મરૂપ ગુણસંપતિ દેખાણી છે. જેમ મીરાં અનંતરૂપી સંપત્તિ ધરાવતી હતી. એવું તેજ-તપ તમારામાં છે.

ગુરુ શિષ્યાના આ દુહાઓ ગુરુના નારીદર્શનને શિષ્યા તુળજાબાઈ કેવી રીતે કેવા દ્દષ્ટાંતોથી સંમાર્જિત કરે છે. અને નારીની મહત્તા શા માટે છે, એની વિગતોને કારણે, તુળજાબાઈના તર્કપૂત પ્રત્યુત્તરને કારણે આ મર્મપૂર્ણ દુહા કવિતા નારીના અધ્યાત્મ ચિત્તની ઊંચાઈ અને ઊંડાઈનો પરિચય કરાવે છે. ■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# મૃત્યુ બાદ મારા શરીર પરના ગજ ચર્મને આપ એક વખત ધારણ કરો ને તમારા ચરણોમાં શરણું આપો



(ગતાંકથી ચાલુ)

**શુક્રાચાર્યએ** ગજાસુરને કહ્યું, હું મારી શક્તિથી તમને ફરીવાર પહેલાંની જેમ શક્તિશાળી બનાવી દઈશ પણ મેં તમને પહેલા કહેલું કે ત્રિદેવીઓ સાથે ટકરાશો નહીં. અજ્ઞાની ગજાસુરે જણાવ્યું કે, જો મારી પાસે વરદાની શક્તિ હોય અને હું મારા પિતાની હત્યાનો બદલો ન લઈ શકું તો એ વરદાનનો ફાયદો શું? શુક્રાચાર્ય એને સમજાવતાં કહે છે કે વરદાનનો ફાયદો લેવો હોય તો પહેલાં કાશી જાઓ અને ત્યાંના બ્રાહ્મણોને યજ્ઞ કરતાં રોકો. શુક્રાચાર્યનો આદેશ મળતાં જ ગજાસુર કાશી પહોંચે છે અને ચેતવણી આપતાં કહે છે, પાખંડી બ્રાહ્મણો હું તમને ચેતવણી આપું છું. તમે જો યજ્ઞ બંધ નહીં કરો તો હું તમને દંડ આપીશ, જો તમે યજ્ઞ બંધ કરી મારા દાસ બનશો તો હું તમને અભયદાન આપીશ. બ્રાહ્મણોએ ચેતવણી ન સાંભળતાં ગજાસુર ક્રોધિત થાય છે અને ગજાસુર તેના મહાકાય પગથી બધા બ્રાહ્મણોને કચડી નાખે છે. કાશીમાં હાહાકાર મચી જાય છે. બીજી તરફ દેવર્ષિ નારદ, દેવરાજ ઈન્દ્ર સહિત દેવગણો કૈલાસ પહોંચે છે. દેવર્ષિ નારદ ભગવાન શિવને અરજ કરે છે કે, પ્રભુ કાશીના બ્રાહ્મણોની રક્ષા કરો, મેં જ કાશીના બ્રાહ્મણોને શિવ ઇચ્છા જણાવી હતી. તેઓ યજ્ઞ કરી રહ્યા હતા ત્યારે જ ગજાસુરે તેમનો વધ કર્યો છે. દેવાધિદેવ ગજાસુરને દંડ કરો. ક્રોધિત ભગવાન શિવ કહે છે, દેવર્ષિ સમય આવી ગયો છે, ગજાસુર હું અવશ્ય દંડ આપીશ. એટલું કહી ભગવાન શિવ ત્યાંથી અદશ્ય થઈ જાય છે. ભગવાન શિવ કાશી પહોંચે છે. તેઓ મૃત બ્રાહ્મણો પર મૃત્યુંજય જળ છાંટતાં જ તેઓ જીવિત થઇ જાય છે. વિનોદરાય સહિત યજ્ઞકુંડમાં આહુતિ અપાયેલા બ્રાહ્મણો પણ યજ્ઞકુંડમાંથી જીવંત પરત ફરે છે. કાશીના દરેક બ્રાહ્મણો ભગવાન શિવના સાક્ષાત દર્શન કરતાં ભગવાન શિવનો જય જયકાર કરે છે. આ જયજયકાર સંભળાતા ગજાસુર ત્યાં આવી પહોંચે છે. બ્રાહ્મણોને ફરી જીવંત જોઈ ગજાસુરે ભગવાન શિવ પર ક્રોધિત થાય છે અને કહે છે, 'ઓહ તો તમે અમારા અસુરોના આરાધ્ય ભગવાન શિવ છો. હું તમને વિનંતી કરું છું કે અમે પણ તમારા ભક્ત છીએ અને આ બ્રાહ્મણો પણ આપના ભક્ત છે. તમે અમારા વચ્ચે ન આવો.' વરદાની ગજાસુરને સમજાવતાં ભગવાન શિવ કહે છે, ગજાસુર તમે આવી વાત નહીં કરી શકો, મારા ભક્તોને જે રંજાડશે તેને હું અવશ્ય દંડ આપીશ પણ અજ્ઞાની ગજાસુર કહે છે, પ્રભુ અમે પણ તમારા ભક્ત છીએ, અમારા મતભેદ અમે ઉકેલીશું, પણ જો તમે અમારી વચ્ચે આવશો તો તમે પણ મારા ક્રોધના ભાગી બનશો. ગજાસુરની આવા પ્રકારની હિંમત જોઈ ભગવાન શિવ બોલ્યા, ગજાસુર હું તમારી બધી શક્તિઓ પરત લઉ છું, તમારી ઊંચાઈ પણ સામાન્ય થઈ જાય. ભગવાન શિવના શબ્દથી મહાકાય ગજાસુર સામાન્ય માનવી જેટલો થઈ જાય છે. બ્રાહ્મણો ભગવાન શિવનો જયજયકાર કરે છે.

* * *

ક્રોધિત ગજાસુરઃ 'દેવાધિ દેવ, તમે અન્યાય કરી રહ્યા છો, મેં મેળવેલા વરદાની શસ્ત્રો મારી પાસે છે. હવે તમને કોઈ બચાવી નહીં શકે.'

ભગવાન શિવઃ 'ગજાસુર હજી સમય વિત્યો નથી, સમજી જાઓ અને તમને મળેલા વરદાનનો ઉપયોગ માનવ કલ્યાણ માટે કરો.'

ગજાસુરઃ 'જય શિવશંકર અસ્ત્ર શસ્ત્ર પ્રકટ થાઓ.'

આટલું બોલતાં જ ગજાસુરના હાથમાં શસ્ત્ર પ્રકટ થયું તેણે એ શસ્ત્રથી ભગવાન શિવ પર હુમલો કર્યો પણ ભગવાન શિવના નામથી પ્રકટ થયેલું શસ્ત્ર ભગવાન શિવની પ્રદક્ષિણા કરી પરત ફર્યું.

અચંબિત ગજાસુર ફરી બોલવા માંડયો, 'જય શિવશંકર અસ્ત્ર શસ્ત્ર પ્રકટ થાઓ' ફરી પ્રથમ કરતાં વધુ શક્તિશાળી બીજું અસ્ત્ર પ્રગટ થયું. ગજાસુરે ફરી એ અસ્ત્રથી ભગવાન શિવ પર હુમલો કર્યો પણ ભગવાન શિવના નામથી પ્રકટ થયેલું શસ્ત્ર ભગવાન શિવની પ્રદક્ષિણા કરી પરત ફર્યું.

ગજાસુરઃ 'તમારા નામથી પ્રકટ થયેલા શસ્ત્રો સાચા છે કે ખોટા એનું મારે પરીક્ષણ કરવું પડશે.'

એટલું બોલી ગજાસુરે નવા પ્રકટ થયેલા શસ્ત્રને કાશીના બ્રાહ્મણો પર ફેંકયું. ક્ષણોમાં જ અસંખ્ય બ્રાહ્મણો એ અગ્નિમાં બળવા લાગ્યા. આ જોઈ ભગવાન શિવે પોતાના કમંડળમાંથી જળનો છંટકાવ કરતાં એ શસ્ત્રની અગ્નિ શાંત પડી. કાશીના બ્રાહ્મણો ભગવાન શિવનો જયજયકાર કરવા માંડયાં.

ભગવાન શિવઃ 'મૂર્ખ ગજાસુર હવે મારા ધૈર્યનો અંત થવા આવ્યો છે, તારો અંત નિશ્ચિત છે, હજી પણ તને એક મોકો આપ છું. વરદાની શક્તિનો ઉપયોગ લોકકલ્યાણ માટે કર.'

ગજાસુરઃ 'નહીં...'

આટલું સાંભળતાં જ ભગવાન શિવે પોતાનું ત્રિશુળ ગજાસુર પર ફેંકયું. ત્રિશુળ ગજાસુરની છાતીને ચીરીને આરપાર થઈ ગયું. ગજાસુર ભગવાન શિવના ત્રિશુળ પર લટકી ગયો.

ગજાસુરઃ 'ૐ નમઃ શિવાય, ૐ નમઃ શિવાય, ૐ નમઃ શિવાય, મારા પિતાના મૃત્યુ બાદ ઘણા વરસોથી પાતાળલોક પર શાસન કરી હું કંટાળી ગયો હતો, તમારા દર્શન માત્ર મારી ઇચ્છા હતી.'

ભગવાન શિવઃ 'ગજાસુર મને જ્ઞાત હતું કે તમારો ઉદ્ધાર મારા હાથે જ થશે. શુક્રાચાર્યના આદેશથી તપસ્યા કરવી અને વરદાન મેળવવું એ મારી લીલા જ હતી. ગજાસુર બોલો તમારી અંતિમ ઇચ્છા શું છે?'

ગજાસુરઃ 'હે પ્રભુ મેં તમારી સામે જે ઉદ્ધતાઈ કરી કોઈ તમને યુદ્ધ માટે લલકાર્યા એ બદલ માફી ચાહું છું.'

ભગવાન શિવઃ 'ગજાસુર તમે ફક્ત માફી જ નહીં, કરુણાના પણ અધિકારી છો. તમારા મનમાં જન્મેલી શિવભક્તિનું ઈનામ તમને મળવું જ જોઈએ, મારા હાથે મૃત્યુનું વરણ કરવાથી તમને અસુર યોનિથી મુક્તિ તો અવશ્ય મળશે, પણ તમારી અંતિમ ઇચ્છા વ્યક્ત કરો.'

ગજાસુરઃ 'હે પ્રભુ હું ઇચ્છું છું કે મારા મૃત્યુ બાદ મારા શરીર પરના ગજ ચર્મને આપ એક વખત ધારણ કરો અને તમારા ચરણોમાં શરણું મળે એજ મારી અંતિમ ઇચ્છા છે.'

ભગવાન શિવઃ 'તથાસ્તુ ગજાસુર, હું તમારી ઇચ્છાનું તુરંત સન્માન કરીશ.'

એજ ક્ષણે ગજાસુર મૃત્યુને વરતાં ભગવાન શિવ એના ગજચર્મને ધારણ કરે છે.

આ જોઈ ઉપસ્થિત દેવર્ષિ નારદ, દેવરાજ ઇન્દ્ર, દેવગણ અને કાશીના બ્રાહ્મણો ભગવાન શિવનો જયજયકાર કરે છે.

એજ સમયે માતા લક્ષ્મી, શ્રીહરિ વિષ્ણુ, માતા સરસ્વતી, બ્રહ્માજી, માતા પાર્વતી શિવગણો સાથે ત્યાં પધારે છે.

માતા પાર્વતીઃ 'સ્વામિ આ કયો વેશ ધારણ કર્યો છે?'

ભગવાન શિવઃ 'પાર્વતી આ મારો ગજચર્મ વેશ છે. ગજાસુર આ ગજચર્મના રૂપે કૈલાસ ખાતે વિદ્યમાન હશે. ત્રણેય દેવીઓ તમે ક્રોધમાં ગજાસુરનો વધ ન કર્યો એ માટે તમારો આભાર માનું છું.'

માતા સરસ્વતીઃ 'એ પણ તમારી લીલાનો જ ભાગ છે મહાદેવ.'

ભગવાન શિવઃ 'દેવરાજ ઇન્દ્ર જાઓ તમારું સ્વર્ગલોક સુરક્ષિત છે. જાઓ લોકકલ્યાણના કામોમાં વ્યસ્ત થાઓ.'

ભગવાન શિવનો આદેશ મળતાં જ દેવગણો પોતપોતાના લોક પરત ફર્યા. (ક્રમશઃ) ■

# અમે ડૂબ્યા તો અડધી દુનિયા...: પાકિસ્તાની લશ્કરી વડાની ધમકી

## અસીમ મુનીર અમેરિકામાં રાજકીય અને લશ્કરી નેતાઓને મળ્યા

વોશિંગ્ટન: ઈસ્લામાબાદ: પહલગામ હુમલા પછી આતંકવાદીઓ વિરુદ્ધ ભારતે ‘ઓપરેશન સિંદૂર’ હાથ ધર્યું હતું. ત્યાર પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધની પરિસ્થિતિ ઊભી થઈ હતી. આ બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ મુદ્દે અમેરિકાની મહત્ત્વની ભૂમિકા હોવાના દાવો કરવામાં આવ્યા પછી પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનિર અમેરિકાની મુલાકાતે પહોંચ્યા છે. અમેરિકા પહોંચેલા અસીમ મુનિરે ધમકીના સૂરમાં કહ્યું છે કે ભવિષ્યમાં ભારત સાથેના સંઘર્ષને કારણે જો તેમના દેશને ખતરો ઊભો થયો તો સમગ્ર ક્ષેત્રને પરમાણુ યુદ્ધમાં ધકેલી શકે છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન એક પરમાણુ સમૃદ્ધ રાષ્ટ્ર છે અને જો પોતાના અસ્તિત્વને ખતરો થયો તો અમે તો ડૂબીશું પણ અડધી દુનિયાને ડૂબાડીશું.

મુનિર ભારત સાથે યુદ્ધ બાદ બીજી વખત અમેરિકાની મુલાકાતે પહોંચ્યા છે. તેમની આ યાત્રા દરમિયાન મુનીર અમેરિકાના ટોચના રાજકીય અને લશ્કરી નેતાઓને મળ્યા હતા. આ જાણકારી સેનાએ આપી હતી. સેનાએ એક નિવેદનમાં જણાવ્યું કે સેના પ્રમુખ(સીઓએએસ) અમેરિકાની સત્તાવાર મુલાકાતે છે. નિવેદન અનુસાર આર્મી ચીફે વરિષ્ઠ રાજકીય અને લશ્કરી નેતૃત્વની સાથે-સાથે પાકિસ્તાની પ્રવાસી સમુદાયના સભ્યો સાથે ઉચ્ચ સ્તરીય વાતચીત કરી હતી. અમેરિકામાં તેમના પ્રવાસ વિશે કોઇ વિગતો જાહેર કરવામાં આવી ન હતી તેમ જ તેઓ ક્યારે પહોંચ્યા તે પણ સ્પષ્ટ નથી. ■

# એક મતદાર, બે વાર મતદાન: રાહુલ ગાંધી પાસે પુરાવા માગ્યા છે ચૂંટણી પંચે

નવી દિલ્હી: કર્ણાટકના મુખ્ય ચૂંટણી અધિકારીએ એક મહિલા દ્વારા બે વખત મતદાન કરાયું હોવાનું કહેતા કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીના આક્ષેપના સંબંધમાં તેમની પાસે દસ્તાવેજી પુરાવા માગ્યા હતા અને આ સંબંધમાં રવિવારે તેમને નોટિસ અપાઇ હતી.

તેમણે જણાવ્યું હતું કે રાહુલ ગાંધી જો સંબંધિત પુરાવા આપે, તો અમે તે અંગે વધુ તપાસ કરી શકીશું. કૉંગ્રેસના નેતા દાવો કરે છે કે શ્રીમતી શકુન રાણીએ બે વખત મતદાન કર્યું હતું. અમે કરેલી પૂછપરછમાં શ્રીમતી શકુન રાણીએ માત્ર એક જ વખત મતદાન કર્યું હોવાનું કબૂલ્યું હતું. રાહુલ ગાંધી જો પોતાના સંબંધિત આક્ષેપને લગતા પુરાવા આપે, તો વધુ તપાસ થઇ શકે.કર્ણાટકના મુખ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે રાહુલ ગાંધીએ પોતાના આક્ષેપના ટેકામાં રજૂ કરેલા ‘ટિક-માર્કવાળા દસ્તાવેજ’ કોઇ ચૂંટણી અધિકારીએ નથી આપ્યા. (એજન્સી) ■

# બિહારના નાયબ મુખ્ય પ્રધાન પાસે બે મતદાર કાર્ડ : તેજસ્વી યાદવ

પટના: આરજેડી નેતા તેજસ્વી યાદવે બિહારના નાયબ મુખ્ય પ્રધાન વિજય કુમાર સિન્હા પાસે બે મતદાર આઇડી કાર્ડ હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમજ પ્રશ્ન કરતાં કહ્યું કે સિન્હા સામે શું કાર્યવાહી કરવામાં આવી રહી છે?

યાદવે પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું કે વિજય કુમાર સિન્હા બે અલગ અલગ જિલ્લાના બે અલગ અલગ વિધાનસભા મતવિસ્તારના મતદાર છે. તેમનું નામ તે જ જિલ્લાના લખીસરાય વિધાનસભા મતવિસ્તાર અને પટના જિલ્લાના બાંકીપુર વિધાનસભા મતવિસ્તારમાં પણ છે.

તેમણે કહ્યું કે તેમની પાસે બે અલગ અલગ મતદાર ફોટો ઓળખ(ઇપીઆઇસી) કાર્ડ છે. આશ્ચર્યની વાત છે કે બિહારમાં ચૂંટણી પંચ દ્વારા સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન(એસઆઇઆર) બાદ આ બન્યું છે. આ માટે કોને જવાબદાર ઠેરવવા જોઇએ, સિન્હા કે ચૂંટણી પંચને? સિંહા સામે શું કાર્યવાહી થઇ રહી છે? આ ખુલાસા પછી તેઓ(સિંહા) ક્યારે પોતાના પદ પરથી રાજીનામું આપશે?

યાદવના આરોપો પર પ્રતિક્રિયા આપતા સિન્હાએ રવિવારે પત્રકારોને જણાવ્યું કે અગાઉ મારા અને મારા પરિવારના સભ્યોના નામ બાંકીપુર વિધાનસભા બેઠક પર સૂચિબદ્ધ હતા. એપ્રિલ ૨૦૨૪માં મેં લખીસરાયમાં મારું નામ ઉમેરવા માટે અરજી કરી હતી. મેં બાંકીપુરમાંથી મારા અને મારા પરિવારના સભ્યોના નામ દૂર કરવા માટે એક ફોર્મ પણ ભર્યું હતું. મારી પાસે પુરાવા છે.

કોઇ કારણોસર મારું નામ બાંકીપુરમાંથી દૂર કરવામાં આવ્યું ન હતું અને તે ડ્રાફ્ટ મતદાર યાદીમાં દેખાયું હતું. મેં બૂથ લેવલ ઓફિસરને ફોન કરીને લેખિત અરજી આપી અને બાંકીપુરમાંથી મારું નામ દૂર કરવાની રસીદ મેળવી હતી. મારી પાસે બંને દસ્તાવેજો છે. સિન્હાએ કહ્યું કે તેમણે ફક્ત એક જ જગ્યાએથી મતદાન કર્યું છે. ■

# નવમા ધોરણની ફાઇનલ પરીક્ષામાં ઑપન-બુક અસેસ્મન્ટ: સીબીએસઇ

નવી દિલ્હી: સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઇ)એ ૨૦૨૬-૨૭ના શૈક્ષણિક વર્ષથી નવમા ધોરણની ફાઇનલ પરીક્ષામાં ઑપન-બુક અસેસ્મન્ટ કરવાની દરખાસ્તને બહાલી આપી હતી.

સીબીએસઇની ગવર્નિંગ બોડીએ જૂનની બેઠક પછી ઑપન બુક પરીક્ષાની દરખાસ્તને મંજૂરી આપી હતી.

નેશનલ ક્યુરિક્યુલમ ફ્રેમવર્ક ફૉર સ્કૂલ એજ્યુકેશન ૨૦૨૩ અને નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ના આધારે નવમા ધોરણના ભાષા, ગણિત, વિજ્ઞાન અને સમાજશાસ્ત્ર જેવા વિષયની પરીક્ષામાં ઑપન-બુક અસેસ્મન્ટ હાથ ધરવાનો નિર્ણય લેવાયો હતો.

સીબીએસઇની અભ્યાસક્રમને લગતી સમિતિની ૨૦૨૩ના નવેમ્બરમાં મળેલી બેઠકમાં ઑપન-બુક અસેસ્મન્ટ અંગે ચર્ચા વિચારણા કરાઇ હતી.

દેશની ચોક્કસ શાળાઓમાં શરૂઆતમાં ધોરણ નવ અને દસ માટે અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાનની તેમ જ ધોરણ ૧૧ અને ૧૨ માટે અંગ્રેજી, ગણિત, જીવશાસ્ત્રના વિષયોની પરીક્ષામાં ઑપન-બુક અસેસ્મન્ટ રાખવામાં આવશે અને વિદ્યાર્થીઓ દ્વારા પરીક્ષા આપવા લાગતા સમય અને ગુણવત્તામાંના સુધારાનો અભ્યાસ કરાશે.

સીબીએસઇના એક ઉચ્ચ અધિકારીએ ગયા વર્ષે જણાવ્યું હતું કે ઑપન-બુક અસેસ્મન્ટનો હેતુ વિદ્યાર્થીઓના નવા સારા વિચાર (ઇનોવેટિવ થિંકિંગ)ને પ્રોત્સાહન આપવાનો છે. શિક્ષકોએ પરીક્ષામાં ઑપન-બુક અસેસ્મન્ટના પ્રયોગના સંદર્ભે આશાવાદ વ્યક્ત કર્યો હતો. સીબીએસઇ પ્રશ્નપત્રમાંના સવાલોની ગુણવત્તા સુધારવા માટે ચોક્કસ ધોરણ નક્કી કરવાની યોજના ધરાવે છે. ■

# લાલ કિલ્લામાં મૉક ડ્રિલ વખતે ડમી આતંકવાદી વિસ્ફોટકો સાથે ઘૂસ્યા

નવી દિલ્હી : ૧૫ ઓગસ્ટના રોજ દિલ્હીના લાલ કિલ્લા ખાતે સ્વતંત્રતા દિવસ સમારોહ યોજાવવાનો છે. આને પગલે લાલ કિલ્લાની સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી રહી છે. આ દરમિયાન દિલ્હી પોલીસ દ્વારા સુરક્ષા ધ્યાનમાં મુદ્દે મૉક ડ્રિલ પણ યોજવામાં આવી હતી. થોડા દિવસમાં ત્રણ વાર લાલ કિલ્લાની સુરક્ષામાં ખામી પ્રકાશમાં આવી હતી. આ વખતે ડમી આતંકવાદી વિસ્ફોટક સાથે જ્ઞાનપથ પર પહોંચી ગયો હતો, જ્યાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સંબોધન સમયે બાળકો બેસે છે. તેમજ સુરક્ષાકર્મીઓની હાજરીમાં ડમી આતંકીએ સેલ્ફી લઈને વિડીયો પણ બનાવ્યો હતો.

લાલ કિલ્લામાં ડમી આતંકવાદી ઘૂસવાની આ ત્રીજી ઘટના છે. અગાઉ પણ ડમી આતંકવાદી નહોતો પકડાયો. દિલ્હી પોલીસના એક અધિકારીએ જણાવ્યું હતું કે જાણકારી મળી હતી કે ડમી આતંકવાદી નિષાદ રાજ રોડ પરના પેટ્રોલ પંપ પાસેની દિવાલ કુદીને લાલ કિલ્લામાં પ્રવેશ્યો હતો. આ દીવાલ પાસે કોઈ સુરક્ષાકર્મી ન હતો. તેની બાદ ડમી આતંકવાદી સુરક્ષા વિસ્તારમાં પ્રવેશ્યો હતો. તેની બાદ તે જ્ઞાનપથ પર પહોંચ્યો હતો.

આ ડમી ત્રાસવાદી લાંબા સમય સુધી ત્યાં રહ્યો હતો. તેમ જ ટેરરિસ્ટ સાથે સેલ્ફી પણ લીધી અને વિડીયો પણ ઉતાર્યો હતો. આ ડમી આતંકવાદીની સેલ્ફી અને વિડીયો પોલીસ કમિશ્નરને મોકલવામાં આવી ત્યારે આ સુરક્ષા ખામી પ્રકાશમાં આવી હતી. પોલીસ બેડામાં આ ચર્ચાનો વિષય બન્યો હતો. જોકે, પોલીસ કમિશ્નરે ગત સપ્તાહે લાલ કિલ્લામાં સુરક્ષામાં બેદરકારી બદલ સાત પોલીસ કર્મીને સસ્પેન્ડ કર્યા હતા. જોકે, આ ઘટનામાં હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. ■

# શિક્ષણ, આરોગ્ય સેવા સામાન્ય લોકોને પરવડે એવી નથી રહી: મોહન ભાગવત

ઇન્દોર: રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે રવિવારે જણાવ્યું હતું કે સારા શિક્ષણ અને સ્વાસ્થ્ય સેવાને એક સમયે ‘સેવા’ ગણવામાં આવતી હતી, પરંતુ તે બન્ને આજે સામાન્ય જનતાને પરવડે એવી ‘સેવા’ નથી રહી. તેમણે જણાવ્યું હતું કે સારા શિક્ષણ અને આરોગ્ય સેવાને મોટા પાયે ‘ધંધાદારી’ સ્વરૂપ આપી દેવાયું હોવાથી સામાન્ય જનતાને તે નથી મળતી તેમ જ તે પરવડી શકે એવી નથી રહી.

મોહન ભાગવત જણાવ્યું હતું કે લોકો સારી સ્વાસ્થ્ય સેવા મેળવવા માટે પોતાની જીવનભરની બચત ખર્ચી નાખે છે. દેશમાં નવી શાળાઓ અને હૉસ્પિટલો બંધાઇ રહી છે, પરંતુ સામાન્ય જનતાને તે પરવડી શકે એવી નથી હોતી.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડાએ દાવો કર્યો હતો કે દેશના માત્ર આઠથી દસ શહેરમાં જ કેન્સરની સારી સારવાર મળી શકે છે. પશ્ચિમના દેશો સમાન ‘હેલ્થકેર સ્ટાન્ડર્ડ’ને અનુસરે છે, જ્યારે ભારતમાં વ્યક્તિગત જરૂરિયાતને ધ્યાનમાં રાખીને દરદીઓની સારવાર કરાય છે. તેમણે જણાવ્યું હતું કે ભારત ધાર્મિક અને આધ્યાત્મિક વિકાસની સાથે ખરું ‘વિશ્વગુરુ’ બની શકશે. ભારત ત્રણ ટ્રિલ્યન ડૉલરનું અર્થતંત્ર બને, તો પણ તે વિશ્વના અન્ય દેશો માટે નવાઇની વાત નહિ હોય. આપણા દેશ પાસેના ધાર્મિક અને આધ્યાત્મિક મૂળ દુનિયાના અન્ય દેશો પાસે નથી. (એજન્સી) ■

# રોબર્ટ વાડ્રા સામે મની લૉન્ડરિંગનો કેસ

નવી દિલ્હી : ગુરુગ્રામના શિકહપુરમાં કથિત છેતરપિંડીવાળા જમીન સોદા કરવા બદલ કૉંગ્રેસનાં સાંસદ પ્રિયંકા ગાંધીના પતિ અને બિઝનેસમેન રોબર્ટ વાડ્રા સામે મની લોન્ડરિંગનો કેસ નોંધવામાં આવ્યો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ દાવો કર્યો છે કે ગેરકાયદે મેળવેલી ૫૮ કરોડ રૂપિયાની રકમને વિવિધ સંપત્તિઓમાં ફેરવવામાં આવી હતી. આ કેસ એન્ટિ-મની લોન્ડરિંગ એક્ટની વિવિધ કલમો હેઠળ કરવામાં આવ્યો છે અને આમાં આરોપીને ત્રણથી સાત વર્ષની જેલની સજા થઈ શકે છે અને તેની મિલકત જપ્ત થઈ શકે છે. આ બાબત પીએમએલએના ખાસ જજ સાંભળશે. ■

# ઉત્તરકાશીમાં પૂર પીડિતોને પાંચ લાખને બદલે ફક્ત પાંચ હજાર મળતા હોબાળો

ઉત્તરકાશી: ઉત્તરાખંડ રાજ્યના ઉત્તરકાશી જિલ્લાના ધારાલી ગામમાં આવેલા ફ્લેશ ફ્લડને કારણે ભારે તારાજી સર્જાઈ છે. આ ઘટનામાં પાંચ લોકોનાં મોત થયા છે, અને હજુ પણ ૫૦ લોકો ગુમ થયા છે. પૂરને કારણે વિસ્તારની ઇમારતોને ભારે નુકસાન પહોંચ્યું છે, ધરાલીના રહેવાસીઓએ નુકસાનના વળતર પેટે માત્ર ૫,૦૦૦ રૂપિયા મળતા સરકાર સામે નારાજગી ફેલાઈ છે. રહેવાસીઓએ ચેક સ્વીકારવાનો ઇનકાર કરી દીધો છે.

નોંધનીય છે કે રાજ્યના મુખ્ય પ્રધાન પુષ્કરસિંહ ધામીએ જાહેરાત કરી હતી કે જે લોકોના ઘર સંપૂર્ણપણે નાશ પામ્યા છે તેમને અને આ ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના પરિવારોને પાંચ લાખ રૂપિયાનું વળતર ચુકવવામાં આવશે. મહેસૂલ સચિવની આગેવાની હેઠળની ત્રણ સભ્યોની સમિતિને રીહેબીલીટેશન અને લાઇવલીહૂડ રિવાઈવલ માટે યોજના તૈયાર કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું, જેનો પ્રારંભિક અહેવાલ એક અઠવાડિયાની અંદર મોકલવાનો આદિશ આપવામાં આવ્યો હતો.

હવે દુર્ઘટના પીડિત ધરાલીના રહેવાસીઓને પાંચ લાખ રૂપિયાને બદલે માત્ર પાંચ હજાર રૂપિયાના ચેક મળતા હોબાળો મચી ગયો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ પૂરના કારણે મોટા પાયે થયેલા વિનાશને ધ્યાનમાં રાખીને આ રકમ અપૂરતી છે. વાયદાની સામે ઓછું વળતર મળવા અંગે અધિકારીઓએ જણાવ્યું કે આ તાત્કાલિક રાહત માટેની રકમ છે. જોકે, સ્થાનિક લોકોએ વિરોધ પ્રદર્શનો શરૂ કર્યા છે. એક અધિકારીએ જણાવ્યું કે સંપૂર્ણ નુકસાનનું મૂલ્યાંકન કર્યા પછી અને વિગતવાર અહેવાલ તૈયાર કર્યા પછી પૂરું વળતર આપવામાં આવશે. ■

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે.
પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.
ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

વિરોધી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ખંડિત | ખુશ |
| ખંતીલું | કમજોર |
| ખડતર | વેચાણ |
| ખફા | લાપરવા |
| ખરીદી | અભંગ |

### ઓળખાણ પડી?



મીનળદેવીએ એક જ રાતમાં બાબરાભૂત પાસે બંધાવેલા ૩૬૫ શિવમંદિર સાથેના ઐતિહાસિક તળાવની ઓળખાણ પડી?

અ) ગોમતી તળાવ બ) શંભુ તળાવ ક) મુનસર તળાવ ડ) ચંડોળા તળાવ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | ૨ ર | ૩ ક્ષ | ણ | | ૪ અ | ૫ ભ | ર | ૬ ખા | |
| ૭ વા | સ | ણ | | ૮ સ | | લું | | ૯ તા | પ |
| ગ | | ૧૦ ભ | ૧૧ લી | વા | ર | | ૧૨ વા | વ | |
| ૧૩ મ | ૧૪ હા | ર | થી | | | ૧૫ જ | વા | હી | ૧૬ ર |
| ૧૭ ન | ર | | ૧૮ ય | મ | ૧૯ ન | | ઝો | | ખ |
| | ૨૦ મા | ૨૧ સૂ | મ | | ૨૨ ક | ૨૩ પ | ડું | | ડે |
| ૨૪ મે | ળા | પ | | ૨૫ મ | લ | ક | | ૨૬ વિ | લ |
| ઘ | | ૨૭ ડી | બાં | ગ | | ડ | | ભા | |
| ૨૮ ના | ૨૯ રો | | | ૩૦ ર | ૩૧ જા | | ૩૨ ભા | વ | ૩૩ ના |
| ૩૪ દ | મ | દા | ટી | | ૩૫ પ | ર | વ | રી | શ |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | ૪ | | ૫ | ૬ |
| | | | | ૭ | | | | ૮ | |
| ૯ | ૧૦ | | | | | | ૧૧ | | |
| | | | | ૧૨ | | ૧૩ | | ૧૪ | |
| ૧૫ | | | ૧૬ | | | ૧૭ | | | |
| | | | ૧૮ | | | | | | ૧૯ |
| ૨૦ | | | | | | | | ૨૧ | |
| ૨૨ | | | | ૨૩ | ૨૪ | | | | |
| ૨૫ | | | ૨૬ | | | | ૨૭ | | ૨૮ |
| | | ૨૯ | | ૩૦ | | | | | |

**આડી ચાવી**

૧. શૈશવ (૪)
૩. ભોળપણ, નિર્દોષતા (૫)
૭. કૂદકો, છલાંગ, તાલાવેલી (૩)
૮. ભારે નાશ, ખુવારી (૨)
૯. કરવા જેવું (૪)
૧૨. અંદરોઅંદર (૬)
૧૫. હસવાનું પર્વ (૪)
૧૭. મુકામ, છાવણી (૩)
૧૮. આશ્ચર્યકારક (૫)
૨૦. સ્તબ્ધ થયેલો (૪)
૨૧. મનસૂબો, મુક્તિ, તજવીજ (૨)
૨૨. અભિનેતા (૨)
૨૩. પાણીમાં રહીને --- સાથે વેર? (૩)
૨૫. વ્યાજે લીધેલા પૈસા (૨)
૨૬. ફેલાયેલી વાત (૩)
૨૭. યોગ્ય (કિંમત) (૩)
૨૯. દેવું કરીને પણ --- પીવું (૧)
૩૦. બરબાદ, નષ્ટ-ભ્રષ્ટ (૬)

**ઊભી ચાવી**

૧. શિશુ (૩)
૨. ઘણા --- ઉઘરાણી કરે (૩)
૩. ધનીક, અમીર (૪)
૪. ઘણા ભોજન પહેલાં --- પીએ (૨)
૫. જ્યારે (૨)
૬. કિનારે (૨)
૧૦. છાની વાત ઉઘાડી પાડવી (૭)
૧૧. લાફો, સજા (૪)
૧૩. કુટુંબકબીલા સાથે (૫)
૧૪. અવાજ (૨)
૧૬. મધ્યમ (૩)
૧૯. એ મારી સાથે --- નથી કરતા (૨)
૨૦. ---નાં ગાદલાં આવતાં (૪)
૨૧. કારણ વગર (૪)
૨૩. વગર પૈસાનું (૩)
૨૪. સાક્ષી (૩)
૨૭. સોળે સાન, વીસે --- (૨)
૨૮. હિંદીમાં વીસ (૨)

### ગુજરાત મોરી મોરી રે

રક્ષક દેવ શ્રી નાકોડા ભૈરવ બિરાજમાન છે એ ધાકડી સ્થિત લબ્ધી ધામ જૈન તીર્થ ગુજરાતના ક્યા સ્થળથી નજીક છે?

અ) વડોદરા બ) ભરૂચ
ક) આણંદ ડ) વિરમગામ

### માતૃભાષાની મહેક

અર્ચન અથવા અર્ચના એટલે સેવા, પૂજા, આરાધના, ભક્તિના નવ પ્રકાર માંહેનો એક પ્રકાર ગણાય છે. નવ પ્રકાર આ પ્રમાણે છે: શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. અલબત્ત અર્ચનનો અન્ય અર્થ આદર, સત્કાર પણ થાય છે.

### સુડોકુ-૯૦૬૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨ | | | | ૮ | | |
| ૯ | ૧ | | ૭ | | ૪ | | ૫ | ૬ |
| ૫ | | | ૯ | | ૧ | | | ૩ |
| ૬ | | ૭ | | | | ૧ | | ૫ |
| | ૮ | | | | | | ૩ | |
| ૩ | | ૯ | | | | ૭ | | ૪ |
| ૪ | | | ૬ | | ૩ | | | ૮ |
| ૨ | ૭ | | ૮ | | ૫ | | ૯ | ૧ |
| | | ૫ | | | | ૬ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૬૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૫ | ૩ | ૧ | ૨ | ૮ | ૬ | ૯ | ૪ |
| ૯ | ૬ | ૮ | ૩ | ૪ | ૭ | ૧ | ૨ | ૫ |
| ૪ | ૨ | ૧ | ૫ | ૬ | ૯ | ૩ | ૮ | ૭ |
| ૧ | ૯ | ૭ | ૬ | ૮ | ૪ | ૨ | ૫ | ૩ |
| ૨ | ૩ | ૬ | ૯ | ૫ | ૧ | ૪ | ૭ | ૮ |
| ૫ | ૮ | ૪ | ૨ | ૭ | ૩ | ૯ | ૧ | ૬ |
| ૩ | ૭ | ૨ | ૮ | ૯ | ૬ | ૫ | ૪ | ૧ |
| ૮ | ૧ | ૫ | ૪ | ૩ | ૨ | ૭ | ૬ | ૯ |
| ૬ | ૪ | ૯ | ૭ | ૧ | ૫ | ૮ | ૩ | ૨ |

### ઈર્શાદ

આવું હું માનપાન છોડીને,
ક્યાંથી આવું સ્વમાન છોડીને?
--- ગૌરાંગ ઠાકર

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘પ્રેયનો હું છું પથિક ને શંખ છું હું શ્રેયનો’ વાક્યમાં પથિક શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) રહેવાસી બ) પ્રેમી ક) ઉદ્યમી ડ) મુસાફર

### માઈન્ડ ગેમ

મુખ્યત્વે ઓસ્ટ્રેલિયા અને ન્યુ ગિનીમાં જોકે મળતું દેખાવે આકર્ષક આ પોપટની જાતિમાં સ્થાન ધરાવતા પક્ષીનું નામ જણાવો.

અ) હોલો બ) કાકાકૌઆ
ક) સૂડો ડ) કલકલિયો

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| કંગાલ | માલેતુજાર |
| કંજૂસ | ઉડાઉ |
| કંટાળો | લિજ્જત |
| કચાશ | પક્વ |
| કજિયો | સુમેળ |

ગુજરાત મોરી મોરી રે: રાજપીપળા

ઓળખાણ પડી?: જોધપુર

માઈન્ડ ગેમ: Gazelle

ચતુર આપો જવાબ — અર્થ જણાવો: સહેજ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) સુભાષ મોમાયા (૩) તાહેર ઔરંગાબાદવાલા (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) ભારતી બુચ (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) નયના હરીહર (૧૦) નીતા દેસાઈ (૧૧) હર્ષા મહેતા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) નુતન વિપીન શાહ (૧૫) વિપીન શાહ (૧૬) પુષ્પા પટેલ (૧૭) મીનળ કાપડિયા (૧૮) શ્રદ્ધા આશર (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) રમેશ દલાલ (૨૩) હિના દલાલ (૨૪) ઈનાક્ષી દલાલ (૨૫) જ્યોત્સના ગાંધી (૨૬) મહેશ સંઘવી (૨૭) ધવલ શાહ (૨૮) જયલંત પદમશી ચિખલ (૨૯) મનીષા શેઠ (૩૦) ફાલ્ગુની શેઠ (૩૧) મહેન્દ્ર લોઢાવિયા (૩૨) મહેશ દોશી (૩૩) વિણા સંપટ (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) પ્રવીણ વોરા (૩૬) ભાવના કર્વે (૩૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૮) અંજુ ટોલિયા (૩૯) શિલ્પા શ્રોફ (૪૦) અલકા વાણી (૪૧) ડાયના સંતોકે (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) ડો. પ્રકાશ કટકિયા (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) ગીતા ઉદેશી (૪૮) પ્રતિભા પમાણી

# હવેના શુક્ર-શનિ-રવિએ મુંબઈ ધમધમશે

## સ્વાતંત્ર્ય દિન, દહીંહાંડી અને ગણેશોત્સવની તૈયારીને કારણે શહેર ગર્દીથી ફાટફાટ થશે

▶ હાઈવે-એક્સપ્રેસવે જામ થશે ▶ બજારોની ભીડ રડાવશે ▶ મોટા મંડળો બાપ્પાની પધરામણી કરશે

મુંબઈ: ઓગસ્ટ મહિનો શરૂ થવાની સાથે જ તહેવારોની મોસમ પણ શરૂ થઇ ગઇ છે. રક્ષાબંધનની ઉજવણી બાદ હવે દહીહાંડી, સ્વાતંત્ર્ય દિન, ગણેશોત્સવ સહિતના વિવિધ તહેવારો આવી રહ્યા છે. આજથી શરૂ થનારા અઠવાડિયાના ત્રણ દિવસ શુક્રવાર, શનિવાર અને રવિવાર બહુ મહત્ત્વના રહેશે. શુક્રવારે ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિન છે, શનિવારે દહીહાંડી છે અને રવિવારે ગણેશોત્સવની તૈયારી માટે મુંબઈ ધમધમશે.

વરસાદની મોસમ છે અને શુક્ર-શનિ-રવિ એમ ત્રણ દિવસ સળંગ રજા આવવાને કારણે અનેક લોકો મિનિ-વેકેશન પર જાય એવી શક્યતા છે તેથી શહેરને લગતા તમામ રસ્તાઓ અને હાઇવે-એક્સપ્રેસવે પર ટ્રાફિક જૅમની સમસ્યા નિર્માણ થવાની શક્યતા નકારી શકાય નહીં. તેમાં રસ્તાઓની હાલત અને હાલમાં ચાલી રહેલા વિવિધ વિકાસ કામો પણ આગમાં ઘી

(જુઓ પાનું ૪) ▶▶



**આગમન:** મોટા ગણેશોત્સવ મંડળો દ્વારા રવિવારે બાપ્પાની ભવ્ય પ્રતિમાઓની પધરામણી કરાઈ હતી. (અમય ખરાડે)

# દિલ્હીમાં 'અપમાન' બાદ ઉદ્ધવ ઠાકરે ઈન્ડિ ગઠબંધન છોડશે?

**મહારાષ્ટ્રમાં નવા સમીકરણનાં સંકેત**

▶ શિવસેના-યુબીટીની ઈન્ડિ ગઠબંધન છોડવાની તૈયારી ▶ મનસે સાથે હાથ મિલાવવાની શક્યતા ▶ મહારાષ્ટ્રના રાજકારણમાં મોટો ફેરફાર આવી શકે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર મોટી ઉથલપાથલના સંકેતો જોવા મળી રહ્યા છે. એવી ચર્ચા ચાલી રહી છે કે શિવસેના (યુબીટી) ઇન્ડિ ગઠબંધનથી અલગ થવાની તૈયારી કરી રહી છે, જેના પછી રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે રાજકીય સમીકરણોમાં મોટો ફેરફાર જોવા મળી શકે છે. ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેના હાલમાં મહા વિકાસ આઘાડી (એમવીએ)નો ભાગ છે. હવે તે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) સાથે ગઠબંધન તરફ આગળ વધી રહી હોય એવું લાગે છે. આગામી વિધાનસભા અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા આ પગલું રાજ્યના રાજકારણને નવો રંગ આપી શકે છે. આમ આદમી પાર્ટી અને તૃણમૂલ કોંગ્રેસે તાજેતરમાં ઇન્ડિ ગઠબંધનથી દૂરી બનાવ્યા બાદ, હવે શિવસેના (યુબીટી) પણ ગઠબંધન છોડવાની અટકળો તેજ થઈ ગઈ છે. આ અઠવાડિયે દિલ્હી પ્રવાસ પર રહેલા ઉદ્ધવ ઠાકરેના કથિત અપમાન બાદ આ અટકળોને વધુ બળ મળ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉદ્ધવ ઠાકરે અને મનસેના વડા રાજ ઠાકરે વચ્ચે વધતી જતી નિકટતા આ પરિવર્તનનો આધાર બની રહી છે. તાજેતરમાં રાજ ઠાકરે ઉદ્ધવને તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવવા

(જુઓ પાનું ૪) ▶▶

**નાગપુર-પુણે સૌથી લાંબા અંતરની વંદે ભારત**

# મહારાષ્ટ્રને મોદી તરફથી વધુ એક ભેટ: ફડણવીસ

મુંબઈ: મહારાષ્ટ્રને વધુ એક વંદે ભારતની ભેટ મળી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નાગપુરથી પુણે રૂટ પર વંદે ભારતનું ઉદ્ઘાટન કર્યું. આ ટ્રેને પોતાનો એક રેકોર્ડ પણ બનાવ્યો છે. હકીકતમાં, આ સૌથી લાંબા અંતરની વંદે ભારત છે. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ અંગે ખુશી વ્યક્ત કરી છે અને પીએમ મોદીનો આભાર માન્યો છે.

દેવેન્દ્ર ફડણવીસે કહ્યું, આજે આપણા બધા માટે ખૂબ જ આનંદની વાત છે કે નાગપુરથી પુણે વંદે ભારત ટ્રેન શરૂ થઈ છે. અમે રેલવે પ્રધાન સમક્ષ માંગણી કરી હતી અને તેમણે કહ્યું હતું કે તેઓ સકારાત્મક નિર્ણય લેશે. તે નિર્ણય વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હાથે લાગુ કરવામાં આવ્યો છે. તેમણે માહિતી આપતા જણાવ્યું હતું કે આ ટ્રેનની સૌથી મહત્ત્વની વાત એ છે કે તે અત્યાર સુધી શરૂ કરાયેલી તમામ વંદે ભારત ટ્રેનોમાં સૌથી

(જુઓ પાનું ૪) ▶▶



# અંગારકી ચતુર્થી પર સિદ્ધિવિનાયક મંદિરમાં ખાસ વ્યવસ્થા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અંગારકી ચતુર્થી નિમિત્તે મુંબઈના શ્રી સિદ્ધિવિનાયક મંદિરમાં ભક્તોની ભારે ભીડ ઉમટી પડશે. મંદિર પ્રશાસને દર્શન અને સુરક્ષા માટે ખાસ વ્યવસ્થા કરી છે. સવારે ૩.૧૫ વાગ્યે મહાપૂજા પછી, દિવસભર ભજન અને વિશેષ પૂજા થશે. ભક્તોની સુરક્ષા માટે, મંદિરમાં કેમેરા અને લેપટોપ લઈ જવા પર પ્રતિબંધ રહેશે. તબીબી ટીમ અને એમ્બ્યુલન્સની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

આગામી ૧૨ ઓગસ્ટે અંગારકી ચતુર્થી નિમિત્તે, મુંબઈના પ્રખ્યાત શ્રી સિદ્ધિવિનાયક મંદિરમાં મોટી સંખ્યામાં ભક્તો દર્શન માટે હાજર રહેશે. આ સંદર્ભમાં, મંદિર પ્રશાસને ભક્તોની સુવિધા માટે ખાસ દર્શન અને સુરક્ષા વ્યવસ્થા કરી છે અને મંદિરમાં કેમેરા અને લેપટોપ લઈ જવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ સવારે ૩.૧૫ વાગ્યાની મહાપૂજા પછી, દિવસભર ભજન, આરતી અને ખાસ પૂજા વિધિઓનું આયોજન કરવામાં આવ્યું છે. રાત્રે ૧૧.૫૦ વાગ્યા સુધી દર્શન માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવશે. કેમેરા અને લેપટોપ પર પ્રતિબંધ ભક્તોની વધતી સંખ્યા

(જુઓ પાનું ૪) ▶▶

# ગડકરીને હરાવવાનું કાવતરું ઘડાયું હતું: આવ્હાડનો દાવો

## 'મારા ત્રણ લાખ મત કપાઈ ગયા' નિવેદન સાથેનો ગડકરીનો વીડિયો વાયરલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ અને ભાજપ પર ટીકા કરી રહ્યા છે, જેમાં મતદાનમાં ગોટાળાના ગંભીર આરોપો લગાવ્યા છે. આ ઝુંબેશને મજબૂત બનાવવા માટે, રાહુલે રવિવારે એક વેબસાઇટ લોન્ચ કરતી વખતે મિસ્ડ કોલ માટેનો એક નંબર પણ જાહેર કર્યો છે. આ પૃષ્ઠભૂમિમાં, હવે નવેમ્બર ૨૦૨૪માં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પછી એક અંગ્રેજી ન્યૂઝ ચેનલને આપવામાં આવેલા કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

કોંગ્રેસના નેતા યશોમતી ઠાકુરે આ વીડિયો પોસ્ટ કર્યા પછી, એનસીપીના નેતા જીતેન્દ્ર આવ્હાડે પણ એક પોસ્ટમાં એવો દાવો કર્યો હતો કે ગડકરીને હરાવવાનો નિર્ણય લગભગ થઈ ગયો હતો. વાયરલ વીડિયોમાં, નીતિન ગડકરીએ કહ્યું હતું કે તેમના મતવિસ્તારમાં સાડા ત્રણ લાખ જેટલા નામ કપાઈ ગયા હતા. ગડકરી એમ પણ કહી રહ્યા છે કે મારા મતદારો અને નજીકના મતદારોના નામ કપાઈ

(જુઓ પાનું ૪) ▶▶

**રાહુલ ગાંધીના 'મત ચોરી'ના આક્ષેપો**

# પુરાવા સાથે કોર્ટ અથવા ચૂંટણી પંચમાં જાઓ: શિંદે

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ રવિવારે વિપક્ષ કોંગ્રેસ અને તેના નેતા રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવી રહેલા 'મત ચોરી'ના આરોપોની જોરદાર ઝાટકણી કાઢતાં કહ્યું હતું કે જો તેમની પાસે પુરાવા હોય તો તેમણે કોર્ટ અથવા ચૂંટણી પંચનો સંપર્ક કરીને ત્યાં પુરાવા રજૂ કરવા જોઈએ.

શિવસેનાના નેતા શિંદેએ થાણેમાં એક કાર્યક્રમમાં પત્રકારોને જણાવ્યું હતું કે આવા 'પાયાવિહોણા દાવાઓ' કરીને, તેમણે મહારાષ્ટ્રના લોકોનું અપમાન કર્યું છે.

ગાંધીએ ગુરુવારે કર્ણાટકના એક મતવિસ્તારમાં મતદાર યાદીઓના વિશ્લેષણનો ઉલ્લેખ કરીને ભાજપ અને ચૂંટણી પંચ વચ્ચે 'સાંઠગાંઠ

(જુઓ પાનું ૪) ▶▶

## થાણેમાં મેટ્રોનો ટ્રાયલ રન સપ્ટેમ્બરમાં અને ડિસેમ્બર સુધીમાં શરૂ થવાની શક્યતા

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ રવિવારે જણાવ્યું હતું કે થાણેમાં બહુપ્રતિક્ષિત મેટ્રો સેવાનો ટ્રાયલ રન આવતા મહિને શરૂ કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે અને આ વર્ષે ડિસેમ્બર સુધીમાં તેને નાગરિકો માટે ખુલ્લી મૂકવામાં આવે એવી શક્યતા છે. પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી, મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)ના નાગરિકો એન્ડ-ટુ-એન્ડ કમ્યુટ સોલ્યુશન્સ સાથે સીમલેસ મેટ્રો કનેક્ટિવિટીનો આનંદ માણશે,

(જુઓ પાનું ૪) ▶▶

# ૫૩ લાખનો ગુટકા, તંબાકુજન્ય પદાર્થ જપ્ત

થાણે: થાણે જિલ્લાના ભિવંડીમાં પોલીસે વાહનને આંતરી ૫૩ લાખ રૂપિયાનો ગુટકા, તંબાકુજન્ય પદાર્થ જપ્ત કર્યો હતો. ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓએ મળેલી માહિતીને આધારે શુક્રવારે ભિવંડીમાં ટોલ પ્લાઝા નજીક વાહનને આંતર્યું હતું, કર્ણાટકનો રજિસ્ટ્રેશન નંબર ધરાવતા એ વાહનની તલાશી લેવામાં આવતાં ગુટકાનો જથ્થો તથા તંબાકુજન્ય પદાર્થ મળી આવ્યો હતો, જે વેચવા માટે લાવવામાં આવી રહ્યો હતો, એમ પોલીસ ઇન્સ્પેક્ટર મિથુન ભોઇરે જણાવ્યું હતું. આ પ્રકરણે કર્ણાટકના ટ્રાન્સપોર્ટર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા તથા ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ, ૨૦૦૬ની સંસુગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરાયો હતો. (પીટીઆઇ) ■

# મનસે દ્વારા ગુજરાતીઓ ટાર્ગેટ

**પક્ષના અધ્યક્ષના ટી-શર્ટને કારણે સોશ્યલ મીડિયા પર વિવાદ**




મુંબઈ: મરાઠી અસ્મિતાને જાળવવાની લડાઈમાં ઉતરેલી મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) હવે વધુ આક્રમક બની છે. મનસેના મુંબઈ અધ્યક્ષ સંદીપ દેશપાંડેએ ગુજરાતી ભાષીઓને ઉશ્કેરે એવું એક ટી-શર્ટ પહેર્યું હતું.

આ ટી-શર્ટ પર 'પરેસ, નરેસ, સુરેસ... ચડ્ડીમાં રહેજો' એવો સંદેશ લખવામાં આવ્યો છે. તેમાં જાણીજોઈને ગુજરાતી બોલનારા લોકોના ઉચ્ચારનો સંદર્ભ લઈને 'શ'ને બદલે 'સ' શબ્દ લખીને તેમની મજાક ઉડાવવામાં આવી છે. રવિવારે આ ટી-શર્ટનો ફોટો વાયરલ થયા બાદ સોશિયલ મીડિયા પર ભારે વિવાદ શરૂ થયો છે.

દેશપાંડેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ ટી-શર્ટ પહેરેલો પોતાનો ફોટો

(જુઓ પાનું ૪) ▶▶



**કાર્યવાહી:** મુંબઈમાં કબૂતરખાનાનો વિવાદ હજી ચાલી રહ્યો છે ત્યારે તાજેતરમાં દાદરના કબૂતરખાના પાસે ધમાલ થઈ હતી. હવે આ કબૂતરખાનું તાડપત્રીથી ફરી ઢાંકી દઈ તેની ફરતે બેરિકેટ્સ અને સુરક્ષા રક્ષકો ગોઠવી દેવાયા છે. (અમય ખરાડે)

**મેટ્રો-૪ના કામને ગતિ**

# ઘાટકોપરમાં ૪૫૦ ટનનો સ્ટીલનો સ્પાન બેસાડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મેટ્રો લાઈન-૪ માટે ઘાટકોપર (પૂર્વ)માં પંતનગર બસ સ્ટોપ પાસે ૫૮ મીટર લંબાઈનો અને ૪૫૦ ટન વજનનો સ્ટીલનો સ્પાન બેસાડવાની મહત્ત્વની કામગીરી મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા પાર પાડવામાં આવી હતી. અત્યંત પડકારજનક કહેવાતું આ કામ બે રાતની અંદર પાર પાડવામાં આવ્યું હતું.

વડાલાથી થાણે કાસરવડવલીને જોડતી ૩૨.૩ કિલોમીટર લંબાઈની મેટ્રો-૪નું ૮૪.૫ ટકા કામ થઈ ગયું છે. એમએમઆરડીએ દ્વારા પંતનગરમાં આવેલા ઘાટકોપર બસ સ્ટોપ પાસે ૫૮ મીટર લાંબા સ્ટીલ સ્પાનને બેસાડવામાં

(જુઓ પાનું ૪) ▶▶

# એરપોર્ટ પર ₹ પાંચ કરોડનો ગાંજો પકડાયો: સુરતના યુવક સહિત બેની ધરપકડ

મુંબઈ: કસ્ટમ્સ વિભાગના એર ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) મુંબઈ એરપોર્ટ પર પાંચ કરોડ રૂપિયાથી વધુની કિંમતનો દાણચોરીનો ગાંજો પકડી પાડ્યો હતો અને આ પ્રકરણે સુરતના યુવક સહિત બે જણની ધરપકડ કરી હતી.

એઆઇયુના અધિકારીઓએ ધરપકડ કરેલા બંને જણની ઓળખ સુરતના કતારગામ, સિંગણપોર ખાતે રહેતા હાર્દિક પ્રાગજીભાઇ ભદાણી (૨૪) અને દિલ્હીના રહેવાસી મોહંમદ સામી (૨૩) તરીકે થઇ હતી. બંનેને સ્થાનિક અદાલતમાં હાજર કરાતાં તેમને જુડિશિયલ કસ્ટડી ફટકારવામાં આવી હતી. હાર્દિક ભદાણીના વકીલ તરીકે અરુણ ગુપ્તા અને આશિષ સિંહ કોર્ટમાં હાજર રહ્યા હતા અને તેમણે દલીલ કરી હતી.

બૅંગકોક ખાતેથી ઇન્ડિગો એરલાઇન્સની ફ્લાઇટમાં શનિવારે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર આવેલા હાર્દિક ભદાણીને એઆઇયુના અધિકારીઓએ શંકાના આધારે આંતર્યો હતો. તેના સામાનની તલાશી લેવામાં આવતાં છ વેક્યુમ સીલ્ડ પેકેટ્સમાંથી ૨.૮૭ કરોડ રૂપિયાની કિંમતનો ૨૮૭૩ ગ્રામ હાઇડ્રોપોનિક ગાંજો મળી આવ્યો હતો. આથી હાર્દિક

(જુઓ પાનું ૪) ▶▶

# શક્તિપીઠ એક્સપ્રેસ-વેનો વિરોધ કરવા ખેડૂતો સ્વતંત્રતા દિવસે ખેતરોમાં ત્રિરંગો ફરકાવશે

મુંબઈ: પ્રસ્તાવિત શક્તિપીઠ એક્સપ્રેસવે સામે એક અનોખા વિરોધના ભાગ રૂપે મહારાષ્ટ્રના ૧૨ જિલ્લાના ખેડૂતો સ્વતંત્રતા દિવસે તેમના ખેતરોમાં રાષ્ટ્રધ્વજ ફરકાવશે.

૧૫ ઓગસ્ટના વિરોધ માટેનું અભિયાન 'આપણા ખેતરમાં ત્રિરંગો લહેરાવો શક્તિપીઠનું આપણી ખેતીની જમીનમાં કોઈ સ્થાન નથી' સૂત્ર ધરાવે છે એમ કોંગ્રેસના એમએલસી સતેજ પાટીલે જણાવ્યું હતું.

શનિવારે શક્તિપીઠ એક્સપ્રેસવે વિરોધી સંઘર્ષ સમિતિની ઓનલાઈન બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો, જેમાં અસરગ્રસ્ત જિલ્લાઓના ખેડૂતો અને જનપ્રતિનિધિઓએ હાજરી આપી હતી, એમ તેમણે જણાવ્યું હતું.

મહારાષ્ટ્ર કેબિનેટે આ વર્ષે જૂનમાં મહત્ત્વાકાંક્ષી 'મહારાષ્ટ્ર શક્તિપીઠ એક્સપ્રેસવે' માટે ૨૦,૭૮૭ કરોડ રૂપિયાની ફાળવણીને મંજૂરી આપી હતી, જે પૂર્વી મહારાષ્ટ્રને દક્ષિણ કોંકણ સાથે જોડતા ૧૨ જિલ્લાઓમાંથી પસાર થશે.

અધિકારીઓના જણાવ્યા મુજબ ૮૦૨ કિમી લાંબા આ એક્સપ્રેસ-વે નાગપુર અને ગોવા વચ્ચેનો મુસાફરીનો સમય હાલના ૧૮ કલાકથી ઘટાડીને આઠ કલાક કરવાનો અંદાજ છે.

મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ (એમએસઆરડીસી) આ પ્રોજેક્ટનો અમલ કરશે અને હુડકોએ લગભગ ૭,૫૦૦ હેક્ટર જમીન સંપાદન માટે રૂ. ૧૨,૦૦૦ કરોડની લોન મંજૂર કરી છે, એમ અધિકારીઓએ અગાઉ જણાવ્યું હતું.

આ એક્સપ્રેસ-વેનો ઉદ્દેશ્ય રાજ્યના તમામ 'શક્તિપીઠો'ને જોડવાનો અને પ્રવાસન અને કનેક્ટિવિટી દ્વારા ગ્રામીણ વિસ્તારોનો વિકાસ કરવાનો છે, એમ તેમણે ઉમેર્યું હતું.

હાઇ-સ્પીડ કોરિડોર વર્ધા, યવતમાળ, હિંગોલી, નાંદેડ, પરભણી, બીડ, લાતુર, ધારાશિવ, સોલાપુર, સાંગલી, કોલ્હાપુર અને સિંધુદુર્ગ જિલ્લાઓમાંથી પસાર થશે. ■

# ઈગતપુરીના રિસોર્ટમાં ચાલતા બોગસ કૉલ સેન્ટરનો પર્દાફાશ: પાંચ જણની ધરપકડ

**૭૧ મોબાઈલ, ૪૪ લેપટોપ, ૧.૨૦ કરોડની રોકડ, સોનું-લકઝરી કાર જપ્ત**

મુંબઈ: સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ)એ નાશિકના ઇગતપુરી ખાતે રિસોર્ટમાં ચાલતા બોગસ કૉલ સેન્ટરનો પર્દાફાશ કરીને છ જણની ધરપકડ કરી હતી. વિદેશી નાગરિકો સાથે છેતરપિંડી આચરનારા આરોપીઓએ કૉલ સેન્ટર ચલાવવા માટે ૬૦ ઑપરેટરની ભરતી કરી રાખી હતી. પોલીસે કૉલ સેન્ટર પર રેઇડ પાડીને ૭૧ મોબાઇલ, ૪૪ લેપટોપ, ૧.૨૦ કરોડની રોકડ તેમ જ સોનું અને લકઝરી કાર જપ્ત કરી હતી.

સીબીઆઇ દ્વારા ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ વિશાલ યાદવ, અભય રાજ, સમીર, શહબાઝ અને દુર્ગેશ તરીકે થઇ હતી. આરોપીઓ ઇગતપુરીમાં રેઇનફોરેસ્ટ રિસોર્ટમાં પરિસર ભાડે લઇને બોગસ કૉલ સેન્ટર ચલાવતા હતા.

સીબીઆઇએ ૮ ઑગસ્ટે મુંબઈના છ શખસ ઉપરાંત અજાણી વ્યક્તિઓ તથા બેન્ક અધિકારીઓ સામે ગુનો દાખલ કર્યો હતો. આરોપીઓ એમેઝોન સપોર્ટ સર્વિસીસ કૉલ સેન્ટરમાંથી બોલી રહ્યા હોવાનું કહીને ફિશિંગ કૉલ દ્વારા છેતરપિંડી આચરતા હતા. તેઓ અમેરિકા, કેનેડાના નાગરિકોનો સંપર્ક સાધતા

(જુઓ પાનું ૪) ▶▶

**સશક્તિકરણનો પ્રયાસ**

# મહારાષ્ટ્રમાં ગ્રામ પંચાયતો વિધવાઓને કૃષિ કામમાં રોજગાર આપશે

મુંબઈ: મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લાની એક ગ્રામ પંચાયતે મહિલાઓને સશક્તિકરણ તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે, જેમાં વિધવાઓને દૈનિક વેતન પર ખેતીના કામ માટે રોજગાર આપવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે, જેનાથી તેઓ આર્થિક રીતે સ્વતંત્ર બની શકે છે. સાંગોલા તાલુકામાં નરલે ગ્રામ પંચાયતે શનિવારે શ્રમશક્તિ સન્માન યોજનાને એક મહિના માટે પાયલોટ પ્રોજેક્ટ તરીકે લાગુ કરવાનો ઠરાવ પસાર કર્યો હતો.

આ યોજના હેઠળ વિધવાઓને ૩૦૦ રૂપિયાના દૈનિક વેતન પર ખેતરોમાં કામ પર રાખી શકાય છે, જેમાં મજૂરી ખર્ચ ગ્રામ પંચાયત અને તેમને નોકરી પર રાખનાર ખેડૂત વચ્ચે વહેંચવામાં આવે છે. એક ગ્રામ સેવકે જણાવ્યું હતું કે ગ્રામ પંચાયતમાં નરલે અને હભીશેવાડી ગામોનો સમાવેશ થાય છે, જેની વસ્તી ૨,૦૦૦ થી વધુ છે.

આ ગામડાઓમાં ૨૫ થી ૩૫ વર્ષની વયજૂથની લગભગ પચીસથી ૩૦ વિધવાઓ છે અને તેમને કામની જરૂર છે. એવું નક્કી કરવામાં આવ્યું છે કે તેમને એક મહિના માટે ખેતરોમાં કૃષિ પ્રવૃત્તિઓ માટે રાખી શકાય. તેમને દૈનિક વેતન તરીકે ૩૦૦ રૂપિયા ચૂકવવામાં આવશે અને તેનો ખર્ચ ગ્રામ પંચાયત અને તેમને રોજગાર આપનાર વ્યક્તિગત ખેડૂત દ્વારા વહેંચવામાં આવશે, એમ તેમણે કહ્યું.

ખેડૂતોને પણ આ યોજનાનો લાભ મળશે કારણ કે તેમને મજૂરી ખર્ચના ફક્ત ૫૦ ટકા જ ભોગવવા પડશે. સૂત્રોએ જણાવ્યું હતું કે ગ્રામીણ વિસ્તારોમાં વિધવાઓ સામાજિક બહિષ્કાર નાણાકીય કટોકટી અને ભાવનાત્મક તણાવનો સામનો કરે છે. ■

# રોહિત અને વિરાટને વન-ડેમાંથી વિદાય આપવા ગોઠવાતો તખ્તો?



**ક્રિકેટ બૉર્ડ કહે છે કે ટી-૨૦ એશિયા કપ અત્યારે અગ્રક્રમે અને બંને સુપરસ્ટારના ભાવિ વિશે નિર્ણય લેવાની ઉતાવળ નથી**

નવી દિલ્હી : અનુભવી ભારતીય ખેલાડીઓ વિરાટ કોહલી અને રોહિત શર્માના વન-ડે ક્રિકેટના ભવિષ્ય અંગે અટકળો વચ્ચે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) કોઈ નિર્ણય લેવાની ઉતાવળમાં નથી અને હાલમાં તેનું સંપૂર્ણ ધ્યાન ટી-૨૦ ફોર્મેટમાં રમાનારા એશિયા કપ પર છે. ઓગસ્ટમાં પ્રસ્તાવિત બાંગ્લાદેશ પ્રવાસ રદ થયા પછી ભારત આગામી વન-ડે મેચ ૧૯થી ૨૫ ઓક્ટોબર દરમિયાન ઓસ્ટ્રેલિયામાં રમાનારી ત્રણ મેચની સિરીઝમાં રમશે.

કોહલી અને રોહિતના વન-ડેમાં સંયુક્ત રીતે ૮૩ સદી અને ૨૫,૦૦૦ થી વધુ રન છે. ભારતીય ક્રિકેટમાં ચર્ચા છે કે ઓક્ટોબર ૨૦૨૭માં યોજાનાર વન-ડે વર્લ્ડ કપ સુધીમાં રોહિત ૪૦ વર્ષનો અને કોહલી ૩૯ વર્ષનો થઈ જશે. આવી સ્થિતિમાં શું આ બંને દિગ્ગજ ત્યાં સુધી ટકી શકશે? આ અંગેની જાણકારી ધરાવતા એક સૂત્રએ નામ ન આપવાની શરતે પીટીઆઈને જણાવ્યું હતું કે, જો તેમના મનમાં કોઈ યોજના હશે તો તેઓ બીસીસીઆઇના અધિકારીઓ સાથે વાત કરશે, જેમ તેમણે ઇંગ્લેન્ડ ટેસ્ટ પ્રવાસ પહેલા કર્યું હતું.

જોકે ઇંગ્લૅન્ડના પ્રવાસ માટેની ટીમમાં તેમના માટે કોઈ સ્થાન નથી એવી સ્પષ્ટતા પછી બંનેએ ટેસ્ટમાંથી નિવૃત્તિ લીધી હતી. આ જ રીતે બૉર્ડની વન-ડે વર્લ્ડકપ માટેની યોજનામાં આ બંને સુપરસ્ટાર વિશે વિચારણા નથી એવું લાગે છે અને તેથી જ તેમની વિદાયનો તખ્તો ગોઠવાતો હોવાનું લાગે છે.

તેમણે કહ્યું હતું કે, ભારતીય ટીમના દૃષ્ટિકોણથી આગામી મોટી ટુર્નામેન્ટ ફેબ્રુઆરીમાં થનારી ટી-૨૦ વર્લ્ડ કપ અને તેને લગતી તૈયારીઓ છે. હાલમાં એશિયા કપ ટી-૨૦ ટુર્નામેન્ટ માટે શ્રેષ્ઠ ટીમ મોકલવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, આશા છે કે બધા ખેલાડીઓ ફિટ અને ઉપલબ્ધ રહેશે. બીસીસીઆઇ જલદીમાં કોઈ નિર્ણય લેવા માગતું નથી અને બંને ખેલાડીઓના મોટા ચાહક વર્ગને ધ્યાનમાં રાખીને તે કોઈપણ સંવેદનશીલ નિર્ણય લેતા પહેલા હંમેશા લોકોની લાગણીઓ ચકાસવાનો પ્રયાસ કરે છે.

આ બંને ખેલાડીઓએ દેશ માટે રમેલી છેલ્લી ટૂર્નામેન્ટ દુબઈમાં ચેમ્પિયન્સ ટ્રોફી હતી. જ્યાં કોહલીએ પાકિસ્તાન સામે ગ્રૂપ લીગ તબક્કામાં સફળતાપૂર્વક લક્ષ્યનો પીછો કરતી વખતે સદી ફટકારી હતી. ફાઇનલમાં લક્ષ્યનો પીછો કરતી વખતે રોહિતે શાનદાર અડધી સદી રમી હતી. જોકે, રોહિત અને કોહલીએ ઇન્ડિયન પ્રીમિયર લીગ પછી કોઈ સ્પર્ધાત્મક ક્રિકેટ રમ્યા નથી.

## રોહિત-વિરાટ વન-ડેમાં રમવાનું ચાલુ રાખે : ગાંગુલી



કોલકત્તાઃ ભારતીય ટીમના ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્મા અને વિરાટ કોહલીએ ટેસ્ટ અને ટી-૨૦ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી છે. અનેક રિપોર્ટમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે રોહિત શર્મા અને વિરાટ કોહલી ઓક્ટોબરમાં ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર તેમની કારકિર્દીની છેલ્લી વનડે શ્રેણી રમી શકે છે, એટલે કે, હવે બંને વનડે ક્રિકેટને પણ અલવિદા કહી શકે છે. હવે આ મામલે ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીનું નિવેદન આવ્યું છે. તેમણે કહ્યું હતું કે, જો બંને સારું પ્રદર્શન કરે છે તો તેમણે આ ફોર્મેટમાં રમવાનું ચાલુ રાખવું જોઈએ.

રોહિત શર્મા અને ભૂતપૂર્વ કેપ્ટન વિરાટ કોહલીના વનડેમાંથી નિવૃત્તિ અંગે ઘણી ચર્ચા થઈ રહી છે. હવે સમાચાર આવ્યા છે કે આ બંને સ્ટાર્સ બીસીસીઆઈ અને ટીમ મેનેજમેન્ટના ૨૦૨૭ વર્લ્ડ કપ પ્લાનમાં સામેલ નથી. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે બંને દિગ્ગજો ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર છેલ્લી વખત વનડે રમતા જોવા મળશે. દરમિયાન, ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલીએ જણાવ્યું હતું કે વિરાટ અને રોહિતને વનડે ફોર્મેટમાં કેટલા સમય માટે રમવું જોઈએ.

રોહિત શર્મા અને વિરાટ કોહલીના વન-ડે રેકોર્ડને 'અસાધારણ' ગણાવતા ગાંગુલીએ કહ્યું હતું કે જ્યાં સુધી તેમનું પ્રદર્શન સારું રહેશે ત્યાં સુધી આ બંને દિગ્ગજોએ વન-ડે ફોર્મેટમાં રમવાનું ચાલુ રાખવું જોઈએ. ■

# ટિમ ડેવિડની આતશબાજીથી આફ્રિકા સામે ટી-૨૦ આસાનીથી જીત્યું ઑસ્ટ્રેલિયા



ડાર્વિન : પ્રથમ ટી-૨૦ મેચમાં સાઉથ આફ્રિકાને ઓસ્ટ્રેલિયાએ ૧૭ રનથી હરાવ્યું હતું. હાલમાં બન્ને દેશો વચ્ચે ત્રણ ટી-૨૦ મેચની સિરીઝ રમાઈ રહી છે. આ મેચમાં ઓસ્ટ્રેલિયાના બેટ્સમેન ટિમ ડેવિડે શાનદાર અડધી સદી ફટકારી હતી, જ્યારે દક્ષિણ આફ્રિકા માટે ૧૯ વર્ષીય ક્વેના મ્ફાકાએ ચાર વિકેટ લીધી હતી. તે આફ્રિકા માટે ટી-૨૦ ક્રિકેટમાં સૌથી નાની ઉંમરે ચાર વિકેટ લેનાર પ્રથમ ઝડપી બોલર બન્યો છે. જોકે, આ મેચમાં દક્ષિણ આફ્રિકાને ૧૭ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો.

પહેલા બેટિંગ કરવા આવેલા ઓસ્ટ્રેલિયાની શરૂઆત ખરાબ રહી હતી. ઓપનર મિશેલ માર્શ અને ટ્રેવિસ હેડે અનુક્રમે ૧૩ અને બે રન કર્યા હતા. બાદમાં જોશ ઇંગ્લિસ પોતાનું ખાતું પણ ખોલાવી શક્યો નહોતો. તે પહેલા જ બોલ પર ગોલ્ડન ડકનો શિકાર બન્યો હતો. ચોથા નંબર પર કેમરૂન ગ્રીને ૧૩ બોલમાં ૩૫ રનની શાનદાર ઇનિંગ રમી હતી. તે પોતાની અડધી સદી પૂરી કરી શક્યો નહોતો. આ પછી ટિમ ડેવિડે જવાબદારી સંભાળી અને ૫૨ બોલમાં ૮૩ રનની શાનદાર ઇનિંગ રમી હતી. જેના કારણે ઓસ્ટ્રેલિયાએ ૨૦ ઓવરમાં ૧૦ વિકેટ ગુમાવીને ૧૭૮ રન કર્યા હતા. લક્ષ્યનો પીછો કરતી વખતે દક્ષિણ આફ્રિકાની શરૂઆત પણ ખરાબ રહી હતી. ઓપનર એડન માર્કરમ ૧૨ રન પર પેવેલિયન પાછો ફર્યો હતો. રિયાન રિકેલ્ટને ૫૫ બોલમાં ૭૧ રન કર્યા હતા. ઉપરાંત ડેવાલ્ડ બ્રેવિસે છ બોલમાં બે રન કર્યા હતા. ટ્રિસ્ટન સ્ટબ્સે ૨૭ બોલમાં ૩૭ રનની શાનદાર ઇનિંગ રમી હતી. આફ્રિકા ૨૦ ઓવરમાં નવ વિકેટ ગુમાવીને ૧૬૧ રન કરી શક્યું હતું.

## ૨૦ રનમાં ચાર વિકેટ લેનાર ૧૯ વર્ષનો બોલર ક્વાના મફાકા છે કોણ?



ડાર્વિન : ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની પ્રથમ ટી-૨૦ મેચમાં દક્ષિણ આફ્રિકાના ૧૯ વર્ષના યુવા ફાસ્ટ બોલરે તરખાટ મચાવ્યો હતો. દક્ષિણ આફ્રિકાના ૧૯ વર્ષીય ફાસ્ટ બોલર ક્વાના મફાકાએ આ મેચમાં ઘાતક બોલિંગ કરી હતી. તેણે ૪ ઓવરના પોતાના સ્પેલમાં ૨૦ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી.

તેણે પહેલા મિશેલ ઓવેનને આઉટ કર્યો હતો. તે બે રન કર્યા બાદ બોલ્ડ થયો હતો. આ પછી તેણે બેન ડ્વારશુઈસને પેવેલિયન મોકલ્યો હતો. તે આ મેચમાં ફક્ત ૧૭ રન જ કરી શક્યો હતો. મફાકાએ ટિમ ડેવિડને પણ આઉટ કર્યો હતો, જેણે આ મેચમાં ૫૨ બોલમાં ૮૩ રનની તોફાની ઇનિંગ રમી હતી.

ક્વના મફાકાએ એડમ ઝામ્પાને પણ આઉટ કર્યો હતો જે ફક્ત એક રન કરી શક્યો હતો. તેની બોલિંગને કારણે ઓસ્ટ્રેલિયા ૨૦ ઓવરમાં ૧૭૮ રન કરી શક્યું હતું. દક્ષિણ આફ્રિકાના આ ફાસ્ટ બોલરે પહેલીવાર ટી-૨૦ ક્રિકેટમાં ચાર વિકેટ લીધી છે. ટિમ ડેવિડે ઓસ્ટ્રેલિયા માટે આ મેચમાં ૮૩ રનની કિંમતી ઇનિંગ રમી હતી. ઓસ્ટ્રેલિયાએ ૭૫ રનમાં ૬ વિકેટ ગુમાવી દીધી હતી. જેના જવાબમાં સાઉથ આફ્રિકાની ટીમ ૨૦ ઓવરમાં નવ વિકેટના નુકસાન પર ૧૬૧ રન જ કરી શકી હતી અને મેચમાં ૧૭ રને પરાજય થયો હતો. સાઉથ આફ્રિકા તરફથી રિયાન રિકેલ્ટરને સૌથી મોટી ઈનિંગ રમી હતી. તેણે ૭૧ રન ફટકાર્યા હતા. ■

# ટી-૨૦ સિરીઝમાં ઑસ્ટ્રેલિયા સામે ભારતીય મહિલા ક્રિકેટ ટીમનો વાઇટ વૉશ

મૈકે (ઓસ્ટ્રેલિયા) : ઓસ્ટ્રેલિયા-એ મહિલા ટીમે ઈન્ડિયા એ મહિલા ટીમને ત્રીજી અનઓફિશિયલ ટી-૨૦ મેચમાં હાર આપી હતી. ઓસ્ટ્રેલિયા આ મેચ ચાર રનથી જીતી ગયું હતું. ઓસ્ટ્રેલિયાની બધી ખેલાડીઓએ સારું પ્રદર્શન કર્યું અને તેમની ટીમની જીતમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ભારતીય મહિલા ટીમે આ શ્રેણીમાં નિરાશાજનક પ્રદર્શન કર્યું. આ જીત સાથે ઓસ્ટ્રેલિયાએ ત્રણ મેચની ટી૨૦ સીરિઝ ૩-૦થી જીતી લીધી હતી. અગાઉ, તેઓએ પ્રથમ અને બીજી ટી૨૦ મેચ પણ જીતી હતી.

ત્રીજી ટી૨૦ મેચમાં પ્રથમ બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયા-એ ટીમે ૨૦ ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને ૧૪૪ રન કર્યા હતા. ટીમ માટે મેડલાઈન પેન્નાએ ૩૯ રન કર્યા હતા જ્યારે એલિસા હીલીએ ૨૭ રનનું યોગદાન આપ્યું હતું. તાહલિયા વિલ્સને ૧૪ રન કર્યા હતા જ્યારે અનિકા લિયોર્ડે ૨૨ રન ફટકાર્યા હતા. ઈન્ડિયા-એ તરફથી કેપ્ટન રાધા યાદવે ચાર ઓવરમાં ૩૧ રન આપીને ત્રણ વિકેટ લીધી જ્યારે પ્રેમા રાવતે ચાર ઓવરમાં ૨૪ રન આપીને ત્રણ વિકેટ લીધી હતી.

જવાબમાં ટીમ ઈન્ડિયા ૨૦ ઓવરમાં આઠ વિકેટ ગુમાવ્યા બાદ માત્ર ૧૪૦ રન કરી શકી હતી. ભારત તરફથી ઓપનર શેફાલી વર્માએ તોફાની બેટિંગ કરીને ૪૧ રન કર્યા હતા પરંતુ તે પોતાની ટીમને જીત અપાવી શકી નહોતી. રાઘવી બિષ્ટે ૨૫ રનનું યોગદાન આપ્યું જ્યારે મિન્નુ મણિએ ૩૦ રન કર્યા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી સિએના જિંજરે ચાર ઓવરમાં ૧૬ રન કરીને ચાર વિકેટ લીધી હતી. ઓસ્ટ્રેલિયાએ ત્રીજી ટી૨૦ જીતીને ભારતને ક્લીન સ્વીપ કર્યું હતું. ■

# ઉત્તર પ્રદેશ ટી-૨૦ લીગમાં યશ દયાલ પર પ્રતિબંધ

લખનઊ: રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના ઝડપી બોલર યશ દયાલની મુશ્કેલીઓ ઓછું થવાનું નામ લઈ રહી નથી. જાતીય શોષણના બે આરોપોનો સામનો કરી રહેલા યશ દયાલની ક્રિકેટ કારકિર્દી જોખમમાં હોય તેવું લાગે છે. એક રિપોર્ટ અનુસાર, ઉત્તર પ્રદેશ ક્રિકેટ એસોસિયેશને (યુપીસીએ) તેને આગામી ઉત્તર પ્રદેશ ટી-૨૦ લીગમાંથી બેન કરી દીધો હતો.

ડાબોડી ફાસ્ટ બોલર રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (આરસીબી) ટીમનો ભાગ હતો, જેણે ઇન્ડિયન પ્રીમિયર લીગ ટાઇટલ જીત્યું હતું. તેણે સમગ્ર સિઝન દરમિયાન જોરદાર પ્રદર્શન કર્યું અને ૧૫ મેચમાં ૧૩ વિકેટ લીધી હતી. યશ દયાલને લીગમાંથી બહાર કરવાનો યુપીસીએનો નિર્ણય આરોપોની ગંભીરતા અને રમતની અખંડિતતા જાળવવા માટેની બોર્ડની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. રિપોર્ટ્સ અનુસાર, યુપી ટી-૨૦ લીગની ટીમ ગોરખપુર લાયન્સે દયાલને સાત લાખ રૂપિયામાં ખરીદ્યો હતો, પરંતુ ચાલી રહેલા કાનૂની કેસોને કારણે તે હવે લીગમાં રમી શકશે નહીં.

તાજેતરમાં જ યશ દયાલને રાજસ્થાન હાઈ કોર્ટે રાહત આપવાનો ઇનકાર કર્યો હતો. કોર્ટે સગીર સાથે સંકળાયેલા કેસની સંવેદનશીલતાને ટાંકીને તેની ધરપકડ અને કોઈપણ પોલીસ કાર્યવાહી પર રોક લગાવવાનો ઇનકાર કર્યો હતો. આગામી સુનાવણી ૨૨ ઓગસ્ટના રોજ નક્કી કરવામાં આવી છે.

૨૭ વર્ષીય યશ દયાલ પર પહેલા ગાઝિયાબાદમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં તેના પર લગ્નની લાલચ આપીને એક યુવતીનું જાતીય શોષણ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. હવે એક સગીરાએ જાતીય શોષણ કરવાનો આરોપ લગાવતા યશ દયાલની ધરપકડનો ખતરો મંડરાઈ રહ્યો છે. જયપુરના સાંગાનેર સદર પોલીસ સ્ટેશનમાં તેની સામે કેસ નોંધાયા બાદ તેની કારકિર્દી જોખમમાં છે. ■

# સારી શરૂઆતને મોટા સ્કોરમાં ન ફેરવી શકયોઃ કરુણ નાયર



નવી દિલ્હી : ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સિરીઝમાં સારું પ્રદર્શન ન કરનાર ભારતીય બેટ્સમેન કરુણ નાયર નિરાશ થયો હતો. કરુણ નાયરે દુઃખ વ્યક્ત કર્યું હતું કે તે ઇંગ્લેન્ડ સામેની તાજેતરની ટેસ્ટ શ્રેણીમાં મળેલી શરૂઆતને મોટા સ્કોરમાં ફેરવી શક્યો નહીં, પરંતુ તે સમજે છે કે ભવિષ્યમાં રન બનાવવા માટે આ નિરાશાઓ દૂર કરવી તેના માટે મહત્વપૂર્ણ છે. આઠ વર્ષ પછી ટેસ્ટ ટીમમાં વાપસી કરનારા નાયરે ચાર ટેસ્ટ મેચમાં ૨૫ની સરેરાશથી ૨૦૫ રન કર્યા હતા જેમાં ફક્ત એક અડધી સદીનો સમાવેશ થાય છે.

નાયરે કહ્યું હતું કે ''ઓવલમાં મળેલી શરૂઆત (જ્યાં તેણે ૫૭ રન ફટકાર્યા હતા) ને સદીમાં ફેરવી શક્યો ન હતો. જેનાથી હું નિરાશ થયો હતો. પરંતુ ટીમ મુશ્કેલ પરિસ્થિતિમાં હોવાથી પહેલા દિવસની રમત દરમિયાન ટકી રહેવું મહત્ત્વપૂર્ણ હતું. હું થોડો નર્વસ હતો પણ સારું લાગ્યું. મને આશા હતી કે હું તેને સદીમાં ફેરવી શકીશ પણ હું કરી શક્યો નહીં.'' કર્ણાટકના બેટ્સમેને સ્વીકાર્યું હતું કે તે તેના માટે 'ઉતાર-ચઢાવ' વાળી શ્રેણી હતી અને સ્થાનિક ક્રિકેટમાં મોટા સ્કોર કર્યા પછી રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મેળવ્યા પછી તેનું પ્રદર્શન નિરાશાજનક હતું. ''મેં ઘણું વિચાર્યું પણ જે બન્યું તે ભૂલી જવું અને આગામી થોડા મહિનામાં મારે શું કરવાનું છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું મહત્વપૂર્ણ છે.''

તેમણે કહ્યું હતું કે, ''તે મારું ધ્યાન કેન્દ્રિત રાખવા અને ખાતરી કરવા વિશે છે કે હું આગળ વધું અને હું ગમે તે સ્તરે રમું છું ત્યાં મોટો સ્કોર કરું.'' નાયરે પાંચ મેચની ટેસ્ટ શ્રેણીમાં ટીમને એક રાખવા બદલ કેપ્ટન શુભમન ગિલ અને મુખ્ય કોચ ગૌતમ ગંભીરની પ્રશંસા કરી હતી. નાયરે કહ્યું હતું કે, ''શુભમન જે રીતે બધાને એક રાખતા હતા અને તેણે જે પ્રોત્સાહન આપ્યું તે જોવા જેવું હતું. શરૂઆતથી જ તેમનો મેસેજ ખૂબ જ સ્પષ્ટ હતો. તેણે બેટ્સમેન તરીકે જે મેળવ્યું તે પ્રાપ્ત કર્યું અને ટીમનું નેતૃત્વ પણ કર્યું.''

માન્ચેસ્ટરમાં ચોથી ટેસ્ટ દરમિયાન ઇજાગ્રસ્ત ઋષભ પંતની બેટિંગથી નાયર ખૂબ પ્રભાવિત થયા હતા અને કહ્યું હતું કે પંતને તૂટેલા અંગૂઠા સાથે બેટિંગ કરતા જોવી શ્રેણીની સૌથી યાદગાર ક્ષણોમાંની એક હતી. તે જોવું દરેક માટે અદ્ભુત હતું. તે બતાવે છે કે તે કેટલો મહાન ખેલાડી છે અને વધુ મહત્ત્વનું એ છે કે તે કેવા પ્રકારનો માણસ છે. ■

# ઍશિઝમાં ઑપનિંગ કરવા તૈયાર છે માર્નસ લબુશૅન

મેલબર્ન : ઓસ્ટ્રેલિયાનો દિગ્ગજ ક્રિકેટર માર્નસ લબુશેન ઈંગ્લેન્ડ સામે શરૂ થનારી એશિઝ સિરીઝમાં વાપસી માટે તૈયાર છે. તે આ સિરીઝમાં ઓપનિંગની જવાબદારી સંભાળી શકે છે. ટોપ ઓર્ડર બેટ્સમેન લબુશેને ટીમમાં વાપસી પર પ્રતિક્રિયા આપી છે. તેને આશા છે કે તે એશિઝ માટે ઓસ્ટ્રેલિયાની ટેસ્ટ ટીમમાં વાપસી કરશે અને ઇંગ્લેન્ડ સામેની આ મહત્ત્વપૂર્ણ શ્રેણીમાં ઇનિંગની શરૂઆત કરવા માટે પણ તૈયાર છે. વેસ્ટ ઇન્ડિઝમાં તાજેતરની શ્રેણીની શરૂઆતમાં ૨૦૧૯ પછી પહેલી વાર લબુશેનને ટેસ્ટ ટીમમાંથી બહાર કરવામાં આવ્યો હતો. છેલ્લા બે વર્ષમાં તેની સરેરાશ ૨૭.૮૨ હતી. આ દરમિયાન તેણે ફક્ત એક જ સદી ફટકારી હતી. જોકે, ટીમમાંથી બહાર થયા પછી તેમણે સખત પ્રેક્ટિસ કરી હતી.

ટીમમાંથી બહાર થયા પછી લબુશેને ન્યૂઝ કોર્પને પોતાના પહેલા ઇન્ટરવ્યૂમાં લબુશેને કહ્યું હતું કે, આનાથી (ટીમમાંથી બહાર થવાથી) મને આત્મનિરીક્ષણ કરવાની તક મળી અને મીડિયા તરફથી કોઈ દબાણ નહોતું, જે કહેતું હતું કે માર્નસને બહાર કરવો પડ્યો. જેઓ મારા પર શંકા કરે છે તેમને ખોટા સાબિત કરવા માટે હું પ્રતિબદ્ધ છું.

તેણે કહ્યું હતું મને આમ (ઓપનિંગ) કરવામાં ખુશી થશે. જો મને ટેસ્ટ ટીમમાં સ્થાન બનાવવા માટે ઓપનર તરીકે બેટિંગ કરવી પડે, તો તે ઠીક છે. જો તમે મને પૂછો કે મને કયા નંબર પર બેટિંગ કરવાનું ગમે છે તો દેખીતી રીતે મેં મારી કારકિર્દી દરમિયાન ત્રીજા નંબર પર બેટિંગ કરી છે પરંતુ હાલમાં હું જે પરિસ્થિતિમાં છું તેને જોતાં મારી પાસે કોઈ વિકલ્પ નથી. ■

# નિશા, મુસ્કાન, રાહુલને ગોલ્ડ મૅડલ, ટોટલ ૧૪ ચંદ્રક

બેંગકોકઃ ભારતની યુવા મહિલા બોક્સરોએ રવિવારે થાઈલેન્ડના બેંગકોકમાં રમાઈ રહેલી અંડર-૧૯ એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૫માં બોક્સિંગમાં પોતાની પ્રતિભા દર્શાવી હતી. નિશા (૫૪ કિગ્રા) અને મુસ્કાન (૫૭ કિગ્રા) એ ગોલ્ડ મેડલ જીત્યા જ્યારે પાંચ અન્ય લોકોએ સિલ્વર મેડલ જીત્યા હતા. પુરુષોની ફાઇનલમાં રાહુલ કુંડુ (૭૫ કિગ્રા) એ ઉઝબેકિસ્તાનના દિગ્ગજ બોક્સર મુહમ્મદજોન યાકુપબોવેકને વિભાજિત નિર્ણયથી હરાવીને વધુ એક ગોલ્ડ મેડલ જીત્યો હતો. જેનાથી ભારતની મેડલ સંખ્યા ૧૪ થઈ ગઈ હતી. જેમાં ત્રણ ગોલ્ડ, સાત સિલ્વર અને ચાર બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે.

તે સિવાય અંડર-૧૯ ઇવેન્ટમાં ભાગ લેનારી ૧૦ મહિલા બોક્સરોમાંથી નવ મેડલ સાથે પરત ફરશે - જેમાં બે ગોલ્ડ, પાંચ સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે - જે કઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાન અને ચીન જેવા દેશો સાથે ઊભરતી શક્તિ તરીકે ભારતની સ્થિતિ દર્શાવે છે.

નિશાએ દિવસની બીજી મેચમાં ભારત તરફથી પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેણીએ ત્રીજા અને અંતિમ રાઉન્ડમાં ચીનની સિરુઇ યાંગ પર પ્રભુત્વ મેળવીને ૪:૧ થી જીત મેળવી હતી. ત્યારબાદ મુસ્કાને ભારત માટે સતત બીજો ગોલ્ડ મેડલ જીત્યો. તેણીએ કઝાકિસ્તાનની અયાઝાન એર્મેકને ૩:૨ના વિભાજિત નિર્ણયથી હરાવી હતી.

અંડર-૧૯ અને અંડર-૨૨ એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપ એકસાથે યોજાઈ રહી છે. તે ભારતના ઊભરતા સ્ટાર્સને એશિયાના સૌથી મજબૂત હરીફો સામે તેમની કુશળતા અને દૃઢ નિશ્ચય દર્શાવવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.

ભારતે ૪૦ બોક્સરોની ટુકડી મોકલી છે. તેમાં ચેમ્પિયન બોક્સરો તેમજ સ્થાનિક સર્કિટમાં સારું પ્રદર્શન કરનારા બોક્સરોનો સમાવેશ થાય છે. રવિવારે ગોલ્ડ માટે સ્પર્ધા કરી રહેલી અન્ય ભારતીય મહિલાઓમાં વિની ૬૦ કિગ્રા. ફાઇનલમાં ઉઝબેકિસ્તાનની સેવારા મામાતોવા સામે હારી ગઈ હતી. હાઈ વજન વર્ગમાં આરતી કુમારી (૭૫ કિગ્રા.) ચીનની ટોંગટોંગ ગુ સામે હારી ગઈ હતી. કૃતિકા વાસન (૮૦ કિગ્રા.) કઝાકિસ્તાનની કુરાલે યેગિનબાઈકજી સામે હારી ગઈ અને પારચી ટોકાસ (૮૦+ કિગ્રા.) ઉઝબેકિસ્તાનની સોબિરાખોન શાખોબિદિનોવા સામે હારી ગઈ હતી. ■

# બે દાયકામાં પ્રથમવાર ભારત એએફસી અંડર-૨૦ મહિલા એશિયન કપમાં પહોંચ્યું

યાંગૂન (મ્યાનમાર) : ભારતે રવિવારે અહીં પોતાની અંતિમ ગ્રૂપ-ડી ક્વોલિફાઇંગ મેચમાં મ્યાનમારને ૧-૦થી હરાવીને બે દાયકામાં પહેલી વાર એએફસી અંડર-૨૦ મહિલા એશિયન કપ ફૂટબોલ માટે ક્વોલિફાય થયું હતું. પૂજાએ થુવુન્ના સ્ટેડિયમ ખાતે ૨૭મી મિનિટે નિર્ણાયક ગોલ કર્યો હતો જેનાથી ભારત સાત પોઈન્ટ સાથે ગ્રૂપમાં ટોચ પર રહ્યું અને થાઈલેન્ડમાં ૨૦૨૬માં મુખ્ય ટૂર્નામેન્ટમાં સ્થાન મેળવ્યું હતું. ભારતે પહેલા હાફમાં પ્રભુત્વ મેળવ્યું જ્યારે મ્યાનમારે બીજા હાફમાં પ્રભુત્વ મેળવ્યું હતું.

નેહા અને સિબાની દેવી નોંગ્મીકાપમે ત્રીજી મિનિટમાં મ્યાનમાર પર દબાણ બનાવ્યું પરંતુ ગોલ કરી શક્યા નહીં. યજમાન ટીમે થોડા વળતા પ્રહારો શરૂ કર્યા અને ફોરવર્ડ સુ સુ ખિન નવમી મિનિટમાં ગોલ કરવાની નજીક પહોંચી ગઈ હતી. પૂજાએ અડધા કલાક પહેલા જ ભારતને લીડ અપાવી હતી. તેણીએ જમણી બાજુથી ક્રોસ લગાવીને ગોલ કર્યો હતો. બીજો હાફ સંપૂર્ણપણે અલગ હતો. મ્યાનમાર ઘરઆંગણાના સમર્થનથી ઉત્સાહિત હતું. ભારતીય ગોલકીપર મોનાલિશા દેવીએ ૪૮મી મિનિટમાં સુ સુ ખિનને રોકતા શાનદાર બચાવ કરવો પડ્યો. ભારતે મ્યાનમારને રોકવા માટે સંપૂર્ણ તાકાત લગાવી દીધી હતી. યજમાન ટીમના તમામ દબાણ છતાં ભારતે પોતાની લીડ જાળવી રાખી અને ૨૦૦૬ પછી પહેલી વાર ક્વોલિફાય થયું હતું. ■

# ભારતનો રમેશ બુધિયાલ એશિયન સર્ફિંગમાં જીત્યો બ્રોન્ઝ મેડલ

ચેન્નઈ : ભારતના રમેશ બુધિયાલે શુક્રવારે અહીં એશિયન સર્ફિંગ ચેમ્પિયનશિપમાં પુરુષોની ઓપન કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ ટૂર્નામેન્ટમાં તે મેડલ જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો હતો. બુધિયાલ શનિવારે આ સ્પર્ધાના મેડલ રાઉન્ડમાં પહોંચનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો હતો. તેણે ફાઇનલમાં ૧૨.૬૦ પોઈન્ટ મેળવીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

કોરિયાના કનોઆ હીજેએ ૧૫.૧૭ પોઈન્ટ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો, જ્યારે ઇન્ડોનેશિયાના પજાર એરિયાનાએ ૧૪.૫૭ પોઈન્ટ સાથે સિલ્વર મેડલ જીત્યો હતો. ઓપન વિમેન્સ કેટેગરીમાં જાપાનની અનરી માત્સુનો (૧૪.૯૦ પોઈન્ટ) એ તેના જ દેશની ખેલાડી સુમોમો સાતો (૧૩.૭૦)ના પડકારને પાર કરીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. થાઈલેન્ડની ઈસાબેલ હિગ્સે ૧૧.૭૬ પોઈન્ટ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

કોરિયાના કાનોઆ હીજેએ અંડર-૧૮ બોય્સ કેટેગરીમાં ૧૪.૩૩ પોઈન્ટ સાથે ગોલ્ડ મેડલ જીતીને બેવડી સફળતા મેળવી હતી. ચીનની શિદોંગ વૂ (૧૩.૧૦) અને શુલોઉ જિયાંગ (૮) એ અનુક્રમે સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. ■

શૅરના ભાવમાં હેરાફેરી

# સેબીએ ફટકાર્યો ૧૧ એન્ટિટી પર ચાર કરોડ રૂપિયાનો દંડ

નવી દિલ્હીઃ બજાર નિયમનકાર સેબીએ સોશિયલ મીડિયા ચેનલોનો ઉપયોગ કરીને દર્શન ઓર્ના લિમિટેડ (ડોલ)ના શેરના ભાવમાં હેરાફેરી કરવા બદલ ૧૧ વ્યક્તિઓ પર કુલ ૩.૮૭ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ તેના આદેશમાં જણાવ્યું હતું કે દંડ ૪૫ દિવસની અંદર ચૂકવવાનો રહેશે.

આદેશમાં સેબીએ નોંધ્યું હતું કે સપ્ટેમ્બર ૨૦૨૧ થી જૂન ૨૦૨૨ દરમિયાન ડોલના સ્ક્રિપમાં બહુસ્તરીય બજાર હેરાફેરી યોજનાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આ એન્ટિટીઓને ત્રણ અલગ અલગ ઓપરેશનલ સ્તરોમાં સામેલ કરવામાં આવી હતી.

આ કૌભાંડમાં પ્રથમ સ્તરમાં, નોટિસી નંબર વન (આકાશ દોશી) પોતાના અને તેના પિતા દિલીપ દોશીના ખાતા દ્વારા કંપનીના શેર એકઠા કરતા હતા, જ્યારે કેવિન કાપડિયા તેની પત્નીના ખાતામાં ટ્રેડિંગ કરતા હતા. ક્રુતિ કેવિન કાપડિયા અને અન્ય સહભાગીઓને મહત્વપૂર્ણ ભંડોળ સહાય પૂરી પાડી હતી.

બીજા સ્તરમાં, સત્યેન દલાલ દ્વારા ભંડોળ માળખાને મજબૂત બનાવવામાં આવ્યું હતું, જેમણે શેર કોર્નર કરવાના તબક્કા દરમિયાન દોશી પરિવારને ૪૬ લાખ રૂપિયા હપ્તામાં આપ્યા હતા અને વેચાણ તબક્કા દરમિયાન આ ભંડોળમાંથી નેવું ટકા પાછા મેળવ્યા હતા, જે યોજનાના કામચલાઉ વલણને દર્શાવે છે.

ત્રીજા સ્તરમાં, સંદેશ પરિભ્રમણ નેટવર્કનું કાળજીપૂર્વક સંકલન ધનપાલ ગાંધી દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે અન્ય સંસ્થાઓ અને ટેલિગ્રામ પ્લેટફોર્મ વચ્ચે મહત્વપૂર્ણ કડી તરીકે સેવા આપી હતી, અમેશ જયસ્વાલ અને જલજ અગ્રવાલ સાથે મળીને કામ કર્યું હતું, જેમણે ટેલિગ્રામ પ્લેટફોર્મ ટીબીઓ પર ભલામણો પોસ્ટ કરી હતી.

ટેલિગ્રામ એપ પરના સંદેશાઓ સાથે સ્ક્રિપમાં ટ્રેડિંગ પ્રવૃત્તિઓએ બજારમાં ભાવ અને વોલ્યુમમાં વધારો થવાની છાપ ઉભી કરી હતી, જેના કારણે ભોળા રોકાણકારો ડોલના શેર ખરીદવા માટે પ્રભાવિત થયા હતા, અને તે જ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે તે જ સમય દરમિયાન, જાહેર શેરધારકોની સંખ્યામાં ૧,૭૩૨થી ૭,૫૩૬નો મોટો ઉછાળો જોવા મળ્યો હતો, એટલે કે જાન્યુઆરી ૨૦૨૨થી માર્ચ ૨૦૨૨ના ત્રિમાસિક ગાળા દરમિયાન ૩૩૫ ટકાનો વધારો થયો હતો,એમ સેબીએ તેના ૮૧ પાનાના આદેશમાં જણાવ્યું હતું.

આ ઉપરાંત, આ સમયગાળા દરમિયાન શેરનો ભાવ ૭૭ રૂપિયાથી વધીને ૧૪૬.૭ રૂપિયા થયો હતો અને કેટલાક વ્યક્તિઓએ વ્યવસ્થિત રીતે તેમની સ્થિતિ છોડીને સામૂહિક રીતે ૨.૫૧ કરોડ રૂપિયાનો નફો કર્યો હતો.

આવા સોદામાં સામેલ થઈને, આ વ્યક્તિઓએ છેતરપિંડી અને અયોગ્ય વેપાર પ્રથાઓ પર પ્રતિબંધ (પીએફયુટીબી - પ્રોહિબિશન ઓફ અનફેર એન્ડ ફ્રોડ્યુલન્ટ ટ્રેડ પ્રેક્ટિસેસ)ના ધોરણોની જોગવાઈઓનું ઉલ્લંઘન કર્યું હતું અને તે મુજબ, સેબીએ તેમના પર કુલ ૩.૮૭ કરોડ રૂપિયાનો દંડ વસૂલ્યો હતો. દંડ ૧૦ લાખ રૂપિયાથી ૧.૨ કરોડ રૂપિયા સુધીનો છે.

પીએફયુટીબી ધોરણોના સંભવિત ઉલ્લંઘનને શોધવા માટે ટેલિગ્રામ ચેનલ પર પ્રસારિત કરવામાં આવેલી ભલામણોના આધારે દર્શન ઓર્નાના સ્ક્રિપમાં કેટલીક એન્ટિટીઓની ટ્રેડિંગ પ્રવૃત્તિઓના મામલામાં સેબી દ્વારા તપાસ હાથ ધર્યા બાદ આ આદેશ આપવામાં આવ્યો હતો. તપાસનો સમયગાળો સપ્ટેમ્બર ૨૦૨૧થી જૂન ૨૦૨૨ સુધીનો હતો. ■

# ટૅરિફના ટેરરિઝમ અને એફઆઈઆઈના પલાયન વચ્ચે શૅરબજાર સતત છઠ્ઠા સપ્તાહે નેગેટિવ ઝોનમાં ગબડ્યું

શૅરબજાર

નિલેશ વાઘેલા

મુંબઈઃ અમેરિકન પ્રમુખ ટ્રમ્પના ટેરિફ ટેરરિઝમ અંગેની ચિંતા અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકધારી વેચવાલીએ ભારતીય શેરબજારના બેન્ચમાર્ક ઇન્ડેક્સને સતત છઠ્ઠા સતાહે નેગેટિવ ઝોનમાં ધકેલી દીધા હતા. આ પાંચ વર્ષમાં સૌથી લાંબો સાપ્તાહિક ઘટાડો દર્શાવે છે. કોર્પોરેટ સેક્ટરના મિશ્ર નાણાંકીય પરિણામ, એફઆઇઆઇની એકધારી વેચવાલી, રૂપિયામાં ઘટાડો અને આરીબઆઇની આક્રમક નીતિએ પણ રોકાણકારોના સેન્ટિમેન્ટ પર નકારાત્મક અસર કરી હતી.

અઠવાડિયા દરમિયાન, બીએસઇનો બેન્ચમાર્ક સેન્સેક્સ ઇન્ડેક્સ ૭૪૨.૧૨ પોઈન્ટ અથવા ૦.૯૨ ટકા ઘટીને ૭૯,૮૫૭.૭૯ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો, જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સ ૨૦૨.૦૫ પોઈન્ટ અથવા ૦.૮૨ ટકા ઘટીને ૨૪,૩૬૩.૩૦ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો.

અમેરિકન પ્રમુખ ટ્રમ્પે પચ્ચીસ ટકાની ટેરિફ ઉપરાંત રશિયન ક્રૂડ ઓઇલની ખરીદી બદ્દલ પચ્ચીસ ટકાની પેન્લટી લાદવાની જાહેરાત બાદ જ્યાં સુધી ટેરિફનો મુદ્દો ઉકેલાઇ ના જાય ત્યાં સુધી ભારત સાથે ટ્રેડ નેગોશિએશન કરવાનો પણ ઇનકાર કર્યો હોવાથી સેન્ટિમેન્ટ વધુ બગડ્યું હતું. દરમિયાન રેટિંગ એજન્સી મૂડીઝ અનુસાર ઉપરોક્ત ટેરિફને કારણે ભારતના ઉત્પાદન ક્ષેત્રને ફટકા પડશે અને વિકાસદર ધીમો પડશે.

જુલાઈથી ભારતીય ઇક્વિટી બજાર એકીકરણના તબક્કામાં રહ્યું છે, જે વેપાર-સંબંધિત પડકારોને કારણે નબળા રોકાણકારોના સેન્ટિમેન્ટને પ્રતિબિંબિત કરે છે. ઊંચા યુએસ ટેરિફ દરો અને નબળા ત્રિમાસિક પરિણામો અંગેની ચિંતાઓએ બજારના વિશ્વાસને ઘટાડ્યો છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા ખાસ કરીને નોંધપાત્ર યુએસ એક્સપોઝર ધરાવતા ફાર્મા શેરોમાં સતત વેચવાલી થઇ રહી છે, જે તેમના સાવચેતીભર્યા દૃષ્ટિકોણને રેખાંકિત કરે છે.

ભારતીય રૂપિયાના સતત અવમૂલ્યનથી પણ રોકાણકારોની ચિંતામાં વધારો થયો છે. વિદેશી હૂંડિયામણ બજારમાં પણ એવી જ પરિસ્થિતિ જોવા મળી હતી. સપ્તાહની સકારાત્મક શરૂઆત છતાં, ભારતીય રૂપિયાએ સતત પાંચમા સપ્તાહમાં નુકસાની વધારી હતી. આઠમી ઓગસ્ટના રોજ રૂપિયો ૧૪ પૈસા ઘટીને ૮૭.૬૬ પ્રતિ ડોલર પર બંધ થયો, જે પહેલી ઓગસ્ટના રોજ ૮૭.૫૨ બોલાયો હતો. અઠવાડિયા દરમિયાન રૂપિયો ૮૭.૮૯ની નીચી સપાટી અને ૮૬.૨૪ની ઊંચી સપાટીને સ્પર્શ્યો હતો.

આ અવરોધો છતાં, રિઝર્વ બેન્ક દ્વારા મેક્રોઇકોનોમિક સ્થિરતાની પુષ્ટિ, સ્થાનિક વૃદ્ધિ પર તેના આશાવાદી વલણ અને ફુગાવાને હળવો કરવાના પ્રારંભિક સંકેતો દ્વારા ઘટાડાના જોખમોને આંશિક રીતે નિયંત્રિત કરવામાં મદદ મળી હોવાનું જણાવતાં જીઓજીતના રિસર્ચ હેડ વિનોદ નાયર કહે છે કે, આગળ જોતાં, બજારમાં અસ્થિરતા ચાલુ રહેવાની અપેક્ષા છે. જ્યારે યુએસ વેપાર તણાવ અને સતત એફઆઇઆઇ આઉટફ્લોના જોખમો રહે છે, ત્યારે ડીઆઇઆઇ તરફથી સંભવિત સમર્થન થોડી રાહત આપી શકે છે.

ભારત અને અમેરિકા બંને તરફથી આગામી ફુગાવાના ડેટા રોકાણકારોની અપેક્ષાઓને આકાર આપવામાં મહત્વપૂર્ણ રહેશે. નિષ્ણતો તરફથી બજારના સહભાગીઓને વૈશ્વિક વેપાર વિકાસ અને કોર્પોરેટ કમાણીને નજીકથી ટ્રેક કરવાની સલાહ આપવામાં આવે છે, જેમાં સ્થાનિક વપરાશ-આધારિત ક્ષેત્રો પર વ્યૂહાત્મક ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે, જે ટૂંકા ગાળાની અસ્થિરતાનો સામનો કરવા માટે વધુ સારી સ્થિતિમાં છે.

બીએસઇ લાર્જ-કેપ ઇન્ડેક્સ એક ટકા ઘટીને બંધ થયો. સૌથી વધુ નુકસાન નોંધાવનારી કંપનીઓમાં અદાણી એન્ટરપ્રાઇઝ, બ્રિટાનિયા ઇન્ડસ્ટ્રીઝ, ડિવિસ લેબોરેટરીઝ, એબીબી ઇન્ડિયા, ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, અદાણી ગ્રીન એનર્જીનો સમાવેશ થાય છે, જ્યારે વધનારા શેરોમાં પિડિલાઇટ ઇન્ડસ્ટ્રીઝ, હીરો મોટોકોર્પ, ટાઇટન કંપની, ટીવીએસ મોટર કંપની, ટાટા સ્ટીલ, લાઇફ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા, જિંદાલ સ્ટીલ એન્ડ પાવરનો સમાવેશ થાય છે.

બીએસઇ મિડ-કેપ ઇન્ડેક્સમાં ૧.૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો. આ ઇન્ડેક્સને નીચે ધકેલનારા શેરોમાં થર્મેક્સ, બેયર ક્રોપસાયન્સ, બાયોકોન, ગ્લેક્સોસ્મિથક્લાઇન ફાર્માસ્યુટિકલ્સ, કલ્યાણ જ્વેલર્સ ઇન્ડિયા, આરતી ઇન્ડસ્ટ્રીઝ, હનીવેલ ઓટોમેશન, ધ રેમ્કો સિમેન્ટ્સનો સમાવેશ થાય છે. જોકે, ડેલ્હીવેરી, આદિત્ય બિરલા કેપિટલ, કમિન્સ ઇન્ડિયા, મેક્સ ફાઇનાન્શિયલ સર્વિસિસ, બ્રેઇનબીઝ સોલ્યુશન્સનો આ શ્રેણીના વધનારા શેરોમાં સમાવેશ હતો.

પ્રાઇમરી માર્કેટમાં સિલ્વર કન્ઝ્યુમર ઇલેક્ટ્રિકલ્સે રૂ. ૧૪૦૦ કરોડના આઇપીઓ માટે ડીઆરએચપી દાખલ કર્યું છે. વરમોરા ગ્રેનીટો અને ટ્રાન્સલાઇન પણ આઇપીઓ લાવી રહી છે. રીગલ રિસોર્સિસ ૧૨મી ઓગસ્ટે મૂડીબજારમાં પ્રવેશ કરશે. બુધવારે એનએસડીએલનો શેર રૂ. ૮૮૦ના ઇશ્યૂ ભાવ સામે ૧૦ ટકા પ્રીમિયમે લિસ્ટેડ થયા બાદ ૧૫ ટકા વધીને રૂ. ૯૨૦ બોલાયો હતો. શ્રી લોટસનો શેર ૧૯ ટકા પ્રીમિયમે લિસ્ટેડ થયો હતો, જ્યારે એમએન્ડબી ઇશ્યૂભાવે લિસ્ટેડ થયા બાદ આઠ ટકા વધ્યો હતો.

એન્જિનિયરિંગ અને કન્સ્ટ્રક્શન સર્વિસ પ્રોવાઇડર મહેન્દ્ર રિયલ્ટર્સ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ ૧૨ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ મૂડીબજારમાં રૂ. ૪૯.૪૫ કરોડનો ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ લાવશે જે ૧૪મી ઓગસ્ટે બંધ થશે. પ્રાઇઝ બેન્ડ રૂ. ૭૫થી રૂ. ૮૫ પ્રતિ શેર અને લોટ સાઇઝ ૧,૬૦૦ ઇક્વિટી શેર છે. ભંડોળનો ઉપયોગ કાર્યકારી મૂડીની જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. એન્કર બિડ ૧૧ ઓગસ્ટે ઓપન થશે.

જૂન ક્વાર્ટરમાં ભારતીય કોર્પોરેટ ક્ષેત્રમાં પ્રમોટર્સ હોલ્ડિંગ આઠ વર્ષની નીચી સપાટીએ પહોંચ્યું છે. પીજી ઇલેક્ટ્રોપ્લાસ્ટના નફામાં ૨૦ ટકા અને ત્રિમાસિક ધોરણે ૫૪ ટકાનો કડાકો પડતા તેના શેરમાં ૨૩ ટકાનો કડાકો બોલાયો હતો. જાહેર ક્ષેત્રની કંપની ભેલએ જૂન ક્વાર્ટરમાં રૂ. ૪૫૫.૫૦ કરોડની ખોટ નોંધાવી છે, જે ગયા વર્ષે સમાનગાળામાં રૂ. ૨૧૧.૪૦ કરોડના સ્તરે હતી.

સ્ટેટ બેન્કે પ્રથમ ક્વાર્ટરમાં ૧૨ ટકાના વધારા સાથે રૂ. ૧૯,૧૬૦ કરોડનો ચોખ્ખો નફો અને રૂ. ૧,૩૫,૩૪૨ કરોડની કુલ આવક નોંધાવી છે. આધુનિક ડીજીટલ લેન્ડિંગ અને વર્કિંગ કેપિટલ ટેક્નોલોજી સર્વિસ પ્રોવાઇડર ફિનટેક કંપની વીફિન સોલ્યુશન્સ લિમિટેડએ તેના પ્રમોટરોને જારી કરાયેલા શેર વોરંટ માટે અંતિમ સબ્સ્ક્રિપ્શન રકમની સફળતાપૂર્વક પ્રાપ્તિ થઇ ગઇ હોવાનું જાહેર કર્યું છે. આ ૪,૨૦,૦૦૦ કન્વર્ટિબલ વોરંટ, ઇક્વિટી શેરમાં રૂપાંતરિત થયા હોવાથી કંપનીની મૂડીમાં રૂ. ૮.૪૩ કરોડ ઉમેરાયા છે.

ટાટા મોટર્સે ૬૨.૨૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૪૦૦૩ કરોડનો નફો નોંધાવ્યો છે.

માઇક્રો ઇરિગેશન સોલ્યુશન પ્રોડ્યુસર અને એક્સપોર્ટર કેપ્ટન પોલીપ્લાસ્ટ લિમિટેડે પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં વાર્ષિક ધોરણે સાત ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૭૦.૨૨ કરોડની કુલ આવક, ૧૪ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૭.૭૮ કરોડનો એબિટા અને ૫૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪.૧૫ કરોડનો સ્ટેન્ડઅલોન ચોખ્ખો નફો નોંધાવ્યો છે. જેકે ટાયરનો નફો પચ્ચીસ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૬૩.૩૫ કરોડ રહ્યો છે. એક્ઝોનોબલે ૨૦.૫૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૯૧ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. એબીબી ઇન્ડિયાનો ચોખ્ખો નફો ૨૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૫૨ કરોડ નોંધાયો છે.

બજાજ ઓટોએ પ્રથમ ક્વાર્ટરમાં ૧૩.૮૪ ટકાના વધારા સાથે રૂ. ૨૨૧૦.૪૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. પેટીએમની પેરેન્ટ કંપની વન૯૭ કમ્યુનિકેશનમાંથી ચાઇનીઝ બિઝનેસ ટાઇકૂન જેક માની એન્ટ ફાઇનાન્શિઅલે તેનો ૫.૮૪ ટકાનો સંપૂર્ણ હિસ્સો રૂ. ૩૮૦૩ કરોડમાં વેચી નાંખ્યો છે. ઇન્ડોસોલ સોલારની રૂ. ૬૯,૦૦૦ કરોડના કેપેક્સની યોજના છે. ટાટા ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશનનો નફો ૧૧.૬ ટકા વધીને રૂ. ૧૪૬.૩૦ કરોડ નોંધાયો છે. બ્લુ સ્ટારનો નફો ૨૮.૪ ટકા ઘટીને રૂ. ૧૨૦.૮૨ કરોડ થયો હતો. કોલ ઇન્ડિયા લિમિટેડે પહેલી એપ્રિલથી તેના કોલસાનો ઉપયોગ કરનારા પાવર પ્લાન્ટને વધારાની વીજળી પાવર એક્ચેન્જને વેચવાની છૂટ આપી છે.

દરમિયાન, કેપિટલ માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ બ્રોકર્સ, ડીપી માટે સંયુક્ત નિરીક્ષણ માળખું રજૂ કર્યું છે. બજાર નિયમનકાર સેબીએ ગુરુવારે સ્ટોક બ્રોકર્સ અને ડિપોઝિટરી સહભાગીઓ માટે એકીકૃત વાર્ષિક નિરીક્ષણ ફરજિયાત કર્યું છે. આ નવી વ્યવસ્થા અંતર્ગત દરેક એન્ટિટી દ્વારા અલગ મૂલ્યાંકનની હાલની પ્રથાને બદલે, તમામ સંબંધિત બજાર માળખાગત સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવશે. આ પગલાનો હેતુ વારંવારની મુલાકાતો ઘટાડવાનો અને મધ્યસ્થીઓ માટે સમય અને સંસાધનોની બચત કરવાનો છે. હાલમાં, સ્ટોક બ્રોકર્સ અને ડિપોઝિટરી સહભાગીઓ (ડીપી)નું વાર્ષિક નિરીક્ષણ સ્ટોક એક્સચેન્જ, ડિપોઝિટરી અને ક્લિયરિંગ કોર્પોરેશનો જેવા દરેક માર્કેટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંસ્થાઓ (એમઆઇઆઇ) દ્વારા અલગથી વ્યક્તિગત ધોરણે કરવામાં આવે છે. ■

# અમેરિકાના રિટેલરોએ રેડીમેડ ગારમેન્ટસના ઓર્ડર અટકાવી દીધા

મુંબઈઃ અમેરિકા દ્વારા ભારતના માલસામાન પર પચ્ચીસ ટકા ટેરિફનો અમલ લાગુ થઈ જતા અને ૨૭ ઓગસ્ટથી વધારાની પચ્ચીસ ટકા ટેરિફ લાગુ કરવાની કરાયેલી જાહેરાતને ધ્યાનમાં રાખી અમેરિકામાં કાર્યરત મોટો રિટેલરો જેમ કે વોલમાર્ટ, એમેઝોન, ગેપ વગેરેએ ભારત ખાતેના પોતાના ટેકસટાઈલ તથા એપરલ પૂરવઠેદારોનો ઓર્ડરો અટકાવી દેવા જણાવી રહ્યા છે.

વધારાની ટેરિફ મુદ્દે જ્યાંસુધી સ્થિતિ સ્પષ્ટ ન થાય ત્યાંસુધી માલની ડિલિવરી નહીં કરવા પણ જણાવાઈ રહ્યું હોવાનું રેડીમેડ ગારમેન્ટ ક્ષેત્રના સુત્રોએ જણાવ્યું હતું. કેટલાક સપ્લાયરોને તો પોતાના ઉત્પાદન એકમો નીચા ટેરિફ સાથેના દેશો ખાતે સ્થળાંતરિત કરવા પણ સલાહ આપવામાં આવી રહી છે. ૨૭ ઓગસ્ટથી વધારાના ટેરિફ લાગુ થાય તે પહેલા માલની રવાનગી કરવામાં પૂરવઠેદારો ઝડપ કરી રહ્યા છે.

રેડીમેડ ગારમેન્ટ્સ માટે અમેરિકા ભારતની સૌથી મોટી બજાર છે. વર્તમાન વર્ષના જાન્યુઆરીથી મેમાં અમેરિકા ખાતે ભારતે ૪.૫૯ અબજ ડોલરના ટેકસટાઈલની નિકાસ કરી છે, જે ગયા વર્ષના આ ગાળાની સરખામણીએ ૧૩ ટકા વધુ હતી એમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

૨૦૨૪ના વર્ષમાં અમેરિકાએ ભારત ખાતેથી અંદાજે ૧૦.૮૦ અબજ ડોલરના ટેકસટાઈલ તથા એપરલની આયાત કરી હતી. જો કે અમેરિકાના ખરીદદારોએ ઓર્ડરો રદ કર્યા નથી. તેને માત્ર અટકાવી રાખ્યા છે, તેઓ પ્રાઈસ લેબલ મુદ્દે મુંઝવણ અનુભવી રહ્યા છે, ઉદ્યોગના સુત્રોએ વધુમાં જણાવ્યું હતું.

પચ્ચીસ ટકા વધારાના ટેરિફ પર ટ્રમ્પ પોતાની વાતને પકડી રાખશે તો, ભારતને મળતા ઓર્ડર તેના હરિફ દેશો જેમ કે ચીન, બંગલાદેશ તથા વિયેતનામ તરફ વળી જતા વાર નહીં લાગે તેવો પણ ઉદ્યોગમાં ભય પ્રવર્તી રહ્યો છે. આ દેશોના માલસામાન પર ટ્રમ્પે નીચા ટેરિફ લાગુ કર્યા છે. પચ્ચીસ ટકા ટેરિફના કિસ્સામાં અમેરિકાના ખરીદદારો અને ભારતના પૂરવઠેદારો વધારાના બોજને આપસમાં વહેંચી લેવા તૈયાર થઈ રહ્યા છે, પરંતુ ૫૦ ટકા ટેરિફની વહેંચણી કરવાનું શકય નથી. આવી સ્થિતિમાં અહીંના ઉત્પાદન મથકો નીચા ટેરિફ સાથેના દેશોમાં લઈ જવાની ફરજ પડી શકે છે, એમ સાધનોએ જણાવ્યું હતું. ■

# રિપો રેટમાં એક ટકાનો ઘટાડો છતાં ધિરાણ વૃદ્ધિની ગતિ વર્તમાન વર્ષમાં ધીમી

મુંબઈઃ વર્તમાન વર્ષના ૨૫ જુલાઈના સમાત થયેલા પખવાડિયામાં દેશના બેન્કિંગ ક્ષેત્રમાં ધિરાણમાં વાર્ષિક ધોરણે ૧૦ ટકા જ્યારે થાપણમાં ૧૦.૨૦ ટકા વૃદ્ધિ થયાનું રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ડેટા જણાવે છે. મંદ કોર્પોરેટ માગને પરિણામે ધિરાણ વૃદ્ધિ ધીમી જોવા મળી રહી છે.

વર્તમાન નાણાં વર્ષમાં અત્યારસુધીની વાત કરીએ તો ધિરાણમાં ૧.૪૦ ટકા અને થાપણમાં ૩.૪૦ ટકા વૃદ્ધિ જોવા મળી છે જે ગયા નાણાં વર્ષના ૨૫ જુલાઈ સુધીમાં અનુક્રમે ૨.૩૦ ટકા અને ૩.૫૦ ટકા રહી હતી. કંપનીઓ તરફથી બેન્કિંગ ક્ષેત્રમાં નીચા ધિરાણ ઉપાડને પરિણામે વર્તમાન નાણાં વર્ષમાં ધિરાણ વૃદ્ધિ મંદ જોવા મળી રહી છે. કંપનીઓ પોતાના ભંડોળની આવશ્યકતા માટે નીચા વ્યાજ દર સાથેના નાણાંકીય સાધનો જેમ કે બોન્ડસ તથા કમર્સિઅલ પેપર્સનો ઉપયોગ કરી રહી છે.

ગત નાણાં વર્ષમાં નોન-ફૂડ બેન્ક ધિરાણનો પ્રવાહ ૩.૪૦ લાખ કરોડ રૂપિયા ઘટીને ૧૮ લાખ કરોડ રૂપિયા રહ્યો છે. આ ઘટાડાને નોન-બેન્ક ધિરાણ સ્રોતોએ ભરપાઈ કર્યો હતો, એમ રિઝર્વ બેન્કના સુત્રોએ જણાવ્યું હતું.

રિટેલ લોનમાં હાઉસિંગ લોનમાં અપેક્ષા પ્રમાણે વધારો જોવા મળતો નહીં હોવાનું પણ જણાવાયું હતું. વર્તમાન વર્ષમાં રેપો રેટમાં એક ટકો ઘટાડો કરાયો હોવાને કારણે હાઉસિંગ લોનની માગ વધશે તેવી ધારણાં રખાતી હતી. ગત નાણાં વર્ષમાં હાઉસિંગ લોન ૨.૭૦ ટકા વધી ૧૦.૭૦ લાખ કરોડ રૂપિયા રહી હતી.

રિઝર્વ બેન્ક દ્વારા રેપાઝીશને રેટ ઘટાડવામાં આવતા થાપણ દરમાં પણ ઘટાડો થયો છે. ■

## બિઝનેસ બિટ્સ

### સોનાના ભાવમાં વધુ વૃદ્ધિની સંભાવના

મુંબઇઃ મેક્રો અનિશ્ચિતતા અને આંતરરાષ્ટ્રીય ધોરણે ટેરિફ તણાવ વચ્ચે સોનામાં વધુ તેજી આવી શકે છે. વિશ્લેષકોના મતે, મેક્રો ઇકોનોમિક અનિશ્ચિતતા, ટેરિફ વિવાદો અને સેન્ટ્રલ બેંક ખરીદીને કારણે તેમ જ વર્તમાન પરિસ્થિતિમાં રોકાણકારોની કિંમતી ધાતુ પ્રત્યેનું સતત વધી રહેલા ખેંચાણને કારણે, આ સપ્તાહમાં સોનાના ભાવમાં વધારો થવાની સંભાવના છે. ગ્લોબલ બુલિયન ટ્રેડર્સ યુકે અને યુરોપિયન યુનિયન જીડીપી, યુએસ કોર પીપીઆઈ અને કોર સીપીઆઈ સહિત મુખ્ય અર્થતંત્રોમાંથી મુખ્ય મેક્રો ઇકોનોમિક ડેટા રિલીઝની શ્રેણી પર ઝીણવટભરી નજર રાખશે. યુએસ ફેડરલ રિઝર્વના અધિકારીઓના ભાષણો પણ સોનાના ભાવ માટે નજીકના ગાળાના માર્ગ પર વધુ માર્ગદર્શન માટે ફોકસમાં રહેશે.

### હિમાચલ પ્રદેશમાં નવા મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ

શિમલાઃગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવા અને ડેરી માળખાને આધુનિક બનાવવા માટે હિમાચલ પ્રદેશ સરકારે નાહાન, નાલાગઢ, મોહલ અને રોહરુ ખાતે નવા દૂધ પ્રક્રિયા પ્લાન્ટ સ્થાપવાની મંજૂરી આપી છે, એમ મુખ્ય પ્રધાન સુખવિંદર સિંહ સુખુએ રવિવારે જણાવ્યું હતું. વધુમાં, હમીરપુરના જલારી ખાતે એક દૂધ ચિલિંગ સેન્ટર અને ઝાલેરા (ઉના) ખાતે એક બલ્ક મિલ્ક કુલર પણ સ્થાપવામાં આવશે, એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે રાજ્યની ૯૦ ટકાથી વધુ વસ્તી ગ્રામીણ વિસ્તારોમાં રહે છે અને ખેતીમાં રોકાયેલી છે, જેના કારણે ડેરી વિકાસને મુખ્ય પ્રાથમિકતા આપવામાં આવી છે.

### સ્ટીલઃ એન્ટિ ડમ્પિંગ જકાતની અપીલ

નવી દિલ્હીઃ સ્થાનિક ખેલાડીઓને બચાવવા માટે સ્ટેનલેસ સ્ટીલ ઉદ્યોગ સસ્તા આયાત પર એન્ટિ-ડમ્પિંગ ડ્યુટી અપીલ કરી રહ્યો છે. સ્થાનિક સ્ટેનલેસ સ્ટીલ ઉદ્યોગે સસ્તા આયાત પર એન્ટિ-ડમ્પિંગ ડ્યુટી પર વિચાર કરવા માટે ડિરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડીઝ (ડીજીઆરટી) સમક્ષ અરજી દાખલ કરી છે. ઉદ્યોગનો દાવો છે કે સ્ટીલની સસ્તી આયાત સ્થાનિક ખેલાડીઓ માટે પડકાર ઉભો કરી રહી છે. દેશના સ્ટેલેસ સ્ટીલ ઉત્પાદકોના સંગઠને ઉદ્યોગ વતી, પસંદગીના દેશોના જૂથમાંથી સ્થાનિક બજારમાં સ્ટેનલેસ સ્ટીલ વસ્તુઓના ડમ્પિંગની તપાસ માટે અરજી દાખલ કરી છે. આ સંગઠનના પ્રવકતાએ જણાવ્યું હતું કે ઉદ્યોગ હવે ડીજીટીઆર દ્વારા તેની તપાસ શરૂ થાય તેની રાહ જોઈ રહ્યો છે. વાણિજ્ય મંત્રાલય હેઠળ ઉત્ક્ષ્ઝછ, એન્ટિ-ડમ્પિંગ, કાઉન્ટરવેલિંગ ડ્યુટી અને સલામતી પગલાં સહિત તમામ વેપાર ઉપચારાત્મક પગલાંનું સંચાલન કરવા માટે સર્વોચ્ચ સત્તા છે.

### ત્રણ લાખ ટન કાંદાનો સ્ટોક છૂટો કરશે

નવી દિલ્હીઃ ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે શુક્રવારે જાહેરાત કરી હતી કે ભાવ સ્થિરતા જાળવવા માટે કેન્દ્ર સપ્ટેમ્બરથી તેના ડુંગળીના બફર સ્ટોકનું માપસરનું વિતરણ શરૂ કરશે. સરકારે આ વર્ષે તેના ભાવ સ્થિરીકરણ બફર હેઠળ ત્રણ લાખ ટન ડુંગળીની ખરીદી કરી છે. અધિકારીઓએ નોંધ્યું હતું કે પાછલા વર્ષોથી વિપરીત, ૨૦૨૪-૨૫માં પાછલા વર્ષની તુલનામાં ઉત્પાદન સ્તર વધારે હોવાને કારણે, ચાલુ ચોમાસાની ઋતુ દરમિયાન આવશ્યક શાકભાજી - ખાસ કરીને બટાકા, ડુંગળી અને ટામેટાંના ભાવ નિયંત્રણમાં રહ્યા છે.

# છ વીજ કંપનીઓના લિસ્ટિંગને વેગ મળવાની અપેક્ષા

નવી દિલ્હીઃ વીજ વિતરણ કંપનીઓનું લિસ્ટિંગ ખૂબ જ મુશ્કેલ છે કારણ કે મોટા ભાગની ખોટ કરી રહી છે. જોકે, સરકારની માલિકીની વીજ કંપનીઓના લિસ્ટિંગને વેગ મળશે, એવા વાવડ છે. ઓછામાં ઓછી છ કંપનીઓને રસ લિસ્ટિંગમાં રસ હોવાનું કહેવાય છે.

રાજ્ય સરકારની માલિકીની વીજ કંપનીઓ, જેમાં ઉત્પાદન, ટ્રાન્સમિશન અને વિતરણ કંપનીઓ (જેનકોસ, ટ્રાન્સકોસ અને ડિસ્કોમ)નો સમાવેશ થાય છે, તેના લિસ્ટિંગમાં ઓછામાં ઓછી છ કંપનીઓ રસ દાખવશે તેવી અપેક્ષા છે. સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે ગુજરાત, છત્તીસગઢ, હરિયાણા, આંધ્રપ્રદેશ સાથે તેમની એક અથવા વધુ કંપનીઓના લિસ્ટિંગ માટે વાતચીત આગળ વધી છે.આ બાબતથી વાકેફ સુત્રોના જણાવ્યા અનુસાર, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કંપની સૌથી આગળ છે અને પ્રારંભિક જાહેર ઓફર (આઈપીઓ) માટે ડ્રાફ્ટ તૈયાર કરી રહી છે. છત્તીસગઢએ કેન્દ્રીય ઉર્જા મંત્રાલય સાથેની બેઠકમાં બે કંપનીઓ, છત્તીસગઢ સ્ટેટ પાવર જનરેશન કંપની લિમિટેડ અને છત્તીસગઢ સ્ટેટ પાવર ટ્રાન્સમિશન કંપની લિમિટેડની યાદી બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

હરિયાણા પાવર જનરેશન કંપની લિમિટેડને પણ લિસ્ટ કરવાનો પણ પ્રસ્તાવ છે. કેન્દ્રીય ઉર્જા પ્રધાને જાહેરાત કરી છે કે રાજ્યોએ નફાકારક વીજ કંપનીઓની યાદી બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ જેથી તેઓ વધુ આવક ઉત્પન્ન કરી શકે. રાજ્યોમાં સારું પ્રદર્શન કરતી જનકો અથવા ટ્રાન્સકો અથવા પાવર વિતરણ કંપનીઓ (ડિસ્કોમ) છે, તેમણે એક્સચેન્જમાં લિસ્ટિંગ કરવાનું વિચારવું જોઈએ.

પાવર સેક્ટરના નિષ્ણાતના મતે, ડિસ્કોમ્સનું લિસ્ટિંગ ખૂબ જ મુશ્કેલ છે કારણ કે તેમાંના મોટા ભાગના ખોટ કરી રહ્યા છે. ડિસ્કોમ માટેનો ઉકેલ ખાનગીકરણ અથવા જાહેર ખાનગી ભાગીદારીના વિવિધ મોડેલો હોઈ શકે છે. ડિસ્કોમ્સ પર હાલમાં કુલ ૬.૮૪ લાખ કરોડ રૂપિયાનું દેવું છે અને તેમનું કુલ નુકસાન પણ ૬.૪૬ કરોડ રૂપિયા છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં, તેઓ તેમની આવક કરતાં એક કિલોવોટ વીજળી પર ૨૧ પૈસા વધુ ખર્ચ કરે છે. કેન્દ્ર તેને શૂન્ય પર લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. ■

# વિદેશી ફંડોએ ભારતીય શૅરબજારમાં ₹ ૧૪,૦૧૯ કરોડના શૅર વેચ્યા

મુંબઇઃ ટેરિફના વાવાઝોડા વચ્ચે ભારતીય શેર બજારે સારી ટક્કર આપી હતી પંરતું આગળનું ભાવિ અનિશ્ચિત જણાય છે. પાછલા સપ્તાહ દરમિયાન મેટલ, ઓટો અને પીએસયુ સિવાયનાં બધાં ક્ષેત્રોના શેર્સ ઘટ્યા હતા. માર્કેટ કેપમાં રૂ.૩.૮૯ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. એફઆઈઆઈની રૂ.૧૪,૦૧૯ કરોડની ચોખ્ખી વેચવાલી નોંધાવી હતી. ગત શુક્રવાર ૧ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ માર્કેટ કેપ રૂ. ૪૪૪.૫૨ લાખ કરોડ હતું તે ૮ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ રૂ. ૩.૮૯ લાખ કરોડ ઘટીને રૂ. ૪૪૦.૬૩ લાખ કરોડ થયું હતું.

શુક્રવારે સમાપ્ત થયેલા સપ્તાહ દરમિયાન બીએસઈ સેન્સેક્સ ૭૪૨.૧૨ પોઈન્ટ્સ (૦.૯૨ ટકા) ઘટ્યો હતો. સપ્તાહના અંતમાં સેન્સેક્સ ગત શુક્રવારના ૮૦,૫૯૯.૯૧ના બંધ સામે આ શુક્રવારે ૭૯,૮૫૭.૭૯ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સપ્તાહના આરંભે સોમવાર ૪ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ સેન્સેક્સ ૮૦,૭૬૫.૮૩ પોઈન્ટ્સ પર ખૂલી એ જ દિવસે ઉપરમાં ૮૧,૦૯૩.૧૯ સુધી તથા શુક્રવાર, ૮ ઓગસ્ટ, ૨૦૨૫એ નીચામાં ૭૯,૭૭૫.૮૪ સુધી ગયો હતો.


સપ્તાહ દરમિયાન બધા બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસ ઘટ્યા હતા, જેમાં, બીએસઈ સ્મોલકેપ (૧.૮૬ ટકા), બીએસઈ મિડકેપ (૧.૨૯ ટકા), બીએસઈ ૧૦૦ (૦.૮૮ ટકા), બીએસઈ ૨૦૦ (૦.૯૫ ટકા), બીએસઈ ૫૦૦ (૧.૦૪ ટકા) ઘટ્યા હતા.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં સપ્તાહ દરમિયાન મેટલ ૦.૫૭ ટકા, ઓટો ૦.૨૨ ટકા અને પીએસયુ ૦.૧૮ ટકા વધ્યા હતા, જ્યારે હેલ્થકેર ૨.૫૦ ટકા, રિયલ્ટી ૨.૩૬ ટકા, એફએમસીજી ૨.૨૧ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૬૨ ટકા, પાવર ૧.૪૨ ટકા, ટેક ૧.૧૬ ટકા, બેન્કેક્સ ૧.૧૦ ટકા, આઈટી ૧.૦૬ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૯૭ ટકા અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૨૬ ટકા ઘટ્યા હતા.

બીએસઈ ૧૦૦માં ૪૦ કંપનીઓના ભાવ વધ્યા, ૬૦ કંપનીઓના ભાવ ઘટ્યા. બીએસઈ ૨૦૦માં ૬૯ કંપનીઓના ભાવ વધ્યા, ૧૩૧ કંપનીઓના ભાવ ઘટ્યા. બીએસઈ ૩૦માં ૧૫ કંપનીઓના ભાવ વધ્યા અને ૧૫ કંપનીઓના ભાવ ઘટ્યા. બીએસઈ ૫૦૦માં, ૧૫૩ કંપનીઓ વધી, ૩૪૭ કંપનીઓ ઘટી. મિડકેપમાં ૨૮ કંપનીઓ વધી, ૯૯ કંપનીઓ ઘટી. સ્મોલકેપમાં, ૨૨૫ કંપનીઓ વધી, ૭૪૩ કંપનીઓ ઘટી અને ત્રણ કંપની યથાવત રહી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ સૌથી અધિક વધેલી પાંચ કંપનીઓમાં ટાઈટન ઈન્ડસ્ટ્રીઝ (૪.૨૦ ટકા, ટાટા સ્ટીલ (૩.૧૬ ટકા), ટેક મહિન્દ્ર (૨.૭૬ ટકા), ટ્રેન્ટ (૨.૨૫ ટકા) અને મારુતિ (૨.૨૨ ટકા)નો સમાવેશ હતો. જ્યારે સૌથી અધિક ઘટેલી પાંચ કંપનીઆમોં ઈન્ફોસિસ ટેકનોલોજી (૩.૩૦ ટકા) સન ફાર્મા ૨.૬૭ ટકા, ટાટા મોટર્સ (૨.૪૪ ટકા), આઈસીઆઈસીઆઈ બેન્ક (૨.૪૩ ટકા) અને પાવર ગ્રીડ (૨.૨૧ ટકા)નો સમાવેશ હતો.

એ ગ્રુપની ૭૩૦ કંપનીઓમાં ૨૦૨ કંપનીઓના ભાવ વધ્યા, ૫૨૭ કંપનીઓના ભાવ ઘટ્યા અને એક કંપનીનો સ્થિર રહ્યો હતો. જ્યારે બી ગ્રુપની ૧૨૬૦ કંપનીઓમાંથી ૩૦૨ કંપનીઓના ભાવ વધ્યા, ૯૫૫ કંપનીઓના ભાવ ઘટ્યા અને ત્રણના ભાવ યથાવત રહ્યા હતા. સપ્તાહ દરમિયાન બી ગ્રુપની ચાર કંપનીઓને નીચલી અને ત્રણ કંપનીઓને ઉપલી સર્કીટ લાગી હતી. ■



ભાવનગરના લીલા સર્કલ પાસે આવેલ ઈસ્કોન મંદિરમાં શ્રી બલરામ જયંતી શ્રી બલરામજીનો જન્મ ઉત્સવ મનાવવામાં આવ્યો હતો.. (તસવીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)

# ધોળાવીરામાંથી મળેલા વિશ્વના સૌથી પુરાણા સાઇનબોર્ડને પુરાતત્ત્વ વિભાગ દ્વારા ફરી પાછું જમીનમાં દાટી દેવાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગત માર્ચ મહિનામાં રાષ્ટ્રપતિની ધોળાવીરાની મુલાકાત ટાંકણે લગભગ અઢી દાયકા બાદ જમીનમાંથી બહાર કાઢવામાં આવેલાં વિશ્વના સૌથી જૂના, ૧૦ અક્ષરોના પ્રાચીન સાઇનબોર્ડને અત્યારના ઝેરીલા વાતાવરણથી નુકસાન થવાની ભીતિને લઈને પુરાતત્ત્વ વિભાગ દ્વારા વેધરપ્રૂફ કાચની તાબૂત જેવી પેટીમાં રાખીને દાટી દેવામાં આવ્યું છે.

આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, દિલ્હીના નિષ્ણાત પુરાતત્વવિદોની કમિટી દ્વારા આપવામાં આવેલા મંતવ્યને ધ્યાનમાં રાખીને આ પ્રાચીન સાઇન બોર્ડને ફરીથી જમીનમાંથી બહાર કાઢવું કે કેમ તે આગામી સમયમાં નિર્ણય લેવામાં આવશે. કચ્છમાં સ્થિત વૈશ્વિક ધરોહર ધોળાવીરામાંથી ૨૩ વર્ષ પહેલાં ઉત્ખનન દરમ્યાન મળેલું આ સાઇનબોર્ડ પ્રાચીન સિંધુ સંસ્કૃતિના રહસ્યો જાણવા માટેની સૌથી મહત્ત્વપૂર્ણ શોધ હતી. ઈ.સ. પૂર્વે ૧૫૦૦ થી ૩૦૦૦ ના મનાતા આ સાઇનબોર્ડ પર જિપ્સમથી ચિત્રિત દસ શબ્દો આજદિન સુધી વણઉકેલાયા છે, અને અનેક દેશોના તજજ્ઞો એના પર મંથન કરી રહ્યા છે.

આ બોર્ડને જમીનમાંથી બહાર કાઢવું લગભગ અશક્ય હતું, તેથી ભારતીય પુરાતત્ત્વ વિભાગ દ્વારા નોર્થ ગેટ પાસે મળેલા આ સાઇનબોર્ડને ત્યાંજ માટીથી ફરી ઢાંકી સુરક્ષિત કરી દેવાયું હતું. ગત માર્ચ માસમાં દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂજી ધોળાવીરાની મુલાકાત માટે આવ્યા ત્યારે એએસઆઇના પુરાતત્ત્વવિદો દ્વારા ફરી ઉત્ખનન કરી આ સાઇનબોર્ડ જમીનમાંથી બહાર કાઢ્યું હતું.

અને અજાયબી સમાન બોર્ડને લોકો જોઇ શકે તે માટે તે કાચની પેટીથી સુરક્ષિત કરવામાં આવ્યું હતું. અત્યારસુધી પુરાતન નગરી ધોળાવીરાની મુલાકાત લેનારા પ્રવાસીઓ અહીંની સૌથી મોટી શોધ એવા અસલ સાઇનબોર્ડને પોતાની નરી આંખે જોઇ શકતા હતા. જોકે વરસાદ અને ટોક્સિક વાતાવરણના લીધે આ માળખાને નુકસાનીની ચિંતા હોવાથી ફરી ઢાંકી દેવામાં આવ્યું છે. રાજકોટ એએસઆઇ કચેરી હવે વડી કચેરીએથી જે નિર્ણય આવશે તેની રાહ જોઇ રહી છે તેમ જાણવા મળી રહ્યું છે.

# મુંદરાના કારાઘોઘા નજીક પિતા-પુત્રીના સ્કૂટરને ટ્રેઈલરે અડફેટે લેતાં પિતાનું કરુણ મોત, પુત્રી ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રક્ષાબંધનના તહેવારના સપરમા દિવસે કચ્છના મુંદરા તાલુકાના સમાઘોઘા નજીક એક્ટિવા સ્કૂટર પર જઈ રહેલા પિતા-પુત્રીને ધસમસતા આવી ચડેલા ટ્રેઈલરે અડફેટે લેતાં ૬૦ વર્ષીય જુસાભાઈ કેબુભાઈ કોલીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું, જ્યારે પુત્રી જસુ કોલીને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી, બીજી તરફ ભચાઉના વાંઢિયાની સીમમાં મોરબી-સામખિયાળી ધોરીમાર્ગ ખાતે મોટરસાઇકલ પર જતાં દિલીપ હીરા કોળી (મકવાણા) (ઉ.વ.૨૩)ને અજ્ઞાત ભારે વાહને હડફેટે લેતાં સર્જાયેલા અકસ્માતમાં તેનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત થયું હતું.

મુંદરા પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી મુજબ, કારાઘોઘાના જુસાભાઇ કોલી તેમના દ્વિચક્રી વાહન પર તેમની પુત્રી જસુને લઇને રક્ષાબંધનના અવસરે ખરીદી કરીને પરત ઘરે જઇ રહ્યા હતા, ત્યારે સામેથી આવી ચઢેલા ટ્રેઇલરના ચાલકે તેમને હડફેટે લેતાં ગંભીર ઇજાના પગલે પિતાનું ગંભીર રીતે ઘાયલ પુત્રીની નજર સમક્ષ મોત નીપજ્યું હતું. ઇજાગ્રસ્તને પ્રથમ મુંદરા અને બાદમાં વધુ સારવાર અર્થે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે જ્યાં તેની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળી રહ્યું છે. મુંદરા પોલીસે ટ્રેઇલર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં લૂંટના ગુનામાં સંડોવાયેલ બે શખ્શોને પાસા તળે સુરત-વડોદરા જેલ ધકેલાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબી તાલુકા પોલીસે લૂંટના ગુનાઓમાં સંડોવાયેલા બે શખ્સો વિરુદ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરીને તેમને સુરત અને વડોદરાની મધ્યસ્થ જેલ હવાલે કર્યા હતા. મોરબી તાલુકા પોલીસ દ્વારા બંને શખ્શો વિરુદ્ધ પાસા વોરંટ ઈશ્યુ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ મોરબી પોલીસ દ્વારા બંને ઈસમો વિરુદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજિસ્ટ્રેટ મોરબીને મોકલવામાં આવી હતી. મોરબી જિલ્લા મેજિસ્ટ્રેટ કે બી ઝવેરીએ લૂંટના ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓ વિરુદ્ધ પાસા વોરંટ ઇસ્યુ કર્યું હતું. જેમાં સિકંદરભાઈ ઇકબાલભાઈ કટિયા (ઉં.વ. ૧૯) અને સિકંદરભાઈ ઉર્ફે સિકલો મુસ્તાકભાઈ હૈદરભાઈ કાજેડીયા (ઉં.વ. ૧૯)ની તાલુકા પોલીસે અટકાયત કરી હતી. તેમાંથી સિકંદરભાઈ ઇકબાલભાઈ કટિયાને લાજપોર, સુરત મધ્યસ્થ જેલ જ્યારે સિકંદરભાઈ ઉર્ફે સિકલો મુસ્તાકભાઈ હૈદરભાઈ કાજેડીયાને વડોદરા મધ્યસ્થ જેલ હવાલે કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ગોંડલ વીએચપીના પ્રમુખ પીયૂષ રાદડીયાનું રાજીનામું, જયરાજસિંહ જાડેજા પર ગંભીર આરોપ કર્યા હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગોંડલ શહેર વિશ્વ હિન્દુ પરિષદ (વીએચપી)ના પ્રમુખ પીયૂષ લાલજીભાઈ રાદડીયાએ તેમના હોદ્દા પરથી રાજીનામું આપ્યું હતું. વીએચપીના જિલ્લા અધ્યક્ષ કનુભાઈ કાલુને તેમનું સ્વૈચ્છિક રાજીનામું સુપરત કર્યું હતું. આ રાજીનામું પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના માનસિક અને રાજકીય દબાણને કારણે આપવું પડ્યું હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતા. આ રાજીનામાએ ગોંડલની સામાજિક અને રાજકીય ગતિવિધિઓમાં નવો વિવાદ જન્માવ્યો છે, જે વીએચપી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) અને બજરંગ દળ જેવી સંસ્થાઓની સ્વાયત્તતા પર પણ સવાલો ઉભા કરે છે.

પીયૂષ રાદડીયાએ તેમના રાજીનામા પત્રમાં જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા છ મહિનાથી ગોંડલ શહેર વીએચપીના પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા હતા અને સનાતન ધર્મ અને સમાજસેવા માટે પ્રતિબદ્ધ હતા. જોકે, તેમની નિમણૂકથી જ પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાએ તેમની સામે રાજકીય અને વ્યક્તિગત દબાણ શરૂ કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, હનુમાન જયંતીની શોભાયાત્રામાં જયરાજસિંહે પીયૂષ રાદડીયાની હાજરીનો વિરોધ કરીને શરત મૂકી હતી કે જો રાદડીયા હાજર રહેશે તો તેમના પરિવારનો કોઈ સભ્ય શોભાયાત્રામાં ભાગ નહીં લે. ત્યાર બાદ જયરાજસિંહે વીએચપી અને બજરંગ દળના હોદ્દેદારો અને કાર્યકરો પર દબાણ લાવીને રાદડીયાને હોદ્દા પરથી હટાવવાનું કાવતરું રચ્યું હતું.

# રાજકોટમાં લુખ્ખા તત્ત્વોનો આતંક, નજીવી બાબતે પેટ્રોલ પંપનાં સ્ટાફ પર છરી વડે હુમલો

અમદાવાદઃ રાજકોટમાં પણ ગુનાખોરી ચિંતાજનક રીતે વધી રહી છે. શહેરમાં અસામાજિક તત્ત્વોને જાણે પોલીસનો કોઈ ભય ન હોય તેમ બેફામ બન્યા છે. કોઠારિયા ગામ પાસે આવેલા ધનલક્ષ્મી પેટ્રોલ પંપ પર સિગારેટ પીવાની ના પાડતા કેટલાક લોકો દ્વારા પેટ્રોલ પંપનાં સ્ટાફ સાથે માથાકૂટ કરવામાં આવી હતી. દરમિયાન, એક શખ્સે છરી વડે હુમલો કરતા પેટ્રોલ પંપના સ્ટાફની એક વ્યક્તિને ઇજા પહોંચી હતી. આ ઘટનાનાં સીસીટીવી ફૂટેજ પણ બહાર આવ્યા છે. ઇજાગ્રસ્ત શખ્સને સારવાર અર્થે તાત્કાલિક નજીકની હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ મામલે આજીડેમ પોલીસ મથકમાં અમનભાઈ ફિરોજભાઈ પઢીયાર નામનાં શખ્સે બે લોકો સામે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે પેટ્રોલ પંપનાં કેમેરામાં સીસીટીવીના આધારે આરોપીની ઓળખ કરી શોધખોળ શરૂ કરી છે.



સૌરાષ્ટ્રના સૌથી મોટો જન્માષ્ટમી મેળો રાજકોટમાં ૧૪થી ૧૮ ઓગસ્ટ સુધી લોકમેળો યોજાશે. આ દરમિયાન એસઓપીના કડક અમલ વચ્ચે રાઈડ્સ માટે મંજૂરી લીધા વગર સંચાલકોએ રાઈડ્સ લગાવવાની શરૂઆત કરી દીધી છે. (તસવીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# જૂનાગઢમાં નશામાં ધૂત કારચાલકે અનેક વાહન-લોકોને અડફેટે લીધા, પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી ઝડપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીનામાં અનેક વાહન અને લોકોને અડફેટે લેનારા બેફામ કારચાલકને પોલીસે ઝડપી પાડ્યો હતો. અકસ્માત સમયે કારચાલક ચિક્કાર નશામાં હોવાનો આરોપ છે. અકસ્માત સર્જ્યા બાદ પોલીસને જોતા જ કારચાલક ફરાર થયો હતો. જો કે, ૧૦ કિમી સુધી ફિલ્મ સ્ટાઇલમાં પીછો કરી પોલીસે કારચાલક સહિત અન્ય બે લોકોની ધરપકડ કરી હતી. પોલીસ સ્ટેશનની બહાર લોકોની ભીડ ભેગી થતાં પોલીસે આરોપીઓ પાસે જાહેરમાં માફી માગવી હતી. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ જૂનાગઢ માળીયા હાટીનાના પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક બેફામ આવતી કારે અનેક વાહન અને લોકોને અડફેટે લીધા હતા. આ ઘટનામાં અનેક લોકો ઇજાગ્રસ્ત થયા હતા અને વાહનોને નુકસાન પહોંચ્યું હતું. આ અંગે જાણ થતાં પીઆઈ સહિતનો પોલીસ સ્ટાફ ત્યાં પહોંચ્યો હતો અને પોલીસે કારચાલક સહિત બે અન્ય લોકોને ઝડપી પાડ્યા હતા.

ઘટના બાદ માળીયા હાટીના પોલીસ સ્ટેશન બહાર મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા. લોકોએ આરોપીઓને કડક સજા કરવા માગ ઉચ્ચારી હતી. લોકોનો રોષ જોઈ પોલીસે આરોપીઓ પાસે જાહેરમાં માફી મગાવી હતી.

# રાજકોટમાં લોકમેળાની તડામાર તૈયારીઃ આ વર્ષે પણ વરસાદ મેળાની મજા બગાડે તેવી શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના રેસકોર્સ મેદાનમાં આગામી તારીખ ૧૪ થી ૧૮ ઓગસ્ટ દરમિયાન જન્માષ્ટમીનો લોકમેળો યોજાવાનો છે. જેનું નામ શૌર્યનો સિંદૂર લોકમેળો આપવામાં આવ્યું છે. જેમાં સૌરાષ્ટ્રમાંથી અંદાજે ૧૫ લાખથી વધુની જનમેદની મેળો માણવા માટે ઊમટી પડશે ત્યારે તેને લઈને રેસકોર્સ મેદાનમાં ફજત - ફાળકા સજ્જ થઈ ચૂક્યા છે. રાજકોટવાસીઓમાં ગજબનો ઉત્સાહ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગતવર્ષની જેમ આ વર્ષે પણ મેઘરાજા મેળાની મોજ બગાડે તેવી શક્યતા છે. ગત વર્ષે પણ મેઘરાજાની ધમાકેદાર બેટિંગના કારણે પાંચ દિવસનો જન્માષ્ટમીનો મેળો વરસાદમાં ધોવાઈ ગયો હતો. જેથી બાદમાં વહીવટીતંત્ર દ્વારા સ્ટોલ અને પ્લોટના લીધેલા તમામ નાણાં વેપારીઓને પરત આપી દીધા હતા.

રેસકોર્સ મેદાનમાં ૨૩૪ સ્ટોલ અને પ્લોટમાંથી ૨૪ સ્ટોલ ખાલી રહ્યા છે. જોકે તે પણ મેળો શરૂ થયા પહેલા અપાય જશે તેવુ કલેકટર ડો. ઓમ પ્રકાશે જણાવ્યું હતું. લોકમેળામાં એઆઈ અને ડ્રોનની મદદથી ભીડનું નિયંત્રણ કરવામાં આવશે. આ સાથે જ ઈમરજન્સી માટે ડેડીકેટેડ રોડ, ૫ વોચ ટાવર પરથી એનડીઆરએફ અને એસડીઆરએફ સહિતની ટીમ ખડેપગે રહેશે. જ્યારે આ મેળામાં અઘોરી ગ્રૂપ સહિતના આકર્ષણ જોવા મળશે તો સૌરાષ્ટ્રના નામાંકિત ૫૦થી વધુ કલાકારોને પોતાની કલા પ્રદર્શિત કરવા માટે સ્ટેજ અપાશે. આ ઉપરાંત હાલ રેસકોર્સ મેદાનમાં હજુ યાંત્રિક રાઈડ ઊભી કરવાનું શરૂ કરવામાં નથી આવ્યું ત્યારે તેઓ ઝડપથી રાઈડ ઊભી કરી સોઈલ ટેસ્ટ સહિતની પ્રક્રિયા પૂર્ણ કરે તેવું કલેક્ટરે જણાવ્યું હતું.

# ગ્રામ્ય પોલીસિંગને મજબૂત કરવા ગુજરાત પોલીસની પહેલ હેઠળ ધ્રોલમાં 'પોલીસ-સરપંચ પરિસંવાદ' યોજાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગ્રામ્ય પોલીસિંગને મજબૂત કરવા માટે ગુજરાત રાજ્યમાં ગ્રામ્ય પોલીસિંગને વધુ અસરકારક અને મજબૂત બનાવવા માટે ગુજરાત પોલીસે એક મહત્વપૂર્ણ પહેલ શરૂ કરવાની જાહેરાત કરી હતી. જે અંતર્ગત ૧૦ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ રાજ્યના દરેક પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જને પોતાના વિસ્તારમાં આવતા તમામ ગામના સરપંચો સાથે પરિસંવાદ યોજવા માટે સૂચના આપવામાં આવી હતી. તેના ભાગરૂપે ધ્રોલ પોલીસ સ્ટેશન ખાતે એક અનોખો 'પોલીસ-સરપંચ પરિસંવાદ' યોજાયો હતો.

મળતી વિગતો અનુસાર, સવારે ૧૧:૩૦ કલાકે શરૂ થયેલા આ સંવાદ કાર્યક્રમમાં પી.આઈ. રાઠોડે ઉપસ્થિત તમામ સરપંચો સાથે સીધો સંવાદ કરીને ગામડાઓમાં ઉદ્ભવતા નાના-મોટા પ્રશ્નો, સુરક્ષા સંબંધિત પડકારો અને સ્થાનિક સમસ્યાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સરપંચ એ ગામના પ્રથમ નાગરિક હોવાની સાથે પોલીસના સાચા અર્થમાં 'આંખ અને કાન' છે. જો પોલીસ અને સરપંચ વચ્ચે સુમેળભર્યો અને મજબૂત સંવાદ હોય, તો અનેક ગુના બનતા અટકાવી શકાય છે અને સામાજિક તકરારોનું સમયસર નિવારણ લાવી શકાય છે.

આ 'ઓપન સંવાદ'નો મુખ્ય ઉદ્દેશ્ય પોલીસ અને સામાન્ય જનતા વચ્ચેના અંતરને ઘટાડવાનો હતો. પી.આઈ. રાઠોડે વધુમાં ઉમેર્યું હતું કે આ પ્રકારના સંવાદથી પોલીસને સ્થાનિક સ્તરની ગુપ્ત માહિતી મેળવવામાં, ગામમાં શાંતિપૂર્ણ વાતાવરણ જાળવવામાં અને ગુનાખોરી નિયંત્રણમાં ઘણી મદદ મળે છે. આ બેઠકમાં સરપંચોએ પણ પોતાના ગામની સમસ્યાઓ અને જરૂરી સૂચનો રજૂ કર્યા હતાં, જેને પોલીસે ગંભીરતાપૂર્વક નોંધી તેના નિરાકરણ માટે સકારાત્મક ખાતરી આપી હતી.

# વિદ્યાર્થી સંગઠનના ઉગ્ર આંદોલન બાદ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પીએચડી પ્રવેશ પરીક્ષા યોજવા તૈયાર

અમદાવાદઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા છેલ્લા બે વર્ષથી પીએચડીની પ્રવેશ પરીક્ષા ન લેવાતા એનએસયુઆઈના કાર્યકરોએ ઉગ્ર આંદોલન કર્યું હતું. એનએસયુઆઈના કાર્યકરો દ્વારા કુલપતિ ડો. ઉત્પલ જોષીના એક કાર્યક્રમમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ આંદોલન બાદ યુનિવર્સિટી સત્તાધીશોએ પીએચડી પ્રવેશ પરીક્ષા યોજવાની જાહેરાત કરી હતી.

યુનિવર્સિટીએ ૨૨ વિષયોમાં કુલ ૧૦૫ બેઠકો માટે પ્રવેશપ્રક્રિયા શરૂ કરી છે. વિદ્યાર્થીઓ ૧૧ થી ૨૨ ઓગસ્ટ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકશે. જે વિષયોમાં નેટ-જીસેટ પાસ થયેલા વિદ્યાર્થીઓ ઉપલબ્ધ નથી, તે વિષયોમાં પ્રવેશ પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષાની તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

એનએસયુઆઈએ અગાઉ આરોપ લગાવ્યો હતો કે યુનિવર્સિટી ખોટી રીતે યુજીસીની ગાઈડલાઈન્સનું બહાનું આપીને પરીક્ષા રદ કરી રહી છે, જ્યારે ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓમાં પરીક્ષા લેવામાં આવી રહી છે. આંદોલન બાદ કુલપતિએ વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેતા એનએસયુઆઈએ વિરોધ પાછો ખેંચ્યો હતો.

# વેરાવળ કોર્ટમાં આત્મહત્યાનો પ્રયાસ કરનાર એનડીપીએસ કેસના આરોપીનું સારવાર દરમિયાન મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વેરાવળ કોર્ટમાં આપઘાતનો પ્રયાસ કરનાર આરોપીનું રાજકોટમાં સારવાર દરમિયાન આરોપીનું મોત થયું હતું. એનડીપીએસ કેસના આરોપી અસફાક પંજાએ પેટ્રોલ છાંટીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આરોપીએ આત્મવિલોપન કરવા મજબૂર કર્યા હોવા અંગેનો વીડિયો પણ શેર કરીને મૌલાના અને પોલીસ અધિકારીઓ સામે આક્ષેપ લગાવ્યા હતા.

મળતી વિગતો અનુસાર વેરાવળ કોર્ટમાં આત્મવિલોપન પ્રયાસ કરનાર એનડીપીએસ કેસના આરોપી અસફાક પંજાનું સારવાર દરમિયાન મોત થયું હતું. ૨૦ દિવસ પૂર્વે અસફાક ગફારભાઈ પંજાએ (ઉં.વ.૩૨) વેરાવળ કોર્ટના દરવાજે પેટ્રોલ છાંટી આત્મવિલોપન કર્યું હતું. આ ઘટના પહેલા અસફાક પંજાએ સોશ્યલ મીડિયા પર એક વીડિયો શેર કરીને ફારૂક મૌલાના અને પોલીસ અધિકારીઓને કારણે આત્મવિલોપન કરવા મજબૂર થયો હોવાનો આરોપ મૂક્યો હતો. આ ઘટનામાં ગંભીર રીતે દાઝી ગયેલ આરોપીનું ૨૦ દિવસ બાદ રાજકોટમાં સારવાર દરમિયાન મોત થયું હતું.

# લીંબડી-અમદાવાદ હાઈવે પર ટ્રકનું ટાયર ફાટતા અકસ્માત, બેને ઈજા

અમદાવાદઃ લીંબડી-અમદાવાદ હાઇવે પર રામ ભરોસે હોટલ નજીક એક ટ્રકનું ટાયર ફાટતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. ટાયર ફાટતા ટ્રક રોડ પરથી નીચે ઊતરીને પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં બે વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ વાન મારફતે સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

મળતી વિગતો અનુસાર આ અકસ્માતમાં ટ્રકમાં સવાર બે વ્યક્તિઓને નાની-મોટી ઇજાઓ પહોંચી હતી, જેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સદભાગ્યે કોઈ જાનહાનિ થઈ નથી. ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ટ્રાફિક ક્લિયર કરાવીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# દેશને ત્રણ નવી વંદે ભારત, બેંગલુરુને નવી મેટ્રો લાઇનની સોગાદ

બેંગલુરુઃ વડા પ્રધાન મોદી આજે બેંગલુરુની મુલાકાતે છે. તેમણે બેંગલુરુથી દેશને ત્રણ નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની ભેટ આપી છે, આ ઉપરાંત તેમણે બેંગલુરુ મેટ્રોની યેલો લાઈનનું પણ લોકાર્પણ કર્યું. વડાપ્રધાને બેંગલુરુના KSR રેલવે સ્ટેશનથી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી બતાવી અને આરવી રોડ (રાગીગુડ્ડા) થી મેટ્રોની યેલો લાઈનું ઉદ્ઘાટન કર્યું. આ સાથે વડા પ્રધાન મોદીએ મેટ્રો પ્રોજેક્ટના ફેઝ-૩નો પણ શિલાન્યાસ કર્યો.

# સુરતમાં જ્વેલર્સને નકલી ચેઈન પધરાવવા આવેલા જૂનાગઢ-ધોરાજીના ચાર શખસની ધરપકડ

અમદાવાદઃ સુરતના કતારગામ વિસ્તારમાં એક જ્વેલરી શો-રૂમમાં નકલી સોનાની ચેઈન વેચવા આવેલા ધોરાજીના બે યુવકની પૂછપરછમાં નકલી હોલમાર્કવાળી ચેઈન બનાવતી મોટી ટોળકીનો પર્દાફાશ થયો હતો. પોલીસે ધોરાજી અને જૂનાગઢથી ચાર સોનીની ધરપકડ કરી હતી અને તેમની પાસેથી હોલમાર્ક મશીન પણ જપ્ત કર્યું હતું. મળતી વિગતો અનુસાર સુરતના રાજ જ્વેલર્સમાં ધોરાજીના અફાન જાનુહસન અને પ્રિયંક ગોધાસરા નામનાં બે યુવકો ૯૧૬ હોલમાર્કવાળી એક સોનાની ચેઈન વેચવા આવ્યા હતા. જ્વેલર્સને શંકા જતાં તેમણે ચેઈનનું પૃથ્થકરણ કરાવ્યું હતું , જેમાં તે તાંબાની હોવાનું બહાર આવ્યું હતું. આથી જ્વેલર્સે પોલીસને જાણ કરી, અને બંને યુવકને ઝડપી લેવામાં આવ્યા હતું. પોલીસની પૂછપરછમાં યુવકોએ જણાવ્યું કે ધોરાજીના કિશન ધોળકિયા, જૂનાગઢના મોફીઝ શેખ, કિરણ હસલે અને આનંદ વડનગરા નકલી ચેઈન બનાવતા હતા. આ ટોળકી સોના અને તાંબાને મિશ્રિત કરી ચેઈન બનાવતી હતી અને તેના પર ૭૦૦ રૂપિયાના દરે નકલી હોલમાર્ક લગાવતી હતી. પોલીસે આ ચારેય આરોપીઓની ધરપકડ કરી છે. આ ટોળકીએ અત્યાર સુધીમાં છ નકલી ચેઈન બનાવી હોવાનું કબૂલ્યું હતું.

# મોરબી નજીક ડમ્પરની ટક્કરે બાઈક સવાર મોટા ભાઈનું મોત, નાનો ભાઈ ઈજાગ્રસ્ત

અમદાવાદઃ મોરબી-માળિયા હાઈવે પર નવા સાદુળકા ગામ પાસે ડમ્પર ટ્રકની ટક્કરથી બાઈક સવાર બે ભાઈઓમાંથી એકનું કરુણ મોત થયું હતું, જ્યારે બીજો ભાઈ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો.

મળતી વિગતો મુજબ, દાદાશ્રીનગર ગામના રહેવાસી નીલેશભાઈ રમેશભાઈ બગથરીયા (ઉ.વ. ૨૯) અને તેમના નાના ભાઈ ચિરાગભાઈ બાઈક પર જઈ રહ્યા હતા. ત્યારે પાછળથી પૂરઝડપે આવેલા ડમ્પર ટ્રકે તેમને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં નીલેશભાઈને ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે ચિરાગભાઈને ઈજાઓ પહોંચી હતી. આ ઘટના અંગે ચિરાગભાઈએ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ડમ્પર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.